આ ગ્રંથકારનાં બીજાં પુસ્તકો

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] } [illegible]

[illegible]

[illegible]

[illegible] : ૧–૨ [illegible]

[illegible] : ભાગ ૧ ..

ગુજરાતનો નાથ : આલોચના અને ટીકા ..

ગુજરાતી સાહિત્યના [illegible] : ભાગ ૧ [illegible]

નવલિકાપુષ્પો : બીજી માળા

તૈયાર થતાં

ગુજરાતી સાહિત્યના [illegible] : ભાગ ૨ થી ૫

સાહિત્યમંજૂષા ભા. ૧ થી ૩ (શ્રી. ભાનુશંકર વ્યાસ સાથે)

લેખનકળા, નિબંધ અને નિબંધિકાઓ

સાહિત્યવિહાર (વિવેચન) ભાગ ૧–૨

રસવિહાર (કાવ્યસંગ્રહ)

સ્નેહી સંસાર અને બીજી વાતો (નવલિકાસંગ્રહ)

ગુજરાતી શબ્દસિદ્ધિ

માનવજીવનવિકાસનો વર્ણાનુક્રમ

પ્રકાશક : પરમાણંદદાસ પીતાંબરદાસ
માલિક : ધી જનરલ બુક ડીપો, ૧૧૮, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ,
મુદ્રક : જાદવજી પીતાંબર ઠક્કર
આનંદ પ્રીન્ટીંગ વર્કસ, દેવકરણ મેન્શન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ,

અનુક્રમણિકા



	નવલિકા	લેખક	પૃષ્ઠ
૧	શાન્તિદાસ	અંબાલાલ દેસાઈ	૧
૨	મુકુલ	બળવન્તરાય ઠાકોર	૧૨
૩	ચાકવાનું જોડું	નરસિંહભાઈ પટેલ	૨૩
૪	હું કેમ પરણ્યો ?	મનુભાઈ કાંટાવાળા	૩૦
૫	શકુન્તલા અને દુર્વાસા	કનૈયાલાલ મુનશી	૪૩
૬	પ્રેમી	રામનારાયણ પાઠક	૫૩
૭	હંસાવતી	શંકરપ્રસાદ રાવળ	૬૬
૮	બીજવર	ધનસુખલાલ મહેતા	૭૬
૯	જુમો ભિસ્તી	ગૌરીશંકર જોષી (ધૂમકેતુ)	૮૨
૧૦	ભોળો શિકાર	વિનોદિની નીલકંઠ	૮૮
૧૧	લાલીને લલાટે	માધવભાઈ પટેલ	૯૮
૧૨	છેલ્લું ગીત	વસંત ઉપાધ્યાય	૧૦૭
૧૩	દેવદત્ત	અશેષ	૧૧૪
૧૪	સાંપાવાળો	જયચંદ શેઠ	૧૨૧

શાળોપયોગી પાઠ્ય પુસ્તકો

આપણું ગુજરાત	ગુજરાતી ધો. ૪ થા માટે	૦-૪-૦
સૃષ્ટિવિજ્ઞાન ભા-૧	અંગ્રેજી ધો. ૧ લા માટે	૦-૮-૦
સૃષ્ટિવિજ્ઞાન ભા-૨	,, ધો. ૨ જા માટે	૦-૯-૦
સૃષ્ટિવિજ્ઞાન ભા-૩	,, ધો. ૩ જા માટે	૦-૧૦-૦
સરળ આરોગ્યવિજ્ઞાન	,, ધો. ૪ થા માટે	૦-૧૦-૦
પદાર્થવિજ્ઞાન અને રસાયણ	ધો. ૫-૬ અને ૭ માટે	૨-૪-૦
સાહિત્ય કલ્લોલ ભા-૧	અંગ્રેજી ધો. ૧ લા માટે	૦-૭-૦
,, ,, ભા-૨	,, ,, ૨ જા માટે	૦-૯-૦
,, ,, ભા-૩	,, ,, ૩ જા માટે	૦-૧૦-૦
નવલિકાપુષ્પો પ્રથમ માળા		૦-૧૨-૦
નવલિકાપુષ્પો બીજી માળા		૦-૧૨-૦

ધી જનરલ બુક ડીપો

પબ્લિશર્સ

૧૧૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ, ૨

પ્રસ્તાવના

૧

માતૃભાષાનું ગૌરવ: શિક્ષણના માધ્યમ તરીકે તેનો ઉપયોગ

ગુજરાતી ભાષા અને તેના સાહિત્યના સદ્ભાગ્યે તેના અંગેઅંગનો વિકાસ શક્ય થઈ રહે તે માટે આપણી મુંબાઈ યુનિવર્સિટીએ ગુજરાતી બોલનારી પ્રજાનાં પુત્રપુત્રીઓના માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણક્રમમાં માતૃભાષાનું સ્થાન દમણાંદમણાંનું આગળ પડતું અને મહત્ત્વનું ગણવાનો પ્રબંધ કર્યો છે તે આપણા જીવનવિકાસની દૃષ્ટિએ એક બહુ જ અભિનંદનીય પગલું ભરાયું છે. આપણા ગુજરાતીઓની માતૃભાષા ગુજરાતીની એ બાબત હોય કે પછી ભારતના અન્ય પ્રાંતોની માતૃભાષાની એ બાબત હોય, છતાં આપણા પ્રજાશિક્ષણમાં માતૃભાષાને જ પ્રધાન સ્થાન હોય, તે જ માતૃભાષા આપણા માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ હોય તો જ ભાષાસાહિત્યાદિ અનેક સાંસ્કારિક ને ઉપયોગી વિદ્યાકલાઓના સંગીન ને વ્યાપક શિક્ષણનો લાભ આપણી ઊછરતી પ્રજાને મળવા પામે. અંગ્રેજી ભાષાને, તેના વિપુલ સાહિત્યને અને એના અદ્ભુત વિચારધનને જરા યે તરછોડ્યા વિના કહી શકાય કે જેનું પ્રથમ જ સ્થાન યોગ્ય છે એવી માતૃભાષાની જ પ્રથમ પૂજા અને પુનઃસંસ્થાપના તરફ પગલાં ભરાવતા આ પ્રબંધ માટે આપણી યુનિવર્સિટીને અને તેના જવાબદાર પ્રેરક આત્માઓને આપણે ખરેખર ધન્યવાદ આપીશું. અત્યાર સુધીમાં માતૃભાષાઓને વર્ષોભર ઉવેખીને જે શિક્ષણ આપણી પ્રજાને તેના નવીન ઘડતર માટે આપવામાં આવ્યું છે તેમાં અનેક જાતની અસંખ્ય ઊણપો રહી ગયેલી આપણને લાગે છે; એટલું જ નહીં પણ પરદેશીય ભાષા અને તેના સાહિત્યથી [illegible] વંચિત રહેતા [illegible] આપણી સાધનહીન ને નિર્ધન પ્રજાને તો એથી

બેશુમાર નુકશાન થયું છે અને પ્રજાની કિંમતી જીવનયાત્રાનાં સુવર્ણમય વર્ષો આપી શકે તે જીવનવિકાસ ને હૃદયવિકાસ ઉત્તરોત્તર કુંઠિત થયો છે એ સત્ય આપણી શિક્ષણસંસ્થાઓના સંચાલકોનાં હૃદયો હવે જાણી શક્યાં છે એ જેવાતેવા આનંદની વાત નથી. હવેથી આ શિક્ષણસંસ્થાઓ માતૃભાષાના આ માધ્યમનો લાભ તેમના વિદ્યાર્થીઓને તે તરફ આકર્ષી જેટલા મોટા પ્રમાણમાં આપવા ઉદાર થશે તેટલા જ પ્રમાણમાં તેમને શિખવવાના મોટી સંખ્યાના થઇ પડેલા વિષયો હોવા છતાં તેનું સંગીન ને તલસ્પર્શી જ્ઞાન તેઓ તેમને સીધી અને સરલ રીતે જરૂર આપી શકશે. મુંબાઇ જેવા સર્વસંગ્રાહક શહેરની માધ્યમિક શાળાઓ માતૃભાષાના આ લાભનો પૂરેપૂરો લાભ તેના પચરંગી વિદ્યાર્થીઓને લઇને કદાચ હમણાં ઓછો લે પણ ગુજરાત–તળ ગુજરાત, કચ્છ, કાઠિયાવાડાદિ તેના વિભાગો–તો તેના વિદ્યાર્થીઓને માતૃભાષાદ્વારા જ તેમને શિખવવાના પ્રત્યેક વિષયને જલદી ને સંગીનતાથી હવે શીખવી શકશે; એટલું જ નહીં પણ માતૃભાષાના માધ્યમથી સરલ થઇ પડેલા વિષયો શીખી લેતાં વિદ્યાર્થીઓ પણ ઘણોએક વખત ફાજલ પાડી શકશે અને તેથી તેમનું અંગ્રેજી ભાષા અને તેના સાહિત્યનું જ્ઞાન પણ તેઓ સારી રીતે ઊંડું અને સંગીન કરી શકશે. અંગ્રેજીના શિક્ષકો અને અધ્યાપકોને હવે કહેવતરૂપ થઇ પડેલી અંગ્રેજીની ભયંકર કચાશ માટે પરીક્ષ્ય વિદ્યાર્થીગણોની જથ્થાબંધ કતલ કરવાનું કે તેમના કમનસીબ અંગ્રેજી સામે ફરિયાદો કરવાનું ઝાઝો વખત નહીં રહે. સ્થાનભ્રષ્ટ થયેલી માતૃભાષા પોતાને સ્થાને જ પ્રતિષ્ઠિત થતાં તે અને તેનું સાહિત્ય ઘણીઘણી રીતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વહારે ધાશે ને તેમ થતાં તે પોતાનાં વિપુલતા, વિકાસ અને ગૌરવને પણ વધારશે જ.

શિક્ષણના વાહન તરીકે માતૃભાષાને પ્રધાનતાએ અવગણવાથી પ્રજાજીવનને નુકશાન થયું છે તેમ જ માતૃભાષાને અને તેના સાહિત્યને પણ ઓછું થયું નથી. એમના વિકાસ ઘણી રીતે અટક્યા છે; શિક્ષકગણ ને વિદ્યાર્થીગણ બન્ને માતૃભાષાના સ્વાભાવિક અભિમાન ને સાહિત્યના

જ્ઞાનથી વિહીન થયા છે અને તે એટલે સુધી કે પરદેશીય ભાષા કે તેના સાહિત્યસંસ્કારો પ્રત્યે હદથી જ્યારે મોહમુગ્ધ બની તેમને શિખવામાં, લખવામાં ને તેમના ઉપર પ્રભુતા મેળવવામાં સમજ્યેઅણસમજ્યે જે દીર્ઘકાળ, ઉત્સાહ ને ધગશ સમર્પતા તેઓ આવ્યા છે તે કરતાં બહુ જ અલ્પ પ્રમાણમાં તે માતૃભાષા માટે સમર્પતા આવ્યા છે. પરિણામ એ થયું કે થોડાક અપવાદો સિવાય માતૃભાષા કે તેના સાહિત્ય માટે માનવૃત્તિ ને પ્રેમ નષ્ટ થયાં. હજી યે મૅટ્રિક્યુલેશન જેવી પરીક્ષામાં આશરે વીસ ટકા જેટલા વિદ્યાર્થીઓ ગુજરાતીના વિષયમાં પણ નિષ્ફળતા પ્રાપ્ત કરે છે અને જેઓ સફળતા પામે છે તેઓ પણ સારાં કે સંતોષપ્રદ પરિણામ નથી જ બતાવી શકતા. ઉચ્ચ પરીક્ષાઓમાં પણ આ જ સ્થિતિ પ્રવર્તે છે. આ દુર્ભાગ્યને દૂર કરવા માતૃભાષા માટે પ્રાપ્ત થયેલા આ ઉત્તેજનનો લાભ તેને વધુ પ્રિય કરી વિદ્યાર્થીઓને આપવો જોઈએ ને તેમના શિક્ષણને પરદેશીય ભાષાના અસાધ્ય ને અસ્વાભાવિક માધ્યમથી દુર્લભ થતું અટકાવીને સુલભ કરવું જોઈએ.

૨

ત્વરિત વાચનમાળા તરીકે નવલિકાઓની યોગ્યતા

ગુજરાતી ભાષા અને સાહિત્યે તેની વિકટ પરિસ્થિતિઓમાં પણ આજ સુધીમાં સારો એવો વિકાસ પ્રાપ્ત કર્યો છે. પણ જ્યારે તેનો આપણા શિક્ષણમાં અને માધ્યમ તરીકે બહોળો ઉપયોગ હવે થશે ત્યારે વધુ સત્ત્વભર્યો એનો વિકાસ થશે એ તો ચોક્કસ છે. ગુજરાતી સાહિત્યના હાલના વિકાસક્રમમાં તેના અંગેઅંગને પોષણ મળી છે તેથી તેના પાઠ્ય પુસ્તકોના તેમ જ ત્વરિત વાચન તરીકેના તેના આદર્શોમાં પણ સાહિત્યનાં નવાંનવાં અંગોના પ્રયોગો દૃષ્ટિગોચર થતા ગયા છે ને તેમાં વિવિધતા પણ આવવા માંડી છે. આ પણ એવો એક નમ્ર પ્રયાસ છે.

ત્વરિત વાચનમાળા તરીકે નવલિકાઓની યોગ્યતાનો સારો પ્રશ્ન લીધો છે. આપણા જીવન અને જીવનપ્રસંગોનું વસ્તુ લઈ, તેના સ્વરૂપને સૌમ્ય રીતે ઘડી, તેને કલા સાથે ····· કરી, તેને આકર્ષ

અને લોકરૂચિના વૈચિત્ર્યનું રસકેન્દ્ર બનાવીને આપણા નવલિકાકારોએ તેમની નવલિકાઓને આલેખી છે અને આપણા સાહિત્યના એક વિશિષ્ટ પ્રકાર તરીકે તેમને આજકાલ ખીલવી છે તે જોતાં ત્વરિત વાચનમાળા તરીકે તેમની યોગ્યતા કોઇ રીતે ઓછી કહેવાય નહીં. ગોવર્ધનરામ, કનૈયાલાલ મુનશી વગેરે જે સત્ત્વશાલી નવલકથાકારોએ આપણા નવલકથાસાહિત્યને સુન્દર ને સઘન બનાવ્યું છે એથી તેમની નવલકથાઓના રસિક સંક્ષેપ કે સાર આપણને મળી ગયા હોત તો આપણા વિદ્યાર્થીઓની સેવામાં આપણે તેને ત્વરિત વાચન તરીકે બેધડક મૂકી શકત. પણ આવા સાર હાલ તુરત અસ્તિત્વમાં આવે એમ લાગતું નહીં હોવાથી નવલિકાના આપણા આ વિશિષ્ટ પ્રકારની યોગ્યતાને જ આપણે સ્થાપવી જોઇએ; કારણ કે તેમાં બહુ જ ટૂંકામાં વિશાળ ને વ્યાપક જીવન અને તેના વિવિધ અને નવાનવા પ્રસંગો સીધી ને સચોટ રીતે ચિતરેલાં હોય છે. ભાષાને સચોટતાથી શીખવાનું એ એક અમોઘ સાધન છે.

૩

લોકવાર્તાઓ અને નવલિકાઓ

"પૃથ્વી ઉપર વસતા ને વિસ્તરતા લોકજીવનના વિકાસની સાથેસાથે આપણી લોકવાર્તાનું વ્યાપક થતું સાહિત્ય ખીલવા લાગ્યું હતું. પ્રત્યેક નાનામોટા મનુષ્યને, પ્રત્યેક દેશમાં અને પ્રત્યેક કાલે, વાર્તા કહેવાનો કહેવરાવવાનો, સાંભળવાનો ને સંભળાવવાનો શોખ હતો. પ્રત્યેક પ્રજાએ, પ્રત્યેક દેશે, પ્રત્યેક ભાષાએ વાર્તા પ્રત્યેનો આ સ્વાભાવિક શોખ કેળવીને ખીલવ્યો છે. વાર્તાએ માનવને આનંદ આપ્યો છે, ભૂતવર્તમાનને સજીવન અને રસિક કર્યા છે, કલ્પનાને જન્માવી છે અને રસવૃત્તિને ઉત્પન્ન કરીને પોષી છે. વાર્તામાં અણગણ કલાઓનું સુભગ સંમેલન હોય છે. એમાં રસરસના ભંડાર ભરેલા હોય છે. ધર્મઇતિહાસપુરાણના ઉપદેશ જ્યાં પોતાની આજ્ઞાથી, જૂનાપુરાણા ડહાપણથી કે શિખામણની લાંબીચોડી ધાતોથી મનુષ્યજીવનને સંસ્કારી કરવામાં નિષ્ફળ નીવડે છે ત્યાં કલામય ટૂંકી વાર્તા મનુષ્યસ્વભાવ અને માનવજીવનનો તાદૃશ અને

યથાર્થ કલ્પનાશ્રય કરીને તેને રસપૂર્ણ કરી ઉન્નત કરે છે ને અંગરાગી બનાવે છે. એમાં વિનોદ પણ હોય છતાં માત્ર વિનોદ જ હોતો નથી. લોકશિક્ષણનું એ પુરાણપ્રસિદ્ધ સાધનમાં સબળ સાધન છે. ધર્મને જીવંત રાખવાના પ્રયાસ કરતા ધર્માચાર્યોએ, જગતમાં પ્રવાસ ખેડતા પ્રવાસીઓએ, ગૃહસંસારનાં શિશુનાં આચારસ્થાન બાળકો ઉછેરનાર માતપિતાએ, બહેનોએ ભાઈઓને, ભાઈઓએ બહેનોને ને ગુરુઓએ શિષ્યોને સૌએ રસિક કથા કહીકહીને જ ગર્ભશિક્ષણ, ગૃહશિક્ષણ, શાળાશિક્ષણ, સંસારશિક્ષણ, ધર્મનીતિ-શિક્ષણ, પ્રેમશિક્ષણ અને જીવનશિક્ષણ આપ્યા કર્યું છે અને તેને સતત ચાલુ રાખ્યું છે. વેદના ઋષિઓએ, ભગવાન ગૌતમ બુદ્ધે કે મહાવીર સ્વામીએ, ઈસુએ કે તેના શિષ્યગણે, શાસ્ત્રીઓએ અને પુરાણીઓએ, ભામિનીઓએ અને માણભટ્ટોએ રસિક વાર્તાસંવાદદ્વારા જ પોતપોતાના જીવનસંદેશ સંભળાવ્યા છે, અને વાર્તાના પોતાના સ્વાભાવિક રસને લોકસમુદાયે તે સાંભળવા ને વાંચવા યોગ્ય માન્યો છે. વાર્તાનું સાહિત્ય આમ યુગયુગે ઉત્તરોત્તર વિકાસક્રમે ખીલતું આવ્યું છે અને હજી એમ ખીલતું જ જાય છે.

ઉત્તરોત્તર ખીલતી આ લોકવાર્તા આમ એના જન્મ, વસ્તુ-સંકલના, રૂપગુણ અને જીવનવિકાસમાં દિવ્ય જ્યોતિઓનો, દેવ અને માનવ વચ્ચેના સેતુરૂપ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થોનો આશ્રય કરે છે ને શુધ્ધ પ્રેમને પોતાનો પ્રિય વિષય બનાવીને માનવજાતિથી ઘડાતા સમાજના જીવનમાં અને તેના પ્રસંગોમાં અંગેઅંગે અને આત્માઆત્માએ પ્રવેશ કરે છે. એ દિવ્ય કુમારી પોતાનું નિર્દોષ જીવન વિકસાવી કાળક્રમે યુવતી બને છે. પ્રેમના અભિલાષ અને આદર્શ ભાવતી એ પછી નવોઢા બને છે અને ઉદ્યોતન કહે છે તે પ્રમાણે એ નવોઢા, અલંકારવતી, નૂપુરના રૂમઝૂમ ઝંકાર કરતી, સૌભાગ્યના ઉન્નત ભાવથી ભરીભરી,

જરાગે ચાલતી, કોમળ, સુંદર અને અલ્પ બની પુરુષના મનને અને જીવનને અનુકૂળ બની રહે છે." *

× × × ×

આપણી ભારતીય વાર્તાઓ અનુક્રમે મહાસંસ્કૃત, સંસ્કૃત, પ્રાકૃત, દેશ્ય વગેરે ભાષાપ્રવાહો સાથે પ્રવાસ કરતીકરતી પ્રાચીન અને મધ્યકાલીન અને છેક આધુનિક ગુજરાતમાં આવી છે. પૂર્વપશ્ચિમનો સંગમ થતાં તેને પશ્ચિમની તેની બહેનોના નવીન સંસ્કારો પણ પ્રાપ્ત થયા. અને એ રીતે પોતાનું વ્યક્તિગત સ્વરૂપ ખીલવીને એણે પોતાનું સ્થાન આપણા સાહિત્યમાં નક્કી ને અમર કર્યું છે. આપણી લોકવાર્તા ને નવલિકાનો આ ટૂંકો વિકાસક્રમ છે.

અને હાલ તો આપણા ખીલતા સાહિત્યના આમ્રવૃક્ષ ઉપરનું આ નવલિકાફળ કેવું શાખ જેવું સુંદર, સરસ ને સુગંધમય થઇ રહ્યું છે? આપણા હાલના શ્રેષ્ઠ નવલિકાકાર આ વિષે શું કહે છે તે જરા જોઇએ:—

"એટલે જે ટૂંકી વાર્તા સરસ હોય—એક વખત શરૂ થયા પછી અંત સુધી તમને ખેંચી જવાની શક્તિ ધરાવતી હોય અને છતાં એ આકર્ષણ હરપળે તમને જીવનની એક અજાણી દિશા દેખાડતું હોય—જ્યાં જેટલો જોઇએ તેટલો જ સમય લેતી હોય—અને સ્પષ્ટ હોય—તે ટૂંકી વાર્તા ઉત્તમ પ્રકારની કલાકૃતિ કહેવાય.

* * *

સાહિત્યની કોઇપણ કૃતિ જીવશે કે મરશે—એનો આધાર એના બહારના આકાર ઉપર નથી. એ આકાર એના સર્જક જે અગ્નિરસ અને તેજતત્ત્વ વડે ઘડયો છે એ ઉપર બધો આધાર છે. ઘણી કૃતિઓ

---

* મારી સંશોધેલી અને સંપાદિત કવિ મધુસૂદન વ્યાસકૃત 'હંસાવતીવિક્રમચરિત્રવિવાહ'ની પ્રસ્તાવનામાંથી ઉધ્ધૃત—સંપાદક.

ઉત્પન્ન થાય એથી એનો વિનિપાત થવાનો નથી: વિનિપાત વ્યક્તિઓનો થશે. હા, એટલું ખરું, એકાદ દોઢ દસકાને માટે એની ભરતી એક વખત તો સાહિત્યનાં ઘણાં અંગોને વિકલ કરી મૂકશે. પરન્તુ છેવટે તો–સાહિત્યની સઘળી ચિરંજીવ કૃતિઓની પેઠે–એ નજર સમક્ષથી લુપ્ત થશે–અને પછી જીવશે. The story of to-day may destroy itself or be destroyed; but like the Phoenix it is eternal and will renew forever its youth."

—ગૌરીશંકર જોષી (ધૂમકેતુ): રજકણ: તેજ અને છાયા

૪

વિદ્યાર્થીવર્ગને આપણી જૂની અને નવી નવલિકાઓનો યથાર્થ ખ્યાલ આપવા સારૂ મેં આપણા આદ્ય [illegible] એક સ્વર્ગસ્થ અંબાલાલભાઈ દેસાઈથી માંડી અત્યાર સુધીના આપણા છેલ્લામાં છેલ્લા નવલિકાકારની નકલો કરી તે સાથે પ્રાચીન વાર્તાઓના નમૂના તરીકે શ્રી નરસિંહભાઈ પટેલઅનુવાદિત 'ચકચાકનું જોડું' અને મારી સારભૂત આલેખેલી 'હંસાવતી' એ બેનો સમાવેશ કર્યો છે. આમ વિવિધ નવલિકાઓનો સંચય કરીને મેં તેની આ માળા ગૂંથી છે. પુષ્પો યોગ્યતાથી ચૂંટાયાં છે કે કેમ તે બાબત મારા કરતાં આ ક્ષેત્રને વિશેષ ફલદ્રુપ કરનાર કોઈ નવલિકાકાર કે વિવેચકની રસિક વૃત્તિ ઉપર છોડવાનું હું યોગ્ય ગણું છું. મારા વિદ્યાર્થીબંધુઓ અને શિક્ષકબંધુઓ આવા પ્રકારના શિષ્ટ વાચન વડે ગુજરાતી સાહિત્યના આ અંગથી વધુ પરિચિત થઈ તેદ્વારા તેમના ભાષાજ્ઞાનને સમૃદ્ધ કરશે તો સંપાદનકાર્યના મારા આ સ્નેહશ્રમથી હું કૃતાર્થ થઈશ.

વિદ્યાર્થીવર્ગ માટે પ્રત્યેક લેખકનો ટૂંકો પરિચય ને વાર્તાનું હાર્દ મેં પ્રત્યેક વાર્તાની આગળ આપ્યાં છે. પાછળ 'પ્રકાશિની' આપી અઘરા અને અપરિચિત શબ્દોના પર્યાય પણ આપ્યા છે.

વળી જે લેખકબંધુઓએ અને બહેને મારા આ સંપાદનકાર્યમાં પોતપોતાની નવલિકાઓ પ્રસિદ્ધ કરવાની મને ઉદારભાવે તરત જ પરવાનગી

આપી છે તે માટે હું તેમનો અત્યંત ઋણી છું. તેમનાં આ બંધુ-કૃત્યની હું આભારપૂર્વક ખાસ નોંધ લઉં છું. પહેલેથી તેમ જ આખા એ કાર્યમાં પ્રેમથી સત્કાર આપનાર મારા વિદ્વાન, ઉત્સાહી ને સાહિત્ય-રસિક મિત્ર શ્રી. ભાનુશંકર વ્યાસનો ઉપકાર તો હું નહીં જ ભૂલું.

છેવટે આ માળાના પ્રકાશક—શ્રી. પરમાણંદદાસ પીતાંબરદાસ ઠક્કર માલિક, ધી જનરલ બૂક ડેપો, ગોગો—નો પણ હું આભારી છું. તેમના તાત્કાલિક ઉત્સાહને લીધે મને આ કાર્ય કરવામાં અનુકૂળતા મળી અને તેથી આ પુસ્તક વેળાસર બહાર પડી શક્યું છે.

સી. પી. ટેંક,
અનંત ટેરેસિઝ;
મુંબાઇ, નં. ૪
તા. ૧૦–૫–૧૯૩૭

શંકરપ્રસાદ છગનલાલ રાવલ

નવલિકાપુષ્પો

માળા પહેલી

અંબાલાલ દેસાઈ

[ઈ. સ. ૧૮૪૪-૧૯૧૪]

[અમદાવાદના વતની દિવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઈ બાળપણથી જ બુદ્ધિશાળી ને તેજસ્વી હતા. ૧૮૬૪મા મૅટ્રિક્યુલેશનની પરીક્ષામા એ પહેલે નંબરે આવ્યા હતા. ૧૮૬૭માં બી.એ. અને ૧૮૭૦માં પહેલે નંબરે એમ. એ. થયા હતા એ એક આદર્શ શિક્ષક હતા. એમનો સ્વભાવ શ્રમભર્યું અને બુદ્ધિભર્યું કામ કરવાને ટેવાયો હતો. શબ્દકોશ જેવું મહાભારત કામ કરવાની એમણે ૧૮૭૨મા શરૂઆત કરી હતી. એમનો પ્રિય વિષય અર્થશાસ્ત્ર હતું. ૧૮૭૫માં એમણે મિલની પોલિટિકલ ઇકોનોમીનું ગુજરાતી ભાષાન્તર કર્યું. વડોદરા રાજ્યમાં નોકરી કરી એ મુખ્ય ન્યાયાધીશની પાયરી સુધી પહોંચ્યા હતા. સ્વદેશની આર્થિક, રાજ્યપ્રકરણીય, ઔદ્યોગિક, સામાજિક અને કેળવણીવિષયક પ્રવૃત્તિમા એ ભાગ લેતા. એમનો 'નાકાબીડ' નામનો નિબંધ હજી એ વિષયમાં અજોડ રહ્યો છે. એમના લેખો, ભાષણો વગેરે સુપ્રસિદ્ધ છે.

'શાંતિદાસ' એ સ્વદેશી માલને ઊભે પરદેશી માલના ને તેના ખર્ચાળ વળગણમાં પડનાર આપણા ખર્ચાળ વિદ્યાર્થીની મનોવૃત્તિનું ચિત્ર ઊભું કરતી વાર્તા છે. વાર્તાકાર અર્થશાસ્ત્ર તરફ વાચકની દૃષ્ટિ ઊઘાડે છે.]

શાંતિદાસ

ચરોતરમાં અહેમદાવાદથી પાંચસાત ગાઉ ઉપર પાટીદારની વસતિનું એક જૂનું ગામ છે. મૂળ એ ગામ નરવાનું હતું, પણ પચાસપુણોસો વર્ષથી નરવો તૂટ્યો છે, ને નવી સરવે પ્રમાણે ખાતાબંધી વહીવટ ચાલે છે.

ગામમાં ઊજલીઆત વસતિ સારી છે. આશરે બસો ઘર પાટીદારનાં છે; બીજાં વાણીયા, બ્રાહ્મણ તથા વસવાયાંનાં છે. ગામના લોકો મહેનતુ ને સંપીલા છે. ગામમાં ઘણું દેવું નથી. શાહુકારવાણીઆ ધીરધાર કરતાં વેપારનો ધંધો વધારે કરે છે. ગામનો ચોરો રૈયતે બાંધેલો મોટો વિશાળ છે. હિંદુઓનું દેવળ પણ સારું છે, ને એક ધર્મશાળામાં વટેમાર્ગુ તથા સાધુસંત ઊતરે છે; તેથી ઠેઠ કાનમ લગી ગામની આબરુ પણ સારી છે.

કણબીની વસતિમાં મોટું ને મોભાવાળું ઘર શાંતિદાસ પાટીદારવાળાનું. તેમના બાપને સાત દીકરા હતા, તે બધા હાલ જૂદાજૂદા રહે છે; સાતે દીકરાને વાડીવિસ્તાર સારો થયો છે. શાંતિદાસને છ દીકરા છે, તેમાંના પાંચ મોટા ધંધે વળગી ગયા છે, પણ નાનો ભીખારીદાસ હાલ નોકરી ખોળે છે. આશરે દશેક વરસ ઉપર શાંતિદાસની વહુના મનમાં એવું આવ્યું કે, મારા છ દીકરામાંથી નાનો દીકરો અંગ્રેજી ભણે ને સરકારી નોકરીએ વળગે તો કેવું સારું! વખતે ટોપીવાળાની મહેરબાની થાય તો ચઢતાંચઢતાં એ કુમાશદાર થઇ જાય, ને આપણે ઘેર આખા પરગણાની હાકેમી આવે. શાંતિદાસના મનમાં આ વાત બહુ ભાવી નહીં. હાલ અરાડે વરણ અંગ્રેજી ભણતર ભણવા માંડે છે. તેમાં ઘણાં અધવચ મૂકી દે છે, ને થોડા જ ઠેઠલગી પહોંચે છે; વળી જે થોડા ભણી ઊતરે છે તેમને બધાંને કુમાશદારી મળતી નથી એ વાત શાંતિદાસ સારી પેઠે સમજતા હતા; પણ છોકરો છેલ્લો ખોળાનો હતો, ને આટલી ઊમ્મરે ઘરનાં બૈરાંને નાખુશ કરવાં એ પણ ઠીક નહીં એમ એમણે વિચાર્યું. વળી એમના હૈયામાં એમ પણ ખરું કે પરમેશ્વરને કરવું હોય ને છોકરાનું નસીબ ઊઘડે તો છોકરાના માના કોડ પૂરા પડે; ને ઘડપણમાં આપણા સુખમાં મણા ન રહે. એટલે પહેલાં તો

જરા એમણે બૈરાંનું કહ્યું ભણકાયું ન ભણકાયું એમ કર્યું; પણ છોકરાંની માએ એ વાતની કેડ મૂકી નહીં, તેથી હારીને અંતે તેમણે હા ભણી. સારું મહુરત જોઈને અંગ્રેજી ભણાવવા ભીખારીદાસને અમદાવાદ વિદાય કર્યો. અંગ્રેજી વિદ્યા ભણવી સહેલી નથી, તેમાં વળી સરકારના કાયદા, વળી તેમાં ધોરણ ને ફેરણ, ને પરીક્ષાઓ, તેથી ભણતાંભણતાં ઘણા દહાડા લાગ્યા, તેથી કોઈકોઈ વાર શાંતિદાસને અકળામણ પણ આવે. દર માસે ખાધાખાઈ તથા પીના દસબાર રુપિઆ અમદાવાદ મોકલવા પડે તે મોટા કબીલાદાર આદમીને ભારે પડતા; પણ મન લીધું તે પૂરું કરવું; હવે અધુરું ભણતર રહ્યાથી કાંઈ વળાય નથી એમ સમજી તે કાંઈ બોલતા ન હોતા. અંતે સાતે વરસે ભીખારીદાસ મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયો; તેની ખબર આવતાં શાંતિદાસને ઘણું સારું લાગ્યું ને છોકરાની મા તેથી વધારે હરખાયાં, ને કહે કે, "હું કહેતી નહોતી કે મારો ભીખો નામ કાઢશે! કાંઈ પૈસા ઊભારે કામ થાય? જ્યારે મૂળાના પીતાજેવા ખર્ચ્યા છે, ત્યારે મારો છોકરો નાગરના છોકરાને ટક્કર મારે તેવો થયો છે."

એ પ્રમાણે ભીખાની મા સૌ આગળ ફૂલાય. ભીખાની પરીક્ષા ઊતર્યાના સમાચાર આવ્યા એટલે તેમણે ગામમાં ગોળ વહેંચ્યો, માતાને વધામણાં દીધાં, ને ઘેર નવેદ કર્યા; બ્રાહ્મણ તથા સગાંસ્નેહીઓને જમાડ્યાં, અને સૌ આશ્રયાગતિઓને પણ સંતોષ્યા. ભીખો ગામમાં આવ્યો ત્યારે ગામના સૌ લોક તેને બોલાવવા આવ્યા. શાંતિદાસને કહે કે, "હવે બાપા! અધુરું ન રાખશો, હવે તો ભીખારીદાસને મુંબાઈ મોકલો, બે પૈસા દેવું થશે તો બારબાજરીનો રોટલો ખાઈ પેટે પાટા બાંધી વાળી દેવાશે, પણ હવે તો એને મુંબાઈ મોકલો."

એમ બધા મળી આગ્રહ કરીને કહેવા લાગ્યા. શાંતિદાસ ખાતા-પીતા ગૃહસ્થ હતા, તમની ખેતી મોટી હતી, તથા ઢોરઢાંકર સબ હતાં, ને દાણાદુણી પણ ઘણું રાખતા, પણ નગદ પૈસાનું બહુ જોર એમની પાસે નહોતું, એટલે મુંબાઈ મોકલવાનું તેમનું મન હચુમચુ થતું હતું, પણ છોકરાના, તેની માનો, તથા આખા ગામના આગ્રહો જોઈ તેમણે પણ

અતે નમતું મૂક્યું, ને ભીખારીદાસને મુંબાઇ ભણવા રાખવાનો વિચાર નક્કી કર્યો, ને ખર્ચ સારૂ ગામના શાહુકાર વનમાળીદાસને ત્યાંથી રૂપિયા સોનો ઉપાડ કર્યો. વિદાય થતાં પહેલાં ભીખારીદાસને કોરે બોલાવી કહ્યું કે, "ભાઇ, મારી પાસે પૈસો નથી, મુંબાઇ તો ઇંદ્રપુરીજેવું છે, ત્યાં ભાતભાતની જણસો મળે છે, તરેહતરેહના શોખ ત્યાં થઇ શકે છે; માટે તું જો નીતિથી રહી નીચું માથું ઘાલી અભ્યાસમાં જ મન રાખવાનું કબૂલ કરે તો હું મોકલું; નહીં તો ખર્ચ વેઠવાનું મારૂં ગજુ નથી, માટે એ વિચાર આપણે માંડી વાળો."

ભીખાએ પોતાના બાપને પગે હાથ મૂકીને કહ્યું કે, "બા! હું એક પાઇ પણ નકામી નહિ ખર્ચું, અઢાર વરસનો થયો ને શું સમજતો નથી કે આપણા ઓરડામાં શું છે ને શું નથી?"

સરકારી કૉલેજ ઉઘડતાં ભીખારીદાસ મુંબાઇ જઇ તેમાં દાખલ થયા, ને અભ્યાસ શરૂ કર્યો. થોડા દહાડા તો બાપની શિખામણ ને પોતાનું વચન હૃદેમાં રાખી ભીખારીદાસે ખૂબ મહેનત કરી. પછી ત્યાં જૂના થતા ગયા ને છોકરાઓનો સહવાસ વધવા માંડયો, ત્યાંના પારસીના છોકરાઓના ચળકતા બૂટ જોઇ એમનું મન વારંવાર એમ થતું કે, આપણે એવા બૂટ હોય તો કેવું સારૂં! એવા મનના ઊછાળા ઉપરાઉપરી થાય, ને ભીખારીદાસ તેને દાબી દે; પણ વળી પાછું ફરીફરીને બૂટનું મન થાય. એમ કરતાંકરતાં કેટલાક દહાડા વહી ગયા. પણ છેવટે ભીખારીદાસનું મન રોકયું રહ્યું નહિ! તેમણે વિચાર કર્યો કે, "આપણે વરસે દહાડે ત્રણસો રૂપિયા ખરચીએ છીએ, તેમાં ત્રણચાર રૂપિયાના વિલાયતી બૂટ લેવામાં કાંઇ વધી જવાનું નથી. બીજી ગમે તે રીતે કસર કરીશું તો આટલા રૂપિયા ઉગરશે, બાપનું મન પણ રહેશે, આપણું વચન પણ જળવાશે ને આપણા જીવને ભાવતી વસ્તુ પણ મળશે." એમ વિચાર કરી તેમણે વિલાયતી બૂટની એક જોડ લીધી તે પહેરીને "ચમચમ" કરતા ફરે ને બૂટ સામું જોઇ મલકાઇમલકાઇ જાય!

ચાર મહીને કૉલેજ બંધ થઇ ત્યારે ભીખાભાઇ પાછા ગામે આવ્યા. સગુંવહાલું, ગામલોક સૌ બબ્બે ગાઉ એમને લેવા સામું

આવ્યું હતું. આગોળે આવ્યા ત્યારે ભીખાભાઈ ગાડામાંથી ઊતર્યા; પણ ઊતરતાં પહેલાં વિલાયતની બૂટ કાઢી પહેર્યાં, ને "ચમચમ" કરતા ચોરાથી આગળ ચાલ્યા. સૌ કહે, "કેમ ભાઈ, આવ્યા કે, કેમ ભાઈ, આવ્યા કે! સારા છો! કુશળ છો!" ત્યારે એ દરેકને રહી કહે "હા-હા." ગામના છોકરા પણ એમને જોવા આવ્યા હતા, કેમકે એ ગામમાંથી મુંબાઈ કમાવા સારુ આ પહેલું કોઈ ગયું નહોતું ને ભીખાભાઈ મુંબાઈ જઈ આવ્યા એ મોટી નવાઈ હતી.

ગામમાં આવ્યા પછી સાંઝસવાર હવા ખાવા ભીખારીદાસ નિકળે ત્યારે પેલા બૂટ પહેરીને જાય. તે જોવાને ગામના બધા જુવાનીઆ નીકળે. શાંતિદાસના બીજા દીકરાઓના તથા દીકરીઓના દીકરા મળી આસરે પંદરવીસ હતાં. થોડા દિવસ વીત્યા નહિ એટલામાં તેઓએ પોતપોતાની મા પાસે એવા બૂટ સારુ કંકાસ કરવા માંડ્યો. શાંતિદાસના ભાઈઓના ઘરમાં પણ બૂટ વાસ્તે કલેશ થવા લાગ્યો. ગામના બીજા કણબીવાણિઆના છોકરાઓને પણ એવા બૂટનું મન થયું. બધાં છોકરાંઓની માએ પોતપોતાના છોકરાઓ જણીની તાણ કરે, પણ બાપડાઓ એ માને નહિ. એમ બધાં સારાં ઘરમાં થોડોથોડો કંકાસ પેઠો. નીતની કળકળથી બાપડાઓ છેવટે હાર્યા. એકેએકે સૌ એવા બૂટ મંગાવવા લાગ્યા. દર ફેરા જ્યારે છુટ્ટી પડે ત્યારે ભીખારીદાસ મુંબાઈથી પાછા આવે: અને દર વેળા જ્યારે આવે ત્યારે ગામના લોકના છોકરાની પચીસત્રીસ વિલાયતી બૂટની જોડ લેતા આવે! એમ બેત્રણ વરસ વીતી ગયાં ને ગામમાં બીજી પુંજી વધી હોય કે નહિ, પણ બૂટની પુંજી તો ઘણી વધી! ગામમાં વિલાયતી બૂટની ગણુમાં જોડ થઈ સાંઝે બધા જુવાનીઆ ખેતરે કે તળાવ ફરવા જાય ત્યારે એ બૂટ પહેરીને જાય; ને એવા બૂટવાળા છોકરાની હારની હાર આગળપાછળ હરેવેળા ગામમાં ફરતી દેખાય; તેથી કેટલાક લોકો માંહેમાંહે વાત કરે કે, "ગામની શોભા સારી વધી," ત્યારે વળી બીજા કહે કે, "એમા શું કમાયા! ગામ વહેલું ભીખ માગશે."

વિલાયતી બૂટ લાંબા ટકતા નથી ને વરસ દહાડાની અંદર ફાટી

છે, એટલે જતે દહાડે એમ થયું કે ભીખારીદાસ જ્યાં નીકળે ત્યાં દહાડે તેમને ગામલોકો દોઢસોબસો ભૂટના પૈસા નજરાણે. આ પ્રમાણે ભૂટનો ગામ જબરો થતો ગયો, અને ગામને માથે રૂપિયા એક હજારનો વરસ દહાડે વેરો ગોઠ્યો।

એકવાર ભીખારીદાસ ઊનાળાની ઝડીમાં ગામ પાછા આવ્યા હતા, ને આંગણામાં ખાટલો ઢાળી પાછલે પહોરે બેઠા હતા. શાન્તિદાસના બાપા એટલે હાથમાં રૂપાની નેહવાળો હૂકો ઝાલી રાખી "ગુડગુડ" કરતા હતા. બીજા થોડા પાટીદાર ને ગામલોક પણ ત્યાં સહેજ બેઠા હતા ને વાતો કરતા હતા. વનમાળીદાસ પારેખ પણ ત્યાં આવ્યા હતા.

વનમાળીદાસ–બાપા, નવરાશે આપણું ખાતું આંખ તળે કાઢો તો ઠીક.

શાંતિદાસ–કેમ વારુ?

વનમાળીદાસ પારેખ–આંકડો જરા વધતો જાય છે, તે તમને ખબર હશે.

શાંતિદાસ–લીધું વ્રત પૂરું કરવું જોઈએ. છોકરાને મુંબાઈ મોકલતાં પહેલાં શા રીતે હતું?

વનમાળીદાસ–ત્યારે તો તમારા સો પચાસ લહેણા રહેતા.

એમ વાતો ચાલી હતી તેવામાં વીસદસ મોચી ભેગા થઈ આવ્યા. આવીને ફાળીઆં ઊતારી રાડ પાડવા લાગ્યા કે, "બાપા, હવે તો બહુ થયું, હવે તો ખમા કરો તો ઘણું સારું."

શાંતિદાસ–શું છે? વાત તો કહો.

મોચીઓ મધ્યેનો એક મોચી કે જેનું નામ સોમલો હતું તેને કહે, "સોમલા, તું ડાહ્યો છે, તું વિગત માંડીને વાત કહે તમારે શું જોઈએ છીએ? ને તમારે શું દુઃખ છે? સગી મા હોય તેને પણ કહીએ તો દુઃખ જાણે.

સોમલો–દુઃખ તો ઘણું છે, વખતે કે મરી જઈએ છીએ; પણ રોગ પ્રમાણે ઉપાય થાય તો ફળ વળે; એ તમારા હાથમાં છે. બાપા, તમો ઉપાય કરો તો થાય, નહિ તો એકે ઉપાય નથી ને અમારે જીવવાનો આરો નથી.

શાંતિદાસ–કરારે તું બોલ, જો મારા હાથમાં હશે તો હું ઉપાય કર્યા વગર નહિ રહું.

સોમલો–બાપા, દુઃખ તો બહુ છે. જુઓ, અમારાં મોચીનાં તમારા ગામમાં વીસ ઘર છે. જ્યારથી ગામ વસ્યું ત્યારથી અમો તમારી પછવાડેપછવાડે વસ્યા છીએ, ને તમારે શરણે પડ્યા છીએ. અમો આજ લગી ગામલોકના જોડા ને કોસ સીવતા ને અમારો ગુજારો કરતા. વળી એકાદ વિઘું જમીન હોય તો ખેડીએ પણ ખરા; એમ દહાડા કાઢતા. પણ આ બે વરસથી અમારું પુરું થતું નથી, ને છોકરાં ભૂખે મરે છે. સીખોબાપો જ્યારથી મુંબઇ ગયા ત્યારથી અમારા દુખનું મંડાણ મંડાણું. એક બૂટની જોડ લાવ્યા એટલે એમને લાગ્યું ઠીક છે, એમાં શું થાંડી! પછી હવે તો ગામમાં લગભગ એવી ચારસો પાંચસે, વિલાયતી બૂટની જોડ ખપે છે. અમો વરસમાં સો જોડ સીવીએ, એટલે મજૂરીના ૫૦–૭૫ રૂપિઆ કમાઇએ, અને અમારા દસબાર ઘરનો નિભાવ એથી થાય. હવે આ બૂટ આવ્યા એટલે એ જોડા ખપતા નથી. હવે પારસણોની પેઠે અહીંના બધાં બૈરાં જોડીઓ મૂકીને બૂટ પહેરશે તો, બૈરાંના પગરખાં સીવવાનું કામ પણ અમારું જશે, ને જેટલા થોડા રોટલા રહ્યા છે તે પણ નહિ રહે. અમારો ગુજરો તો ગામલોક ઉપર હતો, પણ ગામલોક તો બૂટ પહેરે, એટલે આ દશા આવી! અમારાં છોકરાંઓને પેટ ભરી રોટલા પણ મળતા નથી. જો અમદાવાદના કે બીજા આપણા અહીંના ગામના બૂટ હોત તો અમારામાંથી ત્યાં જઇ કોઈ શિખી આવત અથવા ન શિખત તો છેવટે અમો ભૂખે મરત; પણ અમારી નાત કે ધંધાવાળા બીજાને રોજી મળત. પણ આ તો વિલાયતી બૂટ એટલે અમારો એકે ઉપાય નથી, ને અમારે કોઇ પણ રીતનુ મન વાળવાનું નથી, ને આમને આમ ચાલશે તો બધા મરી પરવારીશું.

—

ભીખારીદાસ—કેવા બેવકૂફ લોક છો? તમારે તમને શું અમો બૂટ નહિ પહેરીએ? માણસને ગમે તે પહેરવાની છૂટ છે. આજે ઘણા લોક બૂટ પહેરે છે. મુંબઈમાં ઘણી વસતિ બૂટ પહેરે છે તે શા ગાંડા લોક હશે? બેવકૂફ ભુખ્યા લોક!

સોમલો-ગાંડા કે ઘેલા, પણ ભૂખે મરીએ ત્યારે શું કરીએ?

ભીખો-ભૂખે મરો છો તેમાં વાંક કોનો છે? બીજો ધંધો કરો.

સોમલો-અમે મોચી તે બીજો ધંધો શો કરીએ?

ભીખો-દુનીઆમાં ઘણા ધંધા છે. ગમે તે કરો.

સોમલો-શું અમો કુંભારનું કામ કરીએ, કે દરજીનું કામ કરીએ, કે લવારનું કામ કરીએ, કે સોનીનું કરીએ, કે હજામનું કરીએ? શું કરીએ કહો ભીખાબાપા?

ભીખો-ત્યારે મજુરી કરો. મજુરીમાં શું આવડવું છે?

સોમલો-અમોએ કોઇ દહાડો મજુરી ન કરેલી તે શી રીતે મજુરી થાય? મજુરીમાં હાથપગમાં જોર જોઇએ, અમને ચાર પૈસા પણ કોણ આપે?

ભીખો-ત્યારે પૂરું ન થાય તો પરગામ જઇ વસો.

સોમલો-આ ગામમાં અમારી વીસ પેઢી થઈ ને હવે ઘરબાર મૂકીને ક્યાં જઇએ? અહીંનાં ઘર શી રીતે ઊપાડી જઇએ? નાતજાત લેવુંદેવું, બધું અહીં રહ્યું, ને પરગામ શી રીતે જવાય? બાપા, આટલું બધું અમને કહો છો ત્યારે તમે વિલાયતી બૂટ ન પહેરો તો શું સત્યાનાશ વળી જાય? મોચી મજુરી કરે, બીજો ધંધો કરે, ગામ છોડી જાય, તે કરતાં પાટીદાર વિલાયતી બૂટ ન પહેરે તો શું બગડે?

શાંતિદાસ (વચમાં બોલ્યા)—"ભીખા, તું છાનો રહે. આ મોચી કહે તે વાત જાણવા જેવી છે. જુવાનીઆવેડા કરી એને તરછોડીશ નહિ."

એટલામાં ગામના પારેખ જગજીવનદાસ આવ્યા. તે કહે કે, "આ શી ભાંજગડ ચાલે છે?"

શાંતિદાસ–મોચી રાડ પાડતા આવ્યા છે કે ગામમાં ખૂબ ખાના નથી અમે ભૂખે મરીએ છીએ.

જગજીવનદાસ–હા, મોચી મને કહેતા હતા. ને બીજા વસવાયા પણ થોડી થોડી બુમ પાડે છે. પુંજીઓ કુંભાર કહે છે કે આ વખતે મોચી લોકોએ મારી નાળો શમુજગી લીધી નથી પરંતુ દરજી કહે છે કે, મોચી લોકોની સિલાઈ એવું મને મળી નથી. એ રીતે છે માટે આપણે ચાર જણ મળીને વિચાર કરીએ તો સારું.

શાંતિદાસ–કહો તો બધા કાલે મળીએ.

જગજીવન–ઠીક, હું બધાને કહાવીશ, ને રામનાથમાં કાલ પાછલા પહોરે મળીશું.

બીજે દહાડે શાંતિદાસબાપા, એમના ભાઈ બગોજી, ગામના બીજા પાટીદાર, જગજીવન પારેખ, નાથાભાઈ મોદી, હુકમદાસ તલાટી, તુળશીરામ મહેતા, વગેરે બધું ગામ રામનાથ મહાદેવમાં ભેગું થયું. ત્યાં વસવાયા પણ વનુનેડમાં પેટનાં ખાડામાં ભેગાં થયા હતાં. સોમલો મોચી તથા બીજા મોચી, તથા દરજીના ને કુંભારના આગેવાનો આગળથી આવ્યા હતા, બધાએ પહેલાં તો મોચીની વાત સાંભળી. ત્યાં ભીખાભાઈ પણ ગયા હતા, તેમણે અંગ્રેજી વિદ્યાનો આધાર બતાવીને એક મોટી અર્ગરીઆ ચોપડી હતી તે ઉપરથી એક લાંબુ ભાષણ કરવાની તૈયારી કરી હતી તે ઊભા થયા, અને બોલવા લાગ્યા; પણ એમના બાપા ને કાકા કહે, "બેસ, બસ, તું ભણી આવ્યો તે જાણ્યું, હજુ તો અમારું ખરચ ખાય છે' જ્યારે બે પૈસા કમાય ને દુનિયા કેમ ચાલે છે તે સમજે ત્યારે તારું ભાષણ બહાર કાઢજે."

બધા વસવાયાની વતી જગજીવન પારેખ પ્રથમ બોલ્યા. તે કહે કે, "આ છૂટના મહાકાળે આઠદસ મોચીનાં ઘરનો ધંધો બંધ પાડ્યો છે ને તેમને ખાવપીવાની બહુ હરકત પડે છે. મોચી નરમ થયા એટલે તેમની ઘરાકવાળા કુંભાર, દરજી, વગેરે પણ નરમ થયા

છે; ને એ પૈસા જેનાજેના લેણદેણા છે તે શાહુકારનું લેણું ઘણા વખત આવ્યો છે; અને મફતો આપણા ગામને લાગશે. કોઈએ એમ ન સમજવું કે, એમાં મારે શી લેવાદેવા છે; ગામનું સારું હોય તો આપણે સારું ને નરસું હોય તો આપણે નરસું. હું અમદાવાદ ગયો હતો ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે. સોનીનાં ઘરેણાં વિલાયતથી તૈયાર થઈ આવે છે, ને તે એવાં આંખને ગમે તેવાં હોય છે કે, આપણા ખરા દાગીનાને પણ કોરે મૂકે; એટલે સોનીનો ધંધો બાર આની થઈ ગયો છે. સુતારનો ધંધો તો બીલકુલ બંધ પડી ગયા જેવો જ છે. સુતાર મજૂરી કરે તેને અંગ્રેજી કારખાનામાં રોજ સારો મળે છે; પણ ગણ્યુ, કાનર ને ખીલા કરનારનો બીલકુલ રોજગાર બંધ પડ્યા જેવો જ છે. વિલાયતી કાપડ કરોડો રૂપિયાનું આવે છે, તેથી, સાળવી, વણકર, છીપા, બાંધણીગર વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લુગડાં પહેરે છે તેથી દરજી ને ધોબી શહેરમાં તાજા દેખાય છે; પણ એકંદર કારીગર તથા વેપારીને પરદેશી માલ આવવાથી અથાગ નુકશાન થયું છે, ને હજુ તો ક્યાં? શહેરમાં કોઈ ધણીધોરી નહિ એટલે વિટંબણા ભારે પડે છે. આપણે તો બધા મળીને કરીએ તો બંદોબસ્ત કરવા સમર્થ છીએ; માટે મારી ધ્યાનમાં આવે છે કે આપણે આપણા ગામ પૂરતો ઠરાવ કરીએ તો ઠીક."

શાંતિદાસ—શો ઠરાવ?

જગજીવન—હાલ તો એટલો કરો કે ગામમાં કોઈ પરગામના બૂટ ન પહેરે, આટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

શાંતિદાસ—કેમ ભવાનીદાસભાઈ, શું ધાર્યું?

ભવાનીદાસ—હા, હા, સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઈએ.

નાનાભાઈ મોદી—આપણે પણ કબુલ છીએ, કેમ તુલશીરામ મહેતા?

તુળશીરામ મહેતા—આપણે પણ સો ફેરા કબુલ.

જુગલદાસ તલાટી–વારૂ, બૈરાંને ઘેર પૂછ્યું? છોકરાં કંકાસ કરશે તો તેમની માઓ તેમની કુમક કરશે તેનું શું ધાર્યું?

શાંતિદાસ-છોકરા અને તેમની માઓ જમ મારે છે.

બધાં કહે, "વાહવા ! બાપા, વાહવા ! ત્યારે ચાલો આપણે મંદિરમાં તુળશી ઊપાડો." બધા મંદિરમાં ગયા, ને ઠાકોરજી આગળ તુળશી ઊપાડી. સૌએ જૂદાજૂદા સમ ખાધા કે, "પરદેશી બૂટ લાવીએ તો ઠાકોરજી અમને પૂછે," ને પછી બધા વેરાયા.

ગામ સંપીલું હતું, લોક લાંબી નજરવાળા હતા, તો પણ આ વેળા ઠરાવ પાડવામાં થોડી આનાકાની થઈ, ને પછી ઘેર ઘેર થોડી કચકચ પણ થઈ; પણ શાંતિદાસે પોતાના ઘેરથી પહેલ કાઢી ભીખારીદાસને જોડા પહેરાવ્યા. અન્તે બધા ગૃહસ્થોએ સોગન પાળ્યા. છ મહીને મોચી પાછા આગળ જેવા ખાતાપીતા થયા ને બીજા કારીગર પણ તાજા થયા.

એવામાં નડિયાદથી એક દહાડો મોટમ બારોટ આવ્યા હતા. તેમણે આ બધી વાત ચોરે બેઠે સાંભળી. તે મનમાં બહુ હરખાયા, ને હરખના માર્યા પોતાની મેળે શાંતિદાસબાપાને ઘેર કહેવા આવ્યા કે, "બાપા, ગામમાં આગેવાન હોય તો તમારા જેવા હજો. ખરી અણીને સમે તમે ગામની હીમાયત કરીને ગામનું દુઃખ ટાળ્યું છે. તમારા ઘરનો ધર્મ જગ જાણે છે. તમોએ આપણા ગામનું ને દેશનું અભિમાન કરી બસેંહે વરસનો ટેક ને ઇજ્જત રાખી છે. આગળ સરકાર દરબારમાં તમારૂં ઘર રૈયતની કૂમક કરતું; હાલ સરકાર તરફથી તો શાંતિ છે, પણ લોકનું મન નવાનવા પહેરવેશથી છકી ગયું છે, તેથી કારીગર માત્રને તથા અન્ને આખા દેશને બહુ વિપત પડે છે. એ વિપતમાં તમારા જેવાની હીમાયત છે, ને ઓથ છે, તો દેશનું સદાકાળ ભલું જ થશે. તમારા જેવા તમારા વશમાં ફુળદીવા ઘણા થજો, ને ઇશ્વર તેમને તમારા જેવી મતિ સદા ય આપજો."



છે; ને જે પૈસા જેનાજેના સંઘરેલા છે ને સાહુકારનું ધીરું પુરાઈ ગયેલ આવ્યો છે; અને ધક્કો આપણા ગામને લાગશે. કેટલાક એમ ન સમજતું કે, એમાં મારે શી લેવાદેવા છે; બધાનું સારું હોય તો આપણે સારું ને નરતું હોય તો આપણે નરતું. હું અમદાવાદ ગયો હતો ત્યાં પણ આવાં ને આવાં રોદણાં છે. સોનીનાં ઘરેણાં વિલાયતથી તૈયાર થઈ આવે છે, ને તે એવાં આંખને ગમે તેવાં હોય છે કે, આપણા ખરા દાગીનાને પણ ટપી મૂકે; એટલે સોનીનો ધંધો બાર આની ગયો છે. લુહારનો ધંધો તો બીલકુલ બંધ પડી ગયા જેવો જ છે. લુહાર મજૂરી કરે તેને અંગ્રેજ કારખાનામાં રોજ સારો મળે છે; પણ ચપ્પુ, કાતર ને ખીલા કરનારાનો બીલકુલ રોજગાર બંધ પડ્યા જેવો જ છે. વિલાયતની કાપડ કરોડો રૂપિયાનું આવે છે, તેથી, સાળવી, વણકર, છીપા, બાંધણીગર વગેરેનો ધંધો ગયો છે. લોક ઘણાં લૂગડાં પહેરે છે તેથી દરજી ને ધોબી શહેરમાં તાજા દેખાય છે; પણ એકંદર કારીગર તથા વેપારીને પરદેશી માલ આવવાથી અથાગ નુકશાન થયું છે, ને હજુ તો ક્યાં? શહેરમાં કોઈ ધણીધોરી નહિ એટલે વિટંબણા ભારે પડે છે. આપણે તો બધા મળીને કરીએ તો બંદોબસ્ત કરવા સમર્થ છીએ; માટે મારી ધ્યાનમાં આવે છે કે આપણે આપણા ગામ પૂરતો ઠરાવ કરીએ તો ઠીક.”

શાંતિદાસ—શો ઠરાવ ?

જગજીવન—હાલ તો એટલો કરો કે ગામમાં કોઈ પરગામના બૂટ ન પહેરે, આટલું થાય તો મોચીનું દુઃખ ટળે.

શાંતિદાસ—કેમ **ભ**વાનીદાસભાઈ, શું ધાર્યું ?

ભવાનીદાસ—હા, હા, સો ફેરા એવો બંદોબસ્ત કરવો જોઈએ.

નાનાભાઈમોદી—આપણે પણ કબુલ છીએ, કેમ તુલશીરામ મહેતા!

તુળશીરામ મહેતા—આપણે પણ સો ફેરા કબુલ.

જુગલદાસ તલાટી–વારૂ, બૈરાંને ઘેર પૂછ્યું ? છોકરાં કંકાસ કરશે તો તેમની માઓ તેમની કુમક કરશે તેનું શું ધાર્યું ?

થોડીવાર એમના સુકોમળ હાથ પોતાને માથે દાબી રાખ્યા, અને પછી પાસું ફેરવ્યું. ડોસીમા કહે, "કુમી, જા, તું ને મુકુલ વાળુ કરીને સુઈ જાવ." બંને રસોડામાં ગયાં. ત્યાં માસી રાંધવા આવી હતી. કુમીએ તેને ફરી પોતાનો સવાલ કર્યો, "વ્હાલી માસી, બાને શું થાય છે?" મુકુલે તે સાંભળ્યું, પણ માસી તે જ પળે તપેલી ઉપર ઢાંકણું ઠીક કરતી હતી, તે ખખડ્યું. તેણે એટલું જ કહ્યું. "કુમી, મુકુલ. આમ આવો. હવે આ થાળીમાં બંનેને એકઠું પીરસું છું. ચુપચુપ ખાઈ લ્યો. કુમી, બ્હેન, પાણીનો લોટો લેતી આવ." જમીને હાથ ધોતાં કુમીને ફરી પૂછવાનો વિચાર થયો, પણ ત્યાં તો નાનાકાકા અંદર આવ્યા, તેણે એમની પાછલી ઓરડીમાં લઈ જઈને સુવાડી જ દીધાં.

બંને સવારે તડકો થતાં ઊઠ્યાં અને નીચે ઊતર્યાં, ત્યાં તો આખા ઘરમાં એકલાં ડોસીમા.

x x x

મુકુલ અને કુમી થોડા મહીનાથી એમની માસીને ત્યાં રહેતાં હતાં. માસીનું ઘર નાનું હતું તેમાં બંને એની પૂઠેપૂઠે જ ભમતાં. બીજે ત્રીજે એ કલાક બે કલાક બ્હાર જતી ત્યારે જ તેની જોડે બ્હાર નીકળતાં કોઈવાર મુકુલ આડો થતો અને કુમી રડવા પર ચ્હડતી, ત્યારે માસી એમને પોતાની મોટી બ્હેન—એમની બા—ની વાતો કહેતી એટલે બંને ટપ શાંત થઈ જઈ સાંભળતાં, માસીની પાસે ખરી બનેલી હકીકતોનો સંચય ખૂટ્યો, ત્યારે તે જોડી જોડીને કહેવા લાગી. એમ કરવાની તેની કલ્પનાશક્તિ પૂરી પડી, ત્યારે એણે રામચંદ્ર, કૃષ્ણ, હનુમાન, અંગદ, પ્રહ્લાદ, ધ્રુવ વગેરેનાં બચપણની વાતોનો અને પંચતંત્ર, ઇસપનીતિ જેવી વાર્તાઓનો અખૂટ ખજાનો ઉઘાડ્યો. "જો કુમી," અથવા તો "મુકુલ. એકવાર તની મોટી બ્હેને મને ફલાણી વાત કહી," એટલું માથુ બાંધીને કહેવા માંડે. એટલે બંનેનું મન તરત જ ગમે તે વાત કે વાર્તા કે ટૂચકો હોય. તે સાંભળવા તરફ વળે જ, અને મસ્તી, તોફાન, રાડ, રાવ, દુઃખ બધુંજ ક્યાંય ઊડી.

બળવન્તરાય ઠાકોર

[જન્મ ઇ. સ. ૧૮૬૯]

[ભરૂચના રહીશ અધ્યાપક બળવન્તરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ ઇ. સ. ૧૮૬૯ માં થયો હતો. ૧૮૮૯ માં બી. એ. થઈ એ ઉચ્ચ કેળવણીખાતામાં જોડાયા. કરાંચી, વડોદરા, પૂના વગેરે સ્થળોની કૉલેજોમાં ઇતિહાસના અધ્યાપક તરીકે એ હતા. ૧૯૨૪ માં સરકારી નોકરીમાંથી નિવૃત્તિ લઇ એ વડોદરામાં રહે છે અને સાહિત્યનાં વિવિધ અંગોનું આલેખન કર્યા કરે છે.

બળવંતરાય ઠાકોર વિચારપ્રધાન કવિ માર્મિક વિવેચક, જીવનચરિતકાર, નાટ્યકાર અને નવલિકાકાર છે. એમની નવલિકાઓ બોધપ્રદ હોય છે.

મુકુલ એક બાલવિદ્યાર્થી છે. એના શાળાજીવનનો એક નાજુક પ્રસંગ લઇ નવલિકાકારે એમની આ નવલિકા ગૂંથી છે.]

મુકુલ

મુકુલ અને કળી બે ભાઈબ્હેન હતાં, કળી કંઇક મોટી હશે. એક દિવસે દીવાબત્તી થતાં બંને શેરીમાંથી દોડતાંદોડતાં ઘરમાં આવ્યાં ત્યાં પરસાળમાં જ એમની બા પથારીમાં બેચેન પડી હતી. અને ડોસીમા તેને શેક કરી રહ્યાં હતાં. આ જોઈને મુકુલ અને કળીનું હસવું અને એમના કલ્લોલ પરસાળને પગથિયે રહ્યાં જ નહીં. બંને છાનાંમાનાં એક બીજાની સોડમાં બાના મોં આગળ બેઠાં. કળીએ ધીરે રહીને પૂછ્યું. "બા, શું થાય છે?" પણ તે મુકુલે જ સાંભળ્યું, બાએ હાથ લાંબો કરી બેયને એક પછી એક પાસે લીધાં, ચૂમી ન કરી,

થોડીવાર એમના સુકોમળ ગાલ પોતાને ગાલે દાબી રાખ્યા, અને પછી પાછું ફેરવ્યું. ડોસીમા કહે, "કળી, જા, તું ને મુકુલ વાળુ કરીને. સુઈ જાવ." બન્ને રસોડામાં ગયાં. ત્યાં માસી રાંધવા આવી હતી. કળીએ તેને ફરી પોતાનો સવાલ કર્યો, "વ્હાલી માસી, બાને શું થાય છે?" મુકુલે તે સાંભળ્યું, પણ માસી તે જ પળે તપેલી ઉપર ઢાંકણું ઠીક કરતી હતી, તે ખખડ્યું. તેણે એટલું જ કહ્યું. "કળી, મુકુલ, આમ આવો. હવે આ રકાબીમાં બન્નેને એકકુ પિરસું છું. ચુપચુપ ખાઈ લ્યો. કળી, બ્હેન! પાણીની લોટી લેતી બેસ." જમીને હાથ ધોતાં કળીને ફરી પૂછવાનો વિચાર થયો, પણ ત્યા તો નાનાકાકા અંદર આવ્યા, તેણે એમની પાછલી મેડીમાં લઈ જઈને સુવાડી જ દીધાં.

બન્ને સવારે તડકો થતાં ઊઠયાં અને નીચે ઊતર્યાં, ત્યાં તો આખા ઘરમાં એકલાં ડોસીમા.

x x x

મુકુલ અને કળી થોડા મહીનાથી એમની મામીને ત્યા રહેતાં હતાં. માસીનું ઘર નાનું હતું તેમાં બંને એની પૂંઠેપૂંઠે જ ભમતાં. બીજે ત્રીજે એ કલાક બે કલાક બ્હાર જતી ત્યારે જ તેની જોડે બ્હાર-નીકળવા કોઈવાર મુકુલ આડો થતો અને કળી રડવા પર ચ્હડતી, ત્યારે માસી એમને પોતાની મોટી બ્હેન–એમની બા–ની વાતો કહેતી એટલે બંને ટપ શાંત થઈ જઈ સાંભળતાં. માસીની પાસે ખરી બનેલી હકીકતોનો સંચય ખૂટ્યો, ત્યારે તે જોડી જોડીને કહેવા લાગી એમ કરવાની તેની કલ્પનાશક્તિ ખૂટી પડી, ત્યારે એણે રામચંદ્ર, કૃષ્ણ, હનુમાન, અંગદ, પ્રહ્લાદ, ધ્રુવ વગેરેનાં બાળપણની વાતોનો અને પંચતંત્ર, હિતોપદેશ જેવી વાર્તાઓનો અખૂટ ખજાનો ઉઘાડ્યો. "જો કળી," અથવા જો "મુકુલ. એકવાર તની મોટી બ્હેને મને કહાણી વાત કહી," એટલું માથું બાંધીને કહેવા માંડે, એટલે બન્નેનું મન તરત જ ગમે તે વાત કે વાર્તા કે ટૂચકો હોય, તે સાંભળવા તરફ વળે જ, અને મસ્તી, તોફાન, રાડ, રાવ, દુઃખ બધું જ ભુલાય ઊડી.

જાય. મોડી રાતે ય કોઇ કોમભાર માગી કે તેનો વર જાગતાં ત્યારે આ નશામાં છોકરાંની ઉંઘની લહરીમાં પણ, "ગાડી, ઘાણી માળી, બાજો શું કર્યું ?" એવા જ કંઇ બોલે તેમના સાંભળવામાં આવે.

x x x

એક દિવસ નાનાકાકા મુકુલ અને કળીને પાછા ઘેર લઇ આવ્યા. પરશાળનું પગથીયું ચઢતાં ડોશીમાએ મુકુલને તેડી લઇ બચ્ચીઓ કરી. ત્યાં મુકુલે આંગળી લાંબી કરીને પુછયું, "મા, આ કોણ છે ?" "આવો મુકુલ, આવો કળી," કહેતી તે સામે આવી. તેનો ઊમળકો આ બાળકો સહી ગયાં ખરાં, પણ એમનાં હૈયામાંથી સામો ઊમળકો ઊછળ્યો નહીં. બેચાર દિવસ ગયા ને બંનેને નિશાળે મૂક્યાં. નિશાળની રમતગમત, નિશાળનાં કામકાજ, નિશાળના ભાઇબંધ બહેનપણીઓમાં એમનો ઘણો વખત જવા લાગ્યો. પણ તો યે બાકીનો વખત તેઓ એક બીજા સાથે, કે ડોશીમાની સોડે, કે નાનાકાકાનાં ચાવીવાળાં એંજિનો અને ટીખળોની ધમાચકડીમાં ગાળવા લાગ્યાં. બપોરના લાંબા ગાળામાં ઝૂરાં હોય ત્યારે તેઓ માસીને ત્યાં જતાં રહેતાં, કે ડોશીમાને કૃષ્ણલીલામૃત, એક ઈંચિયા અક્ષરોમાં છાપેલો ગિરધરકૃત, વિષ્ણુપુરાણ, કે એવો કોઇ મોટો ચોપડો બેસણી ઉપર બરાબર ગોઠવીને "મો-ર-ની વા-ગે તે મ-ધુ-વં-ન-માં-રે" એમ અક્ષરે અક્ષર છૂટા ચીપીચીપીને વાંચી સંભળાવતાં. ઘડી મુકુલ વાંચે ને ઘડી કળી વાંચે. કળીએ અગિયારસ અને અંધારી ચોથનાં વ્રત કરવા માંડયાં હતાં, અને એવા દિવસ હોય ત્યારે તો વાંચવાનો હક્ક કળીનો ગણાતો.

૨

એક શનિવારે નિશાળમાં વર્ગ શરૂ થયા ને મુકુલની જોડેના છોકરાઓએ કંઇ અટકચાળું કર્યું અને મુકુલથી ન રહેવાયું. તે ખડખડ હસી પડયો. શિક્ષક તડૂકયાઃ "કોણ હસ્યું એ ?" મુકુલ ઊભો થયો. "આમ આવ !" મુકુલ ગયો. શિક્ષક હતા ચોવીસના, મુકુલને આઠમું

એવું હતું. પણ આખ શિક્ષકની આંખની સામે જ થઈને એ આવ્યો, અને શિક્ષકની આંખથી તે સહેવાઈ નહીં. અવાજ કડક થયોઃ "કેમ મોડો આવ્યો?" બીજા છોકરા આવા પ્રસંગે કેમ વર્તતા તે મુકુલે જોયેલું જ નહીં. બાળકની હિંમતને દાબી દેવામાં શૂરપણું નથી, હીણકારાપણું છે, એ શિક્ષકને ખબર જ નહીં. વર્ગમાં છોકરાઓને જ્ઞાન અને ભાવના વિષયમાં ધ્યાન આપતા થયે તે પ્રકારે રાખવા જોઈએ, એટલું જ તે જાણતો હતો. બીજા છોકરા નમી પડીને જ આવતા, અને "સાહેબ, આ વેળા માફ કરો. હવે નહીં કરું." એવું કંઈક બધું બબડતા, "બહુ બીધેલ છું," એવું નાટક કરીને ઊગરી જતા. મુકુલની આંખ શિક્ષકના કડક અવાજથી ઊલટી સતેજ થઈ. તે કહે, "હસી પડાયું" શિક્ષક બોલી ઊઠ્યાઃ "સાચું બોલ!" મુકુલ જોઈ જ રહ્યો. શિક્ષકનો ક્રોધ પળવિપળમાં ઊભરાઈ જાય એવો થયો. તે એનો હાથ ઝાલી એના ગાલા પાડતા કહે. "હ–સી પ–ડ્યું! બોલ કોણે હસાવ્યો!" 'સાચું બોલ.' એટલે હસાવનારનું નામ કહે, એમ મુકુલ સમજ્યો, પણ એની કૂમળી બ્હાવરીમાં શિક્ષકનાં આંગળાં દોરડા જેવાં ચંપાયાં હતાં, તેથી એ પણ ગુસ્સે થયો અને બોલ્યો, "પૂછો બીજાને, હું નહીં કહું."

"શું? માને છે કે નથી માનતો!"—બોલતાંકને શિક્ષકે એક લપડાક કાનથી ઊંચે માથામાં મ્હેલી દીધી. એ પાસે એકાદ ફોલ્લી હતી તે ફૂટી ગઈ અને લોહી નીકળ્યું. મુકુલને આંસુ આવ્યાં અને લોહીનાં ટીપાં બંડી ઉપર પડતાં તે રોવા લાગ્યો; પણ રોતાં રોતાં યે હઠ છોડી નહીં. "મ્હને મારો છો શીના? સાહેબ, મારો જેનો વાંક હોય તેને હું શેનો કહું!"—ફૂરકાં તાણતો પણ એ આઠ વર્ષનો બાળક એ જ મુદ્દે ઝીકરને વળગી રહ્યો.

શિક્ષક તેને પાણીના નળ આગળ લઈ જઈને લોહી બંધ પાડ્યું. બંડી ઉપરના ડાઘ ધોઈ આપ્યા, પાણી પાઈ છાનો રાખ્યો, અને પોતાના રૂમાલથી તેનાં આંખ મોં લૂછ્યાં. પરંતુ એની હિંમતની તેમને કદર હતી જ નહીં, વળી હવે તો આટલી સેવા એની કરી તે એણે ગુણ

જાણુવો જોઈએ એમ પણ માની લીધું, અને ફરી પૂછવા લાગ્યા. મુકુલ ડગ્યો જ નહીં. શિક્ષક કહે, "હજુ નથી માનતો તો જા ધરે, આજનો દિવસ તને વર્ગમાંથી કહાડી મૂકું છું. આજે હું વર્ગનો વિષય પૂરો થતાં ગુનેહગારને પકડી કહાડીશ; પણ તું જ સૌથી વધારે વાંકમાં હઈશ, તો તને વધુ શિક્ષા નિશાળના મુખ્ય શિક્ષક સોમવારે કરશે."....મુકુલને ખબર નહીં કે આવા પ્રસંગમાં તેણે જ તુર્ત જ મુખ્ય શિક્ષક પાસે ફરિયાદ કરવા જવું જોઈતું હતું. એના મનમાં એટલું જ બેસી ગયું હતું કે અટકચાળું કર્યું તે પેલાનો વાંક ખરો, પણ હસી પડયો હું તે ય એનો વાંક? વળી મારાથી હસી પડાયું તેમાં મારો પણ શો વાંક? માથામાં એક આંગળું પડી રહ્યું હતું ત્યાં કંઈક બળતું પણ હતું અને પોતાને વગર વાંકે આમ કહાડી મૂકયો તે બહુ સાલ્યું. ફરીને રડવું છેક ઓઠ સુધી આવ્યું, પણ તે એણે દાબી દીધું, અને જાણે કંઈ જ પરવા ન હોય એમ પોતાની જગાએ આવી દફતર પાટી ઊપાડી લઈ શિક્ષકને સલામ ભરી ચાલતો થયો. રસ્તે માસીનું બારણું ઠોકયું, પણ મામી છેક રસોડામાં તે સંભળાયું નહીં, એટલે થોડી વારમાં જ–ઉશ્કેરાયલો હોવાથી કંટાળી ગયો, અને આવ્યો ઘેર.

આજે રસોઈ ડોસીને કરવાની હતી, તે પણ રસોડામાં હતાં. નાનાકાકા હજુ હાઈસ્કૂલમાં હતા, કળી તેની નિશાળે હતી. પરસાળમાં બાપા દીવડે છાપું વાંચતા હતા. મુકુલ પગથિયુ ચ્હડી થાંભલે અઢેલીને ઊભો. બાપા પાસે જવાની ને છૂટથી બોલવાની ટેવ નહીં. ઉશ્કેરાયલો હતો, માથામાં દુઃખતું હતું, તેમાં આમને શું કહું? કેમ કહું?–એ ગભરામણ પણ ભળી, અને એણે રડી દીધું. "કોણ–મુકુલ? અત્યારે કયાંથી? નિશાળે હજુ ગયો જ નથી કે શું?" આ નવુ–વધારે ખોટું–આળ આવતાં મુકુલ થાંભલે સરી બેસી જ ગયો, અને "મા, મા, બહુ દુઃખે છે રે!" એમ મોટેથી રોવા લાગ્યો.

બાપા દીવડેથી ઊઠયા. એમને કોણ જાણે કેમ ઢોંગનો જ વ્હેમ આવ્યો. પાસે આવતા ધમકાવતા બોલ્યાઃ "બોલ, બોલ, રડે છ શેનો?

નિશાળે નથી ગયો ?" મુકુલ માથું બે હાથ નીચે ધાલી મોટાં ડુસકાં વચ્ચે "બહુ દુઃખે છે રે !" એમ બોલતો હતો. બાપાએ હાથ ખેંચ્યો અને ફરી કહ્યું, "નિશાળે નથી જવું ? જવું જ પડશે !" મુકુલ ઊભો થતાં દુઃખતું'તું તેના ઉપર બન્ને હાથ દાબી ત્રુટક બોલવા લાગ્યો: "ગયો'તો, બાપા, પણ શિક્ષક ગુસ્સે થયા ને મને માર્યો તે દુઃખે છે રે, અરર, બહુ દુઃખે છે રે !" હજુ યે બાપાને શું દુઃખે છે તે તપાસ કરવાનું સૂઝ્યું નહીં. તે કહે, "વાંક વગર મારે ? તારો જ કંઇ વાંક હશે. પણ તું અહીં કેમ ન્હાસી આવ્યો ?" ડોસી રસોડામાંથી હાથ ધોઇને આવ્યાં. તે કહે, "બંડી કહાડી નાખ, હું ન્હાવલી છું, ને આમ આવ, જોઉં, શું દુઃખે છે ?"

પોચા દિલનાં બૈરાં છોકરાંનું ઉપરાણું લે તેની બાપાને ચ્હીડ હતી. તે બોલ્યા, "દુઃખે શેનું, બા ? એ તો ન્હાસી આવ્યો છે, તે ફેલ કરે છે.–બોલ રે લુચ્ચા, ન્હાસી કેમ આવ્યો ?"

મુકુલ ડુસકાં ખાતો હતો તેથી શિક્ષકે ધોલ મારેલી ત્યાં શૂળ પણ થવા લાગી. તે પાછો બેસી જવા ઇચ્છતો હતો. બાપાએ કાંડું ઝાલેલું તેમના હાથ ઉપર પોતાનો ન્હાનો હાથ મુકી, હતી એટલી શક્તિ ભેગી કરીને તેણે જવાબ દીધો, "ન્હાસી નથી આવ્યો, શિક્ષકે જ કહા–કહા–કહાડી મુક્યો." એટલું મહાપ્રયત્ને બોલતાં જ તે હાથ છોડાવીને બેસવા ગયો. ત્યાં બાપાએ તેને છોડી દીધો તે આંચકો વાગ્યો, કે હાથ મુકતાં તેમણે ધક્કો પણ માર્યો કે મુકુલ જ બેસતાં લથડ્યો, એ કાંઇ સમજાયું નહીં. અને થયું એવું કે બેસી જવા જતાં એ પડી ગયો. જ્યાં વાગ્યું હતું ત્યાં જ ફરીને કુંભીની ધાર વાગી. બોચી પગથિયાના પથરમાં અફળાઈ, અને એ મોઢામાં ઢગલો થઇને પડ્યો, તથા એ બેભાન લોથજેવા શરીરના માથામાંથી બે ઠેકાણેથી લોહીની ધાર ચાલી.

ડોસી ન્હાવલાં રહેવું હતું તે ભુલી ગઇ. મુકુલને પોતાના ખોળામાં લઇ લીધો. બાપાની ચ્હીડ પણ શરમ અને ભયના બેવડા મારથી મરી જ ગઈ.

પાસે જ મોટા રસ્તા ઉપર એક ડાકતરનું દવાખાનું હતું. ડાકતર

[illegible] મુકુલ[illegible] [illegible] ... (ડાકટરની સૂચનાથી) [illegible] [illegible] ... "[illegible]" [illegible] ... [illegible] ... [illegible] ... "[illegible]", ડાકટરે મુકુલની [illegible] ફેરવીને સૂંઘી જોયા. માથાને [illegible] કરીને [illegible] અને પછી હાથ ધોઈ [illegible] મુકુલના [illegible], તે પછી પાટા [illegible] અને પથારીમાં [illegible] વગેરેની સૂચના કરીને ગયો. ડોસી પૂછે, "આમ [illegible] ક્યાં સુધી રહેશે ?" દાકતર ગંભીર થઈ ગયો, "[illegible] આવી પહોંચ્યો એટલું બહુ જ સારું થયું છે. પણ ડોસીમા, સાંજે હું પાછો આવીશ ત્યારે કહી શકાશે. હમણાં તો શું કહું ? સાંજ પહેલાં પણ જો [illegible] લાગે તો તુરત મને બોલાવજો. સાડા અગિયાર સુધી તો દુકાને જ છું."

૩

સાંજે દાકતર પાછો આવ્યો ત્યારે મુકુલ એ ને એ સ્થિતિમાં હતો, હાલ્યો સરખો નહોતો. દાકતરે નાડી અને શ્વાસ તપાસી જોયાં, અને આનંદમાં આવી ગયો. "ડોસીમા, તમારાં પુણ્ય બહુ જબરાં છે. હવે તાવ કદાચ ન આવે તોય ચિંતા નહીં. આવી મરણતોલ ઈજા થઈ છે, પણ આ ફૂલ જેવી કાયામાં કુદરત સો યે સો વસા પોતાની અજબ શક્તિઓ અજમાવી રહી છે." ડોસી કહે છે, "હા ભાઈ, હું પણ જોઈ રહી છું. રામ રાખે તેનો વાળ પણ વાંકો થતો નથી. મૂર્છા વળી ગઈ છે, હવે તો મહાનિદ્રામાં જ છે." દાકતરે મુકુલને તળિયે સ્હેજ પીછું અડકાડી જોયું. પગ આપોઆપ જરા

હાલ્યો. બીજી વાર જોયું; ખાતરી થઈ "ખરી વાત, માજી, આમ ક્યારથી હશે!" ડોસી કહે, "ચાર વાગ્યા સુધી મ્હોંરા ઉપર ઝાંખ હતી, હવે પાછું આખે શરીરે પૂરું તેજ આવી ગયું છે." માસી પણ પાસે બેઠી હતી, તેણે પૂછ્યું, "એ ચમચી દૂધ રેડીશું?" દાક્તરે હોઠ, હથેળીઓ અને પેટ ધારી ધારીને અને આંગળી દાબીદાબીને જોયું. પછી કહે, "જરૂર જણાય છે ખરી, પણ ઊભાં રહો, હું દવા લઈ આવું."

× × × ×

શુદ એકાદશીની રાત હતી. ચંદ્રના અર્ધથી મોટેરા બિંબનું અજવાળું બગાબગ મુકુલના મોં ઉપર પડતું હતું. ડોસી પાસે જ કોયળા ઉપર જરા આડી થઈ હતી. માસી બેઠી હતી. બીજી બાજુ કળી પણ એક ઊંચ કઠાડી આણીને બેઠી હતી. નવી અરપૂરવ હોવાથી હીંચકે પડેલી જરા જરા ઘોરતી હતી, પણ એ નિયમિત અને અતિ નાજુક ઘોરણ શાંતિની મધુરતામાં કંઈક ભાત જ પાડતું હતું. ત્યાં કળીએ જોયું અને સાંભળ્યું; માસીએ પણ.

રાતની શાંતિ બધે જામી ત્યાં મુકુલને સ્વપ્ન શરૂ થયું હતું. પાંચપંદર છોકરાઓ સાથે એ ખેલતો હતો, ત્યાં જાણે એનો પગ સર્યો. થોડે સુધી ઘાસમાંથી જ સંગોસરતો એ ઊભો થવા ગયો ત્યાં એકદમ ધાર ઉપરથી જઈ પડ્યો ઝાડીમાં. પણ પડતાંપડતાં એક આંબાના ઘુમટમાં ઝીલાઈ ગયો. એના આઘાતથી બેચાર ઝીણી ડાળીઓ ભાંગી હશે, પણ એક મોટી ડાળ એના હાથમાં આવી ગઈ, જે ઝાલીને તે એના ઉપર ચ્હડી બેઠો. જુએ છે તો ચોતરફ ઝાડ જ ઝાડ. પણ તેમનાં બધાં ડાળપાંદડાં પારદર્શક, એટલે ખુલ્લી જગા હોય એમ તે બધું જોઈ શકતો. જે ડાળીએ તે બેઠો હતો તેને એક અશોકની ડાળ અડકતી હતી. મુકુલ આએથી અશોક ઉપર ગયો, અને ત્યાંથી જાંબુડા, આમલી, કોઠી, બીલી, બકુલ એમ પંદર વીસ ઝાડ ઉપર થઈ ને તે એક નવા જ ઝાડ ઉપર આવ્યો. તેની ડાળ શેલડીના અતિશય જાડા સાંઠા જેવી હતી અને પાંદડાંને ઠેકાણે તેને ફૂલો હતાં. પાંદડાં કે ફૂલ તોડીને સૌના હાથમાં ગોળ ફળ જેવા થઈ જતાં, દડા જેટલાં મોટાં પણ સ્વાદમાં ઘેવર જેવાં લાગતાં. મુકુલ આ વીસ શેતૂરો ભળીને એક થયું

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] હતું. [illegible]
[illegible]
તેમાં [illegible] એક [illegible]
એકલાપુલ પોયણું ઊગ્યું હતું. ઝરણાના [illegible] નાળ ઊંચી થઈ
એટલી બધી નાજુક હોવાથી તેના ટકાવને માટે જ જાણે આધાર
આકાશ—કુંડ—રચનામાં આવ્યો હોય એમ લાગતું હતું. [illegible]
જોઈને મુકુલની નજરે એ ચંદ્ર—મુખ એકલનાળ [illegible]
પોયણી ઉપર ઠરી જ ગઈ. તે ફૂલમાંથી જાણે [illegible]
રશ્મિતંતુ નીકળી લાંબા થતા એની પાંખડીઓ [illegible], અને તંતુઓનો
ખેંચાયલો તે ધીમેધીમે ઝાડ પરથી સરી પડ્યો, ધીમેધીમે ઝરણ પાસે
આવ્યો, ધીમેધીમે ઝરણનાં ગળકનાં પાણી ઊછળતો ચાલવા લાગ્યો,
ધીમેધીમે કુંડને કાંઠે આવી ઊભો. ત્યાં એ એકલનાળ પોયણી હાલી,
ડોલી—જાણે એને એક ડગલું પણ આગળ ભરવાની મના કરતી હોય એમ,
મુકુલે આજ્ઞા માની અને એ ઝરણના વદનમાં બંને પગ જરા આઘા
ફેરવી ટટાર ઊભો. ત્યાં એક કૌતુક થયું. નાળ થોડીક કુંડના પાણીમાં
ઊતરી ગઈ, અને મુકુલ તરફ વળી, લચી પોતાના ફુલને બરાબર મુકુલના
મુખની સામે લાવી રહી. રશ્મિતંતુઓ ઊંચા ફુવારા પેઠે ઊડ્યા, અને તે[illegible]
ગોળ પરિમંડળ રચાયું તે વચ્ચે ફુલ અને મુકુલનું મુખ આવી [illegible]
મુકુલની આંખ નવી શક્તિથી ચમકવા લાગી, અને પોયણીના ઉત્ત[illegible]
ફુલને તેણે પોતાની બાનું મુખ જ જોયું, પોતાની ઘણા સમયથી વિ[illegible]
પડેલી બા જ જોઈ, પવિત્ર, શાંત, હેત અને સ્મિતની તેજોમય મૂ[illegible]
મુકુલે તેનાં પોપચાં ઉપર ચૂમી લીધી, બીજી લીધી. ફુલે મુકુલના ક[illegible]

ઉપર મધ્ય આગે ઝૂમી રહી. પછી તેના માથામાં બે ટેરાજે ઘા હતા તેને એ ફુલ જેટલું આકાર્યું. એ સૂમી અને સ્પર્શસુખથી મુકુલની કોરકમાં આગી રેડાયું. તેના મુખ ઉપર તેની આંખો હાથ ઉપર અંકિત સ્મિતનાં કિરણ ફુવારાની ધારાએ જેવું કરી રહ્યાં. અને તેના આત્માના ઊંડાણમાંથી મીઠો, મૃદુ, મંજુલ સ્વર નીકળ્યો: "મા, ઝોળી ઝૂમી રહી!"

કળીએ અને માસીએ નિદ્રાવશ બાળકની પથારી આગળ એમ મધરાતના શાંતિસાગરમાં એ જોયું. એ સાંભળ્યું. માસીએ કળી અને જોખને પોતાના હોઠ ઉપર આંગળી મૂકી. કળીને એવી સંજ્ઞાની જરૂર જ ન હતી. પરંતુ બેમાંથી એક બીજું કોઈ પણ એવા સાંભળવા પામ્યાં જ નહીં.

એ કમળનાળે પોતાના ફૂલને પાછું ખેંચ્યું. ફૂલ અને મુખની આકાશનો રશ્મિસેતુ આછો થયો, પણ તે વેગના પહેલાં ફૂલની પાંદડીઓમાંથી મુકુલને જવાબ મળ્યો: "ના, બેટા, કુંડમાં પડ્યા પછી જ ઝોળી ઝૂમી શકાય,-અને તારે કુંડમાં પડવાને વાર છે. હજુ તારે મોટા થઈ તારા બાપાની, કળીની અને તારી નવી બાની સેવા કરવાની છે; જે સેવા મારે કરવાની અધૂરી મૂકીને હું અહીં આવતી રહી છું તે. જા બેટા, પાછો; મારા આશીર્વાદ."

મુકુલ સાંભળી જ રહ્યો. તેને જરા પણ દુઃખ કે ગ્લાનિ થઈ નહીં. રશ્મિમંડલ ઊડતી રહેતાં તેના પોપચાં ઢળી ગયાં અને તે ગાઢ નિદ્રામાં પડ્યો

સવારે ડાક્ટર આવ્યા. માસી કહે, "પાટા ઊખેડી જુઓ! ઘા રૂઝાવાની તૈયારી હશે." "વાહ રે, બહેન, તમારા મોમાં સાકર. પણ તમે બહુ જ આશાવાદી છો. અમારો અનુભવ તો એમ કહે છે કે બહુ ઉતાવળ કરવા જાય તે પાછો પડે." પરંતુ પછી ડાક્તરને દર્દીની હાલત જોતાં એટલો તો સુધારો લાગ્યો કે તેમણે પાટા ઊખેડવા જ. બોચી આગળનો ભાગ હજુ ઠીક જ પોચો હતો, ફરી પાટા બાંધે છે એટલામાં તેની ખેંચથી મુકુલે આંખ ઉઘાડી, અને બોલ્યો, "મા, મને પાણી -

[illegible]." એમ કહેતો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] દાક્તરે એને [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] તે દાક્તરે [illegible] [illegible] [illegible]. [illegible] મુકુલ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] ગયો અને [illegible] [illegible] [illegible] [illegible]. "[illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], અને [illegible] [illegible] સેવા [illegible]. [illegible] [illegible] [illegible] "[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] "આ પક્ષીની સેવા [illegible] [illegible] [illegible] [illegible] [illegible]."

× × ×

[illegible] [illegible] મુકુલ [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] લાગ્યો. પોતાના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] સંસ્કાર એનું આખું જ્ઞાન અને ચારિત્ર્ય ઘડવામાં મોટું [illegible] [illegible].

—[illegible]

3

નરસિંહભાઇ પટેલ

[જન્મ : ઇ. સ. ૧૮૭૪]

[નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ, સોજિત્રાના રહેવાસી, 'પાટીદાર' માસિકના તંત્રી, એક વખત રવીન્દ્રનાથ ઠાકુરના શાંતિનિકેતનના ગુજરાતીમાં અધ્યાપક અને જર્મન અને બંગાળી ભાષાના જ્ઞાતા છે. છેલ્લાં બત્રીસ વર્ષોથી એક રાષ્ટ્રસેવક તરીકે એ ગુજરાતને જાણીતા છે. આપણા હાલના રાષ્ટ્રનાં અનેક સંગ્રામોમાં એ હજી પણ નવીન ઉત્સાહથી ઝૂઝી રહ્યા છે.

'રાજપૂત જીવનપ્રભાત,' 'મહારાષ્ટ્રજીવનસંધ્યા,' 'લતાકુમારી,' 'પદ્માવતી' વગેરે બંગાળી વાર્તાઓના એમણે ગુજરાતી અનુવાદ કર્યા છે. ગેરિબાલ્ડી'ના બંગાળી-અંગ્રેજી જીવનચરિત અને રવિ બાબુના 'નૈવેદ્ય'ના પણ એ અનુવાદક છે. એમના ઉત્ક્રાંતિકારક વિચારોને લીધે એમને માતૃભૂમિથી દૂર વર્ષો સુધી દેશવટે પણ રહેવું પડ્યું છે

જર્મન કવિ શિલરના 'વિલ્હેમટેલ' નાટકના તેમ જ જર્મન કૃતિ 'બુદ્ધ અને મહાવીર'ના પણ એ અનુવાદક છે. પ્રાકૃત ભાષામાં અતિ પ્રસિદ્ધ 'તરંગવતી' અથવા 'તરંગલોલા' નામે જૈન કથા બાણની 'કાદંબરી'નો જોટો હતી. મૂળ પ્રાકૃત વાર્તાનો જર્મન અનુવાદ થયો અને તેનું થી નરસિંહભાઇ પટેલે ગુજરાતી રૂપાન્તર કર્યું છે.

એક જૈન સાધ્વી પોતાના પૂર્વજન્મની વાત કહેતાં પોતાના ચક્રવાકીના અવતારની વાત કહે છે. સ્નેહ અને સદાચારના આદર્શો એવા આ ચક્રવાકના જોડાની વાર્તા ઘણી જ રસિક ને અદ્ભુત છે]

[illegible] કે [illegible] [illegible] મોર [illegible] આખું [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

"આ [illegible] [illegible] [illegible] [illegible]"

×

પ્રથમ રાત્રીમાં [illegible] [illegible] [illegible] લાગ્યો. પોતાના [illegible] [illegible] એનો [illegible] સંસ્કાર એનું આખું [illegible] અને [illegible]

અમારાં કાનને અને હૃદયને આનંદ આપતાં, એકબીજાને ખૂબી કરતાં. એક બીજાની પાછળ જતાં, સાથે ગમત રમતાં અને એકબીજાનો વિજોગ સહી શકતાં નહિ. નદીઓ, કમળસરોવરે, રેતીને કિનારે કે કિનારાના જંગલોમાં જતાં ત્યાં અમે સ્નેહનો દેખાવ કર્યા વિના જ પણ સાથે સ્નેહે બંધાઈને સાથે જ રહેતાં.

એક સમે કેટલાં જળપક્ષીઓ સાથે અમે પણ ગંગાને પાણીએ બનેલાં સુંદર તળાવમાં રમતાં હતાં. તેવે સૂર્યને તાપે બળ્યો થયો ગયેલો એક હાથી ત્યાં નદીમાં ન્હાવા કાજે આવ્યો.

રાજાઓના ભાગ્યસમા ચંચળ એના કાન આમતેમ હાલતા હતા. મૃદંગના જેવો મૃદુમૃદુ અવાજ તે કર્યા કરતો, પણ વળી એ રાક્ષસસમું પ્રાણી મેઘગર્જનાના જેવો ભયંકર નાદ પણ કરતું. તેના કુંભસ્થળમાંથી મદ ઝરતો હતો અને સપ્તપર્ણવા ફૂલના જેવો એનો તીવ્ર વાસ પવનને [illegible] પ્રસરી રહેતો.

કિનારાના ઢોળાવ પરથી આ મહાપ્રાણી નીચે ઊતર્યું. રેતીમાં પડતા એનાં પગલાં વડે જાણે ગંગાની કેડ ઉપર કંદોરો બનાવતું હોય તેમ દેખાવા લાગ્યું; અને સલૂણી રાણી જેવી ગંગા જાણે એ હાથીથી ભય પામીને પોતાનાં મોજાંને ઊંચકીને દોડતી જતી હોય તેમ દેખાવા લાગી. એણે પાણી પીધું ને પછી સૂંઢથી ફૂંફાડો મારીને પાણી એવું ઊડાડ્યું કે જાણે નદી ઉપર વાદળ ચ્હડી આવ્યું !

પછી પ્રવાહમાં એ ઊંડે ઊતર્યો અને સૂંઢ વડે પાણીનો પર્વત જેવડો પ્રવાહ પોતાની પીઠ ઉપર વહેવડાવ્યો. નદીમાં એણે એવાં તો મોજાં ઊડાડ્યાં કે તે અમે હતાં તે તળાવમાં પણ આવી પહોંચ્યાં. એ જ્યારે સૂંઢ ઊંચી કરતો અને તે વખતે એનું મોં પહોળું થતું ત્યારે એનાં જડબાં, જીભ અને હોઠ વડે એવી ભભક દેખાતી કે જાણે એ અંજનપર્વતની સિંદૂરની ગુફા હોય.

ભયથી નાસીને બીજાં જળપ્રાણીઓની પેઠે હું પણ મારા સ્વામીની સાથે ઊંચે ઊડી ગઈ. પછી હાથી નદીમાંથી નીકળી પોતાને રસ્તે પાછો

ચાલ્યો જતો હતો. તેવે સમે વનપુષ્પોએ શણગારાએલો હાથમાં ધનુષ્યબાણ લેઇને સાક્ષાત્ જમદૂત જેવો એક જુવાન પારધી આવી પહોંચ્યો.

એના પગ ઊઘાડા હતા; અને નખ વાઘના પંજાશા ખૂબ લાંબા વધેલા હતા. એનું શરીર ખૂબ મજબૂત હતું અને એની પહોળી છાતીમાંથી ધનુષ્યની પણછ ફુટે એમ બે લાંબા હાથ ફુટતા હતા. તેની દાઢી રતાશ પર અને સુંવાળી હતી; ઓઠ કાંઇક ફાટેલા હતા અને બળવાન ખાંધ ઉપર માથું હાલતું હતું; માથા ઉપર વાંકડીઆ વાળ હતા અને વાળના છેડા સાપની જીભશા દેખાતા હતા. વળી પવનને અને સૂરજને તાપે કરીને એની ચામડી કાળી થઇ ગયેલી હતી. તેથી એ રાક્ષસસમો કે જમદૂતના સાક્ષાત્ અવતારસમો દિસતો હતો.

તેની પીઠે એક તુંબડું લટકતું હતું; અને તેમાં બાણ ભર્યાં હતાં. તેણે ભયંકર વ્યાઘ્રચર્મ પહેર્યું હતું, અને તે જાણે વસ્ત્ર ઉપર મેંશના કે શાહીના લીસોટા તાણ્યા હોય એમ દેખાતું હતું.

પારધીએ એ હાથીને જોયો કે તરત જ, જરૂર પડે તો ઉપર ચઢી જવા માટે, દોડીને એક મોટા ઝાડ નીચે એ જઇ ઊભો. પછી ધનુષ્ય પર બાણ ચ્હડાવીને ખૂબ જોરથી ખેંચ્યું ને હાથી ઉપર તાક્યું.

પણ કમનસીબે એ નિશાન ચૂકયો; અને તે હાથીને ન લાગતાં સામે જ ઉડતા મારા સ્વામીને જઇ ચોંટયું. તેનાથી એમની એક પાંખ કપાઇ પડી ને તેની સાથે એ પણ મૂર્છા ખાઇને પાણીને કિનારે પડયા !

હું મારા પ્રિયની પાછળ ઊડી અને એમની વેદના મારાથી નહીં સહન થઇ શકવાને કારણે હું પણ તેમની પાસે જ મૂર્છિત થઇ ધરણી ઉપર ઢળી પડી.

જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં બળતે હૈયે અને આંસુભરી આંખે શું જોયું ? મારા સ્વામીની પાંખ છૂટી થઇને, જાણે પવનના બળે તૂટીને કમળ પડયું હોય એમ એમની પાસે પડી હતી; અને તેમના શરીરમાં બાણ ચોંટયું હતું. પાસે પડેલી પાંખ કમળના પાન જેવી વિખરાઇ પડેલી હતી.

જાણે રાતાપીળા ઘડા ઉપર લાખના ડાઘા પડ્યા હોય તેમ મારા સ્વામીના શરીર ઉપરના લોહીના ડાઘ દેખાતા હતા. એ ડાઘ એટલા બધા પડ્યા હતા કે તે જોઇને કોઇને તો એમ જ લાગે કે અશોક ફુલના ગોટા ઉપર ચંદનરસની છાંટ મારી છે; અને છતાં પે એ પાણીને કિનારે જ પડેલા હોવાથી કિંશુકવન જેવા કે આથમતા સૂર્ય જેવા ભવ્ય દેખાતા હતા.

મારી ચાંચવડે મેં એમના ઘામાંથી બાણ ખેંચી કાઢ્યું; અને રડતી આંખે, મારી પાંખો વડે મેં એમને પવન નાંખ્યો. પછી મેં એમને બોલાવ્યા; પણ એ તો જડ પડી નિશ્ચેષ્ટ થઇને પડી રહ્યા હતા. તેમ છતાં સ્નેહને લીધે અને મૂંઝવણને લીધે તે વખતે તો મેં માની લીધું કે હજી એ જીવતા છે.

પણ જ્યારે મને બધું સમજાઇ ગયું ત્યારે વર્ણવી નહિ શકાય એવી વેદનાએ હું તો થોડીવાર બેભાન થઇ ગઇ. પછી મારી પાંખોમાંનાં સુંદર પીછાંને મારી ચાંચ વડે ચુંથી નાંખ્યાં; મારા સ્વામીની પાંખોમાં પણ મેં ચાંચો મારી અને મારી પાંખો વડે હું એમને બાઝી પડી. હું એમની આસપાસ ઊડવા લાગી અને આમ રૂદન કરવા લાગી:

"તમને, આ ગંગાના શણગારને, કિયા પાપીએ માર્યા! મારા સુખની ઇર્ષ્યાએ કોણે મને અનાથ કરી મૂકી કે તેથી વિજોગનું દુઃખ મને આગના ભડકાની પેઠે બાળે છે, અને ભયંકર વિચારોની અંદર મારે ડૂબી જવું પડ્યું છે! મારા પ્રિય સ્વામી, હવે તમારા વિજોગે કરીને કમળસરોવર ઉપર હું આનંદ શી રીતે ભોગવી શકીશ? આપણા બેની વચ્ચે કમળના પાંદડાએ કરીને પણ વિજોગ પડતો તો જાણે તમે પરદેશ ગયા હો એમ મને તેનું દુઃખ સાલતું ત્યારે હવે તો મૃત્યુએ આપણને આજે કાયમના જૂદા પાડ્યા છે; માટે હવે મારા દુઃખનો અવધિ ક્યાં આવશે!"

ફરીવાર પાછો એ પારધિ આવ્યો અને મારા જીવનના સાથી ઉપર નજર કરી જોવા લાગ્યો, ત્યાંતો હાથીને બદલે મારા સ્વામી

માર્યા ગયેલા જણાયા. તેથી તેઓએ ખીજે એ મોટી ચીસો:
‘હા પ્રભુ!’

એ ભયંકર માનવીના બાણથી હું પાછી ભેટી ગઈ પણ મારા સ્વામી માર્યા ગયા તેથી એને પણ દિલગીરી થઈ. એણે એમને લાવીને ચંદ્રપ્રકાશ જેવી રેતી ઉપર મૂક્યા. પછી કિનારા ઉપર એ લાકડાં શોધવા લાગ્યો એટલે ફરીને હું મારા પ્રિય સ્વામી પાસે જઈ બેઠી. કુરસાં ભારતીઓની વિદાયના જેવા શબ્દો હું બોલતી હતી એટલામાં તે પારધી લાકડાં લઈને વળી પાછો આવ્યો; અને હું ફરી પાછી ઊડી ગઈ. મને જણાયું કે એ પાપી હવે મારા સ્વામીનો અગ્નિસંસ્કાર કરશે તેથી એમના મૃત દેહ ઉપર આમતેમ આકાશમાં મેં ચીસાચીસ પાડવા કરી.

અને સાચે જ એ પારધિએ પોતાનું ધનુષ અને ભાથામાંનું રૂમકું ભોંય ઉપર મૂકીને મારા સ્વામીને લાકડાની ચિતામાં મૂક્યા. પછી એમાં અગ્નિ મૂક્યો અને લાકડાની ચિપાટો આમતેમ ખોસી ચાલી. મને તો એ અગ્નિ દાવાનળ કરતાં પણ ભયંકર લાગ્યો અને વિચારમાં અને વિચારમાં મારા સ્વામીને શોકભર્યા હૃદયે કહેવા લાગી:

“ઓ પ્રિય સ્વામી, આજ સુધી આપણા મિત્રરૂપ પાણીમાં તમે વાસ કરાતા તે આજે આ શત્રુરૂપ અગ્નિને શી રીતે સહન કરી શકશો? જે અગ્નિ તમને બાળે છે તેથી હું પણ બળી મરું છું; એ અગ્નિ તમે શી રીતે સહન કરી શકશો? આનંદ અને શોક ઉપજાવનારું આપણું પ્રારબ્ધ હજી યે ધરાયું નથી કે આપણને એકવાર એક કર્યા પછી પણ પાછાં ફરી જૂદાં કર્યાં?

“અરેરે! મારું હૈયું લોઢાનું હોવું જોઈએ, નહિ તો એ તમારું દુઃખ ઓ પ્રિયતમ! આમ જોઈ રહે નહિ પણ તરત જ તમારી ચિતામાં જ કુદી પડે. આમ દુઃખમાં ને વિજોગમાં તમારાથી દૂર રહું એના કરતાં તો એ ભલું કે હું તમારી સોડમાં ચિતા ઉપર સુઉં–”

આમ શોકના આવેશને કારણે ને નારીસુલભ વીરતાને પ્રભાવે હું સતી થવાના ઠરાવ ઉપર આવી. જે સ્નેહી આત્માની પાછળ એમનું શરીર ચાલ્યું જતું હતું તેમની પાસે હું અગ્નિમાં જઈ પડી.

અગ્નિ મને હવે હિમ જેવો ટાઢો લાગવા લાગ્યો; કારણ કે હું મારા સ્વામીની સોડમાં હતી. ફૂલમાં જેમ ભમરી, તેમ હું અગ્નિમાં ડૂબી ગઈ; અને એ અગ્નિએ મારા સ્વામી ભેળી કરી દીધી. જો કે રાતીપીળી અગ્નિની શિખા મને બાળતી મારી ચારે બાજુએ રમતી હતી, તો યે પતિના વિચારમાં મને તેથી જરા યે દુઃખ થયું નહિ. એમ, હું સતી થઈને મારા પ્રિય પતિની પાછળ ચાલી નીકળી.

—મંજુલાલ મજમુદાર સંપાદિત 'ગુજરાતી સાહિત્યપરિચય'

મટુભાઈ કાંટાવાળા

[ઇ. સ. ૧૮૮૦-૧૯૩૩]

[મટુભાઇ હરગોવિન્દદાસ કાંટાવાળા વડોદરાના વતની અને આપણી મુંબઇની યુનિવર્સિટિમાં ગુજરાતી ભાષા અને સાહિત્યનો વિષય લેનાર પ્રથમ ઍમ. એ. હતા. વર્ષો સુધી ચાલેલા લોકપ્રિય 'સાહિત્ય' માસિકના એ તંત્રી હતા. 'નારદ' ઉપનામથી એમણે કેટલીક નવલિકાઓ લખી આપણા એ સાહિત્યના અંગને 'સંસારલીલા' અને 'વીતક વાતો' નામે બે સંગ્રહો આપ્યાછે. વડોદરા રાજ્યમાં પ્રસિદ્ધ થયેલી જૂના ગુજરાતી પદ્યસાહિત્યની 'પ્રાચીન કાવ્યમાલા'ના સંચાલક એમના પિતા હતા. પ્રેમાનંદને નામે ચઢેલાં નાટકો પ્રેમાનંદનાં છે એમ એક સબળ પક્ષ મટુભાઇએ 'જ' ઉપનામથી લીધો હતો. 'પ્રેમાનંદનાં જ નાટકો' એ પુસ્તકદ્વારા એમણે એમની દલીલો રજૂ કરી હતી પણ તેમના પ્રતિપક્ષી નરસિંહરાવ દીવેટિયાના જેવી એ સબળ નથી.

'હું કેમ પરણ્યો?' એ મટુભાઈની સામાજિક નવલિકા છે. એમાં વિચિત્ર સંજોગોમાં એક વિધવાલગ્ન કેમ થયું તેનું રમૂજચિત્ર છે.]

હું કેમ પરણ્યો?

હું ઊમરેઠનો રહેવાસી છું ને બે પૈસે સુખી છું. મારો ધંધો ધીરધારનો છે. ઊમરેઠ ને આસપાસનાં ગામોમાં મારાં ઘરાક છે. અવારનવાર ઉઘરાણીએ મારે જવું પડે છે. ચાલુ સાલે ધાડપાડુઓ, ...રા ને બહારવટીઆનો ત્રાસ વિશેષ છે, તેથી મારે ઘણી સાવચેતી

લેવી પડતી હતી...મહિનામાં ડાકોરના એક આસામીનો વાયદો હતો, તેથી મારે ત્યાં જવું પડયું. રૂપીઆની રકમ મોટી હતી. હજાર કે બે હજાર લાવવાના હતા. તેથી ઘેરથી સાદાં ને ફાટપાંતુટયાં લૂગડાં પહેરી હું નીકળ્યો. માથે સાધારણ ટોપી હતી. મારું ગામ એવું સાદું છે કે અમે તેવાં કપડાં પહેરો તો યે ચાલે. મહાત્મા ગાંધી હજી હવે ખાદી માટે સહન ચલાવે છે, પરંતુ અમે તો મૂળથી ગજીઉં પહેરવાંમાં માન સમજીએ છીએ એવાં કપડાં પહેરી આપણે નીકળ્યા શુકન સારા થયા. એટલે જ્યાં કાંઇ અડચણ પડી નહિ. ઘરાકને ઘેર મિષ્ટાન્ન ઝાપટી રૂપીઆ બે હજાર તેના પાસેથી કઢાવ્યા. મારી ફાટેલી ટોપીની અંદરના અસ્તરમાં બે હજારની નોટો સેરવી દીધી. ને બંદા ડાકોરથી ચાલી નીકળ્યા. ડાકોરથી ઉમરેઠનો રસ્તો એકાકાર છે, જાણે ડાકોર ઉમરેઠનું પરું ન હોય! ઉમરેઠમાંથી ઘણાને રોજ ડાકોરરાયના દર્શન કરવાનો નીમ હોય છે, ને તેવા લોકો પગે ચાલી રોજ ડાકોર જઇ આવે છે. એ કારણે રસ્તે કંઇ ખાસ ભો હોતો નથી. પરંતુ હાલમાં બહારવટીઆના ત્રાસથી જવરઅવર ઓછો થયો છે, ને મને નીકળતા કાંઇક મોડું થયું, એટલે મનમાં પાકી દહેશત હતી તેથી સાવચેતીના ઉપાય તરીકે નોટો ટોપીમાં ખોસી ઝપાટાબંધ હું ચાલ્યો.

ડાકોરથી ઉમરેઠ આવતાં સૃષ્ટિસૌન્દર્ય જોવાનું ખાસ મળતું નથી તોપણ શિયાળાનો દહાડો હતો એટલે ખેતરોમાં લીલો હરીઆળો પાક હતો. પાકના દાણા ઝળકયા ન હોતા કોઇના ડુંડામાં દૂધ બાઝયું હતું. એવા દૂધભર્યા કેસરનો પરાગ સાંજના પવનને સુવાસ આપી રહ્યો હતો. આંબાના મોરની કળીઓમાં વિકસીને એ પવનને વધારે મઘમઘાવી રહેલી હતી. ઊંચા મહુડાના ઝાડ ઉપર સવારે ટપકવાના મહુડા પાકીને ગલ થઇ એમ ઝાડોની શોભામાં ઓર વધારો કરતા હતા. આથમતા જતા સૂર્યના કેસરના રંગબેરંગી અને મોટે ભાગે લાલ કિરણો ઠેઠ સુધી રસથી ભરેલા એ ફળો ઉપર પથરાઇ પાકા કરતા હોવાથી ઝાડો ઉપર અનેરા તેજનો ચમક થયો હતો અને તેથી, આકાશમાં જમ્યાના રંગો

સાથે ચાર રસ્તામાં ઊભેલું હોય, એમાં [illegible]
[illegible] ઉપર બેસાડો ને ચેલીઓ [illegible]
[illegible] વરતનું ગયેલું, તે પાસેના [illegible], એટલે [illegible]
મંડપો ઉપર નાના સુરેખ બહુરંગી ફૂલો ખીલેલાં હતાં; હમણાં જ ખીલેલાં
એટલે તેમની મીઠી ને તાજી વાસ આગળના નાકમાં થઈ [illegible] મગજ ઉપર
તાજગી પાથરતી હતી. કવિઓ કે ચિતારા [illegible] સૃષ્ટિસૌંદર્ય આ
નહિ હોય, પરંતુ ગામડામાં જે દેખાતો [illegible]
છીએ તેનું ચિત્ર આ વખતે મારી આંખે પડ્યું.

સૃષ્ટિસૌંદર્ય સાથે પ્રકૃતિગાન ગવાતું હતું. પોપટોના ત્યાં મધુર વાણી બોલતાં ન હોતાં; પરંતુ ચકલીઓ ચીંચીં ને કાગ કાકા કરતાં. પીલતા પાક હવે ઓછા થયા છે, તોપણ ઊંજેલા ચીચૂડાથી હળવા થયેલા કોસનો મીઠો ધ્વનિ દૂરથી ખેંચાઈ આવતો હતો; ને કોઈક દૂરના કોસ હાંકનારના શેરડીના રસ જેવા મધુર સ્વર તેની સાથે હરીફાઈમાં ખેંચાઈ કાન ઉપર અથડાતા હતા. મારું મન ચકડોળે ચઢ્યું: પ્રેમના વિલાસના તરંગો આવવા લાગ્યા. શેઠીનો પુલ મેં ક્યારનો વટાવ્યો હતો, પણ મોડું ન થાય એ માટે આવાં નકામાં શમણાંમાંથી જાગ્રત થઈ મેં ઝપાટાબંધ ચાલવા માંડ્યું.

× × ×

'મોટાં પગલાં'એ આવી પહોંચ્યો. 'આખા લીમડામાં એક ડાળ મીઠું, કે રણછોડ રંગીલો' એ ગોપકાવ્ય મને સાંભર્યું. લીમડો દૂર હતો; ડાળ મીઠું હતું કે નહિ તે જોવાની પરવા ન હોતી. પગલાંને નમીને ઝટ ચાલ્યો. એથી થોડે આગે વાવ આવી તે જોવા ન ઊભો રહ્યો, ને આગળથી ચાલ્યો પાંચેક મિનિટમાં 'સતાં' તલાવડી આવશે. હાલ તો ખાડો રહ્યો છે: પાણીએ ન હોતું. એ તલાવડીની જગા ચોર ને લૂટારાને ફાવે તેવી છે. એત્રણ રસ્તા ભેગા મળે છે ને તલાવડીનો ખાડો દૂરથી જણાતો નથી. આ વખતે ભગવાન સૂર્યનારાયણ બરોબર ક્ષિતિજ આગળ આવ્યા હતા. વખત રોળીટાળીનો હતો. જેવો હું

તમારાથી નજીકમાં જતો હતો, એવામાં બુકાની બાંધેલા ને હાથમાં ભાલો લીધેલા ત્રણ જણ બાજુ ઉપરની વાડેથી નીકળી મારી આગળ આવ્યા. મારા હોશકોશ ઊડી ગયા. અમારી વચ્ચે દસેક કદમનું અંતર રહ્યું હતું. ત્રણમાં જે મુખી જેવો હતો તેણે ફરમાવ્યું, "ખબરદાર ! ત્યાં ઊભો રહે."

હું ગભરાયો ને દેખાવની હિંમત ધારણ કરી બોલ્યો: "આ ઊભો, શું છે ?"

"શું છે, તે સમજતો નથી ? પાસે જે હોય તે ધરી દે."

આટલી વાત દરમિયાન મને કાંઈક ધીરજ આવી હતી. મેં યુક્તિથી મારી ટોપી આદિ આગળ ફેંકી ને કહ્યું: "લો આ 'હાટી સરખી' ટોપી ને આ "લુગડાં."

એટલું બોલી લુગડાં ઉતારતાંઉતારતાં મેં કાંઈક રોફ સાથે વિનવવા માંડ્યું: "બિચારા બ્રાહ્મણના આટલા લુગડાં લઈ તમે નામેવાન થજો."

આ રોફ સહ કરેલી વિનવણીની અસર થઈ. કદાચ એમ હોય કે કદાચ લુગડાંનો ઢગલો જોઈ તેમની ખાતરી થઈ હોય, કે મારી પાસે કાંઈ નથી. ગમે તેમ હોય, પણ મુખીએ કહ્યું: "એ........તું બ્રાહ્મણ છે, તેથી તને જવા દઈએ છીએ" લુગડાં પહેરી ટોપી ઊપાડીને મેં ચાલવા માંડ્યું કે તુર્ત પાછો મુખી મારી પાસે આવ્યો, ને પાછળથી મારી પીઠ ઉપર હાથ મૂકી તેણે પૂછ્યું: "ઓ લાડુભટ્ટ, આ પાછળ આવે છે તે કોણ છે ?" "મેં પાછા વળી જોયું તો, કોઈ બાઈ આવતી હતી. સૂરજ અડધો ક્ષિતિજમાં પહોંચ્યો હતો, એટલે હજી પુષ્કળ અજવાળું હતું, તેથી બાઈએ ઘરેણુંગાંઠું પહેરેલું હતું, એમ જણાતું હતું મને બીક લાગી કે રખેને આ લોકો તેને સતાવે કે લૂંટે. તેથી કોણ જાણે કેમ, મારા મોંમાંથી નીકળી ગયું કે "મને શું કામ પૂછો છો ? એને જ પૂછોને !"

એવામાં બાઈ પાસે આવી પહોંચી. તેને ઉદ્દેશીને મુખીએ પૂછ્યું: "બાઈ, આ તારો કોણ થાય ?"

મારૂં કહેવું સંભળાયું હોય, અગર અનિવાર્યપણે પ્રેમાંકુરો ઊગે તે ચાલી ગઈ હોય, એમ તેમ પણ તેણે જવાબ આપ્યો: "કોણ તે વળી મારા ધરવાળા–ઘર–ધણી."

આ જવાબ સાંભળીને હું તો આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયો. મારી આશાની હિંમત ઉપર ફિક્કો થઈ ગયો. મેં ધીમેધીમે આગળ ચાલવા માંડયું, એટલે યુવતીએ નિર્ણય જાહેર કર્યો: "ના, બેન, ના, હું પાસાજની સ્ત્રી છે, ને વાગ વગને અમે હમણાં છોડી દીધો છે, તો તને પણ જવા દઈશું કદી, તારી જોડે માસ મના તો ઠીક છે, પણ ભગવાન તેનો બદલો અમને આગળ ઉપર આપશે."

એ બાઈ ઉતાવળે મારી પાસે આવી લાગી. પાંદડાની માફક તેનું આખું શરીર ધ્રુજતું હતું. તેને ઘણી બીક લાગી હતી. મને પકડી પાડી તે બોલી. "મને સારો સંધાન મળ્યો: ઠેઠ સુધી. ઈશ્વરનો પાડ." તેના બીકથી થરથરતા ધાંટામાં કાંઇક અજબ મોહિની મને લાગી. રૂપાની ઘંટડીનો અવાજ કાંઇ હિસાબમાં નહિ. સ્વરનાં કાંઇ અપૂર્વ મોજાં મારા કાનને અથડાયાં. મેં તેના સામું જોયું, ને તે જ ક્ષણે તેણે 'કોણ તે વળી મારા ધરવાળા' એનો આપેલો જવાબ યાદ આવ્યો. તે નીચું જોઇ આવતી હતી, તેથી મેં બારીકીથી તેને જોઇ.

૩

આ મૂર્તિ અજબ હતી. કવિઓ કે સૌન્દર્યપ્રેમીઓ વખાણે તેટલું રૂપ એનામાં ન હોતું, પરંતુ રૂપથી પણ કાંઇક અધિક તેનામાં હતું. તે અવર્ણ્ય હતું. તે મદમાતી નિડર ચાલતી હતી, હું માત્ર ખેંચાતો હતો. બ્રહ્માએ તેને થોડી કંઇક ઘડી ન હોતી. પરંતુ તેના દરેક અંગમાં અને ઉપાંગમાં જોબન ખીલી નીકળેલું હતું. ગુલાબી સફેદાઇને બદલે ચંપકવર્ણી છાંટ તેના શરીર ઉપર હતી. વિંધેલું નાક, રંગેલા દાંત અને છુંદેલાં છુંદણાં ઉપર મને સ્વભાવિક અણગમો છે, છતાં તે બધાંની હાજરી અહિં બાધકારક લાગી નહિ. હસુંહસું થતું તેનું મોં, ભરાવદાર ગાલમાં પડતા ખાડા, બેપરવાઇથી હોળેલા માથાની ઊડતી લટો, અતિ

વિશાળ અણિયાળી આંખો, મને પરવશ બનાવવા બસ હતી. હું પરણ્યો હતો, પણ મારી વહુ નાનપણમાં ગુજરી ગયેલી ને કન્યાની અછત એટલે ફરી કાંઇ વિવાહ થયેલો ન હોવાથી રાંડયા છતાં હું કુંવારો હતો. મારું સ્થાન આલયમાં ન હોતું. હું તો આ ઓટલે ઘડીકમાં જેમ રહેતો. મને હોટલો બાબતી તેની પરવા ન હોતી. 'ટોકર વાગે ત્યારે મને જમવાનું આવે' એવું ન હોતું.

મેં પૂછ્યું : બાઇ, ક્યાં રહો છો ?

"ઊમરેઠ." ટૂંકો જવાબ આપ્યો.

"ઊમરેઠમાં ક્યાં ?"

"—પોળમાં," ફરી ટૂંકો જવાબ મળ્યો.

"આપણે પૂછ્યું: પરણેલ છો ?"

આ શબ્દો સાંભળી તે ઘણી ચોંકાઇ, ને બોલી: "આવું શું કામ પૂછો છો ? મેં લુટારાને કહ્યું કે તમે મારા ઘરવાળા છો તેથી ? કહ્યું માટે કાંઇ થઇ ગયા ? બોલ્યા તો બોલ્યા, પણ હવે મને સતાવશો નહિ, તમે તમારે રસ્તે ને હું મારે રસ્તે બો, આ 'વડા' આવ્યાં."

ગર્વથી, તિરસ્કારથી, આટલું બોલતાં આ 'ગામરેની ગોરી'ની ભમર ઊંચી ચઢી. તેથી તે વધારે ખૂબસુરત જણાઇ. કુદરતી સુંદરતા જેને મળી હોય છે તેને ચાંદવવાથી તેના મોહકતા વધે છે. એ ગર્વઘેલડી, અણબોલડી, કનકની વલડી' આબેહૂબ પ્રેમાનંદે વર્ણવ્યા પ્રમાણે

" વેલ જાણે હેમની અવેત્ર ફૂલ ફુલી !
ચકિત ચિત્ત થયું માહ ને ગયો દૂતત્વ ભૂલી."

લાગવાથી મારું તેણે તેના રક્ષણ કરનારનું જે અપમાન કર્યું તે હું ભૂલી ગયો. તેને હજુ ઓર ચાંદવી તેનું રૂપ ખીલવવાનો મને વિચાર આવ્યો. સુંદર માનુનીને ચાંદામણી તમે કદી જોઇ છે ? આ તો ચંપકવર્ણી હતી, ને ગુસ્સાની લાલી ફરી વળવાથી તેનું મોં સુવર્ણમય કાંતિથી ઝળઝળી ઊઠ્યું. કેમ જાણે મારો ભાવ તે સમજી હોય એમ તેણે

ક્રોધભર્યે અવાજે કહ્યું : "મળ્યા ભાઈની પ્રીત ! તમે મારા ઉપર ઉપકાર કર્યો છે, પણ તેના બદલામાં હું કાંઈ અપમાન સાંખીશ નહિ, સમજ્યા? તમારે ને મારે શું ?"

તે આ બોલ ભાગ્યે જ બોલી રહી હશે એટલામાં બાજૂની વાડ પાછળ ખડખડાટ થયો, ને નજીકના છીંડામાંથી એક આકૃતિ બહાર આવી. એકદમ મારી નજીક દોડી આવી. પાસે આવતાં જણાયું કે એ પેલો મુખી હતો. આવતાં જ તેણે ગુસ્સામાં પ્રશ્ન કર્યો: 'કેમ અલી! તું તો કહેતી'તી ને કે એ મારા ઘરવાળા છે? તે હવે કેમ કહે છે કે તમારે ને મારે શું? એમ દાગીના લઈ છટકી જવાશે નહિ. મને પહેલેથી જ શક હતો કે 'દાળમાં કાંઈક કાળું' છે. તમે બંને વરવહુ નથી. ઉતાર તારા દાગીના."

હું ચોભીલો થઈ ગયો. ને પેલી તો શિયાંવિયાં થઈ ગઈ. તેનું મોઢું રડુંરડું થઈ ગયું. કાંઈ દયા રાખ્યા વિના મુખીએ ભાલો ઉગામ્યો ને પોકાર્યો: "માને છે કે નહિ ? એ તારા વર થતાનું કાંઈ ચાલવાનું નથી."

કોઈ પણ એશઆરો ન રહેલો હોવાથી કંપવાયુ થયો હોય એમ ધ્રૂજતી તે આવીને મારી કોટે વળગી. છેક દીન મુખ કરી જાણે મને વિનવતી હોય તેમ મારા મોં સામું જોઈ તે મુંગી ઉભી. તેના બંને હાથ મારા ગળા આસપાસ વિંટાયેલા હતા. તે દરેક પળે વધારે સખ્ત બંધનમાં મારૂં ગળું ભીડતા હતા. હવે શું કરવું ? મેં તેના સામું જોયું. મેં શું જોયું ? તેના કપાળે ચાંલ્લો ન હોતો ને હાથે માત્ર એકકેક સોનાની બંગડી હતી. શું તે વિધવા હતી ? વધારે વિચાર કરવાનો વખત ન હોતો. મેં કહ્યું, "બહાલી, લુટારા પોતે જુઠ્ઠા હોય એટલે બીજાને જુઠ્ઠા માને. તેઓ વળી લોભી એટલે આપણે કહીશું તે માનવાના નથી. હશે; ઉતારી આપ તું તારા દાગીના."

મારા વર્તનનો ભાવ તે બરાબર સમજી, ને દાગીના ઉતારવા લાગી, એટલામાં પેલો આગ્યો. 'એવું મા બોલો. મેં તમારી તમામ વાતચીત સાંભળી છે. મને પહેલેથી વહેમ હતો કે બાઈ જુઠું બોલી

છે. એટલે હું તમારી પાછળપાછળ છૂપાતો લપાતો ચાલ્યો આવું છું; તેણે તમને કહ્યું ન હતું કે તમે તમારે રસ્તે? બોલો, તમે જુઠ્ઠા કે હું? સૂટારા પણ પોતાનું વચન પાળે છે."

એક પળ વિચાર કરી અપૂર્વ શાંતિ ધારણ કરી મેં ઉત્તર આપ્યો. "તમે રજેરજ સાચું બોલો છો, પણ મૂળ વાત એમ છે કે અમે બન્ને ધણીધણીઆણીને બનતું નથી, ને ક્યારનાં જૂદાં રહીએ છીએ, ને તેથીજ તમે સૌથી પહેલાં મને પૂછ્યું કે, 'એ તમારી શી સગી થાય' ત્યારે મેં કહ્યું કે એને પૂછો. અહિં અચાનક અમારો ફરી ભેટો થવાથી સમાધાન માટે હું એને સમજાવતો હતો ને તે માનતી ન હોતી; દરમિયાન તમે ઠીક આવી લાગ્યા. તમે અમારો ફરી સબંધ કરી આપ્યો. તમે જોયું ને કે એ કેવી મારે તાબે થઈ?"

બાગ બોલવાને એ બાપડીએ ટેકો આપ્યો: "મેં મારી ભૂલ જોઈ છે. હવે હું પસ્તાઉં છું." અને ગળામાંથી કંઠી ઉતારી સુખી તરફ ફરી તેણે આગળ ચલાવ્યું: "લે ભાઈ, આ એક કંઠી. મને બહુ બીક લાગે છે, તારો ભાલો દૂર મૂક."

આ વાતચીતથી સુખીનું હૃદય પીગળ્યું. ગળગળો થતાં તે બબડ્યો: "જાઓ વર ને બાઈ જનન. જાઓ ભાઈ, જાઓ. મારે કાંઈ નથી જોઈતું. પણ યાદ રાખજો કે તમે લડી પડેલા વરવહુ હવે જો અહીંથી જઈ એકઠાં એક જ ઘરમાં નહિ રહો તો તમે બન્ને જુઠ્ઠાં છો, એમ માની તમને બન્નેને ઘેર આવી આ બાબતથી કાર કરીશ, ને ઘરબાર લૂંટી જઈશ. એમ ન કરું તો મને .ની આણ છે."

આટલું બોલી ઝટ દોટ મૂકી નાસી ગયો.

૪

સુટારાથી છૂટયા તો ખરા, પણ અમારી ખરી મુશ્કેલી તો હવે શરૂ થઈ. અમને આ શું સૂઝ્યું! હવે શું કરવું, ક્યાં જવું ને કેમ વર્તવું? મને પસ્તાવો થયો. મારું અંતઃકરણ મને ડંખવા લાગ્યું. મેં

આ શું કર્યું ? અને હવે શું કરવું ? એટલામાં તે બાઇ બોલી: "ભાઇ, તમારો ઉપકાર માનું છું. તમે ન હોત તો એ મુવો મને મારી નાખત, કે આબરૂ લેત. એનો ભાલો જોઇ હું તો થરથરી ગઇ છું."

હું સાંભળી રહ્યો. ઘોર અંધારી રાત શરુ થઇ હતી. અમે વડમાં હતાં. એ લગભગ ગામની ભાગોળ કહેવાય. ત્યાં ઊભાં રહે બંધ વળે તેમ ન હતું, તેથી છેવટે મેં કહ્યું: "ચાલો બેન, આપણે, હવે જતાં રહીએ."

"હા, પણ હવે પેલા મુવાની ધમકીનું શું ? આપણે શું કરીશું ?"

"ગામમાં તો જવું જ પડશે. એમ એની ધમકીથી ડરી ગયે કંઈ પાર આવશે ? તમે તમારે ઘેર જાઓ; હું તમને મૂકવા આવીશ."

"ના ભાઇ, એમ ન થાય, ને તે પણ આજે ને આજે ? તમે જોયું ને કે રડ્યો કેવો હમણાં ફૂટી નીકળ્યો હતો ? પાછો મુવો આપણી પૂઠે લાગેલો હોય તો ?"

"ત્યારે શું કરવું ? આજનો દિવસ કાં તો તમારે ઘેર આવું, કે કાં તો......" એટલું બોલી હું અચકી ગયો.

"કે કાં તો હું તમારે ઘેર આવું." તેણે વાક્ય પુરૂં કર્યું ને ઉમેર્યું. "હા, ચાલો."

અમે ચાલવા માંડ્યું. 'નાનાં પગલાં' એ આવી, દર્શન કરી મન સાફ કરી અમે બંને મારે ઘેર આવી પહોંચ્યાં. એ વખત રાતનો પૂર્ણ અમલ શરૂ થયો હતો.

ઘેર આવ્યો. હવે જ મારી મૂંઝવણ શરૂ થઇ હતી. શરૂઆતમાં રમણીય હોવા છતાં એ મૂંઝવણ હવે મને ખરેખર સાલતી હતી. સાવિત્રી જેટલી નિર્દોષ અને પવિત્ર સ્ત્રી આમ એકાએક મારા ઘરમાં આવી બેઠી હતી. ઘર ઘણું નાનું હતું ને હું એકલો હતો. આ મારી કસોટીનો વખત હતો. રાત તો ગમેતેમ પસાર કરી, પણ સવારમાં તેણે એને ઘેર જવા ચોખ્ખી ના પાડી. એને તો હજી બહારવટીયાનો ભાલો દેખાયા

કરતો હતો ! એને માટે ખાવાપીવાની તથા કપડાંલત્તા લાવવાની ગોઠવણ મારે કરવી પડી. મૂછે વાળો અને બૈરાનાં લૂગડાં ખરીદવાં એ કેટલી શરમનું કામ ! સવારમાં તેને પૂછયું કે રસ્તામાં એકલી કેવી રીતે આવી ચઢી. તેણે ખુલાસો કર્યો, 'ડાકોરથી સંઘાત જોઈ હું સાડાપાંચ વાગે નીકળી. અમે સૌ ગાડી ઉપર વીસામો ખાવા બેઠાં. હું જરા કળશીઓ લઈ ગાડીની અંદર ઊતરી ને સૌ મને ભૂલી ગયાં, ને ચાલ્યા ગયાં; ને હું એકલી પડી ગઈ.''

આમ ને આમ એક દિવસ, બે દિવસ ચાલ્યા ગયા. મારી મૂંઝવણ વધતી ગઈ. મને હવે લોકનિંદાનો ડર લાગ્યો. આવી રીતે ઘરમાં બૈરી છૂપી ક્યાં સુધી રહે ? ને એમ સાપનો ભારો જાગરી શી રીતે રખાય ? એ તો ડરની મારી એને ઘેર જવાની વાત કરતી જ ન હોતી. છેવટે મારે ખુલ્લેખુલ્લું કહેવું પડ્યું: જુઓ લક્ષ્મી !''–તેનું નામ લક્ષ્મી હતું–'' આમ ને આમ હવેથી કદાચ નહિ ! તમે ને મેં શી ચોરી કરી છે કે આમ છાનું રહેવું ?''

" ત્યારે શું કરવું ? "

" તમે તમારે ઘેર જાઓ, ને મને છૂટો કરો. "

" એ કેવી રીતે બને ? બહારવટીઆએ આપણને એક જ ઘરમાં રહેવાનો હુકમ કર્યો છે. જૂદા પડીએ તો જીવ ખોઈએ. "

" પણ માથે અપવાદ આવે તેનો વિચાર કર્યો ?"

કાંઈક ખીસીઆણી પડી તે બોલી: " હા, એ વાત ખરી. પણ શું ભાઈબેન એકલા ઘરમાં નથી રહેતાં ?"

" આપણે કાંઈ ભાઈબેન નથી; ને આપણે કહીએ તે કાંઈ લોકો માને નહિ. હવે માત્ર બે રસ્તા છે કાં તો છૂટા પડવું–કે કાં તો....

" કે કાં તો—શું ! કેમ અચકી ગયા ? "

" કહું, તમને ખોટું લાગશે ! "

" ના, કહો, મને ખોટું નહિ લાગે."

" કાં તો છૂટા પડવું કે કાં તો ભેગાં રહેવું. "

" પણ ભેગા રહેવાની તો તમે ના કહો છો ને ?"

" આવી રીતે નહિ. "

"ત્યારે વળી કેવી રીતે ?"

" જે રીતે રહેવાય તે રીતે–દુનિયાની ચાલતી રીતે–પરણીને."

"મેં ક્યારે ના કહી છે ? હું તો ક્યારની એમ કહું છું. પણ તમારા લક્ષમાં ક્યાં વાત આવે છે ?"

આમ વાત નક્કી થઇ. ઊમરેઠમાં નાતજાત સમક્ષ એ કાર્ય થાય નહિ. વળી એ બાઇ કોણ છે તેની પણ મને ખબર ન હોતી, એટલે છાનાંમાનાં મુંબાઈ જઇ શેઠ ભગવાનદાસ માધવદાસના આશ્રમ નીચે પુનર્લગ્ન કરવાનું નક્કી કર્યું. રાતોરાત અમે ડાકોર જઇ ત્યાંથી ટ્રેનમાં બેસી મુંબાઇ ગયાં.

૫

મુંબાઇમાં પુનર્વિવાહના હૉલમાં–મહિનાની સુદ પાંચમે અમારું લગ્ન છડેચોક થયું. આગેવાન સુધારાવાળા સમક્ષ અમારો હસ્તમેળાપ થયો. પહેલું મંગળ ફરી રહ્યા કે તુર્ત બુકાની બાંધેલો ને હાથમાં ભાલો ઝાલેલો એવો એક માણસ હૉલમાં દાખલ થયો. તેને જોઇ મારાં તો હાજાં ગગડી ગયાં ! બહારવટીઆનો મુખી આમ ત્રીજી વખત અમને સતાવવા અણીની વખતે ક્યાંથી ફુટી નીકળ્યો ? અમને જોઇને તેણે ભાષણ કર્યું:" અલ્યા બ્રાહ્મણ ! વાહ તારી ચતુરાઇ ! ! તું કહેતો'તો કે તમે પરણેલાં છો ? એવું જૂઠું બોલી આ બાઇનું ઘરેણું બચાવ્યું, ને કહેતો ગયો કે અમે લૂટારા જૂઠા. તું જૂઠો કે અમે ? ને પાછું ઘરેણું બચાવવાના બદલામાં એ બાઇને આજે પરણવા નીકળ્યો છે ? તમને શી શિક્ષા કરવી ?"

અમે બંને લેવાઇ ગયાં, કેમકે એણે ભાલાવાળો હાથ ઊંચો કર્યો હતો. અમારાં ઊતરેલાં મોઢાં જોઈ એણે ઊમેર્યું, "હશે, તમે પરણેલાં ન હોતાં તે હવે પરણ્યાં. ચાલો વિધિ પૂરો કરી નાખો. મારે જવાની ઊતાવળ છે, કેમકે, નહિ તો અહિં તમે અધિકારીઓ બોલાવ્યા છે તે મને–બહારવટીઆને–પકડવાનો આ પ્રસંગ જવા દેશે નહિ."

અમે ચારે મંગળફેરા પૂરા કર્યા અને પરણી ચૂક્યાં. એક હજાર રૂપીઆની નોટ લક્ષ્મીના હાથમાં મૂકીને જતાંજતાં મુખીએ આશીર્વાદ આપ્યો; " લો આ મારો ચાંલ્લો. રામ રામ. હું જાઉં છું. મારાથી બ્હીશો નહિ.

હવે હું પ્રસન્ન થયો છું. તમે બંને પરણજો. ઈશ્વર તમારું જોડું સુખી રાખો. લક્ષ્મી ! તારું અહેવાતન કુશળ રહો. બેન, આવજો ! ”

અમે કાંઈ પણ બોલીએ તે પહેલાં તો જેમ આવ્યો હતો તેમ તે પોબારા ભાગી ગયો.

અમે અમારે મુકામે ગયા. મુખી બરાબર સમયસરે ક્યાંથી આવી ચડ્યો અને તેણે આશિષો શા માટે દીધી એ હું કાંઈ સમજ્યો ન હોતો. મારા મનમાં એ વાત ઘોળાયા કરતી હતી, તેથી ઘેર પહોંચતાં જ મેં લક્ષ્મીને પૂછ્યું: “ લક્ષ્મી, મુખી વિચિત્ર માણસ જણાય છે. તે આવ્યો શું ને ગયો શું ! તેણે આપણને કહ્યાં શું ને આશિષો દીધી એ શું ? માન ન માન પણ કાંઈક વહેમ પડતી વાત છે. ”

આ સાંભળી તે હસી પડી. આ વિચારવાની વાત હતી, આમાં હસવા જેવું કશું ન હોતું. તેથી મેં સવાલ કર્યો: “હસે છે શું ? આમાં મશ્કરી જેવું શું છે ? ”

“ પણ, તમે ન સમજો. ”

“ કહો જોઈએ, મારા સમ.”

“ લો ત્યારે કહું છું. હવે છુપાવવા કાંઈ કારણ નથી. એ મુખીને હું ઓળખું છું, કેમકે તેની વહુને ને મારે બેનપણાં છે; ને મેં જ તેને અહિં તેડાવ્યો હતો. ”

એ સાંભળી હું સડક થઈ ગયો. તેણે આગળ ચલાવ્યું, “ મેં તમને જોયા ત્યારથી જ હું મોહી પડી હતી. કહું, પહેલાં ક્યારે જોયા ?...કાકાએ નાત કરી ત્યારે હું જમવા આવી હતી, ને તમે પીરસતા હતા. તે પહેલાં મેં તમને કદી જોયેલા નહિ ઉઘાડે શરીરે તમે કેવા કામણગારા લાગતા હતા ? વિચારોની કરચલીઓથી શોભિતું મોટું ને ઊપસેલું તમારું કપાળ; મસ્તી-ખોર અણીઆળી ભૂખરી આંખો; વાંકી લાંબી ચોટલી, મોટાં કાનઠેરીઆં, ભરાવદાર, ગુચ્છાદાર વાંકડી મૂછ; પાતળું શરીર, માંસલ સ્નાયુઓ: એ સૌથી હું મારું ભાન–સાન ગુમાવી બેઠી. જેમજેમ પછી તમને વધારે વાર જોયા તેમતેમ ઉન્માદ વધતો ગયો. ગમે તેમ કરીને તમને પરણવું એ

નિશ્ચય કર્યો. અને તે વાત મારી બહેનપણીને કહી. તેણે તેના ધણીની મદદ માગી. એ તમારા ઉપર દેખરેખ રાખતો અને જે દિવસે તમે બહાર જતા તે દિવસે તેણે શીખવ્યા પ્રમાણે તમારી પાછળ હું આવી લાગી. હું જાણતી એટલે ઉઘાડે છોગે તમારી સાથે લગ્ન કેવી રીતે ગોઠવાય? તેથી આવો રસ્તો ભેજેભેજે શોધવો પડ્યો."

હવે મારાથી છાના રહેવાયું નહિ, તેથી વચમાં સવાલ કર્યો, 'પણ મેં તે વખતે મુખીને એવું કહ્યું હોત કે 'એ મારી કોણ છે તે બાઈને જ પૂછો' તો શું થાત? પછી તારા કાવતરાનો મેળ કેમ ખાત?"

"ઈશ્વર પાધરો હોય તે સાહાય્ય કરે જ, ને તમને ભૂલાવી તમારા મોંમાં એવા શબ્દો મૂકાવે જ. આમ થયું હોત તો શું થાત, એ પ્રશ્ન હાલ નથી. તમે જવાબ આપતાં ભૂલ્યા તે પકડાયા—મારી જાળમાં ફસ્યા! એ વાત ઉઘાડી પાડવા મેં મુખીને અહીં બોલાવ્યો. વળી તેણે મદદ કરી. એટલે એ હાજર રહે તો સારું. પકડાવવાના ડરથી તેને બિચારાને ચાલ્યું જવું પડ્યું. ઠીક ચાંદલો કરતો ગયો! પણ એ ચાંદલા કરતાં પણ મારા કપાળમાં થયેલા નવા ચાંદલાને હું વધારે કિંમતી ગણું છું."

"હું પણ તને મેળવી સુખી છું. પરંતુ વ્હાલી! મારાથી તું જબરી તો ખરી. અસલના વારામાં સ્ત્રીઓનાં—કન્યાઓનાં—હરણ થતાં. આજે તેં પુરૂષનું હરણ કરી બતાવ્યું છે!"

"તમે પક્કા છો. તમે પહેલું મારૂં હરણ કર્યું તે ભૂલી જાઓ છો. તમે પહેલું મારૂં મન હર્યું. એટલે હરણ કરનાર તમેસ્તો."

તે મેં કાંઈ જાણી જોઈ કર્યું ન હોતું. તું મારા પર મોહી પડી હતી, તેની મને ક્યાં ખબર હતી?"

"હશે, પણ મને ઘેર લઈ જનાર પહેલા તમે હતા એ વાત તો ખરીને?"

"લે, હું હાર્યો ને તું જીતી, થયું? ફેરા ફરી તું પહેલી બેસી ગઈ હતી, એટલે તું જ જીતવાની."

—સંસારલીલા

૫

કનૈયાલાલ મુનશી

[જન્મ : ઈ. સ. ૧૮૮૭]

[કનૈયાલાલ માણેકલાલ મુનશી, ભરૂચના રહીશ ને મુંબઈની હાઈકોર્ટના ઍડવોકેટ છે. એ સમર્થ ધારાશાસ્ત્રી ને લોકપ્રિય લોકનેતા છે. ગુજરાતી સાહિત્યકાર તરીકે એમણે ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. એ એક અજોડ નવલકથાકાર છે. ઉપરાંત નવલિકાઓ, નાટક, નિબંધ, વિવેચન, જીવન-ચરિત, સાહિત્યનો ઇતિહાસ વગેરે વગેરે આપણા સાહિત્યનાં વિવિધ અંગોને એમણે સફળતાથી ખીલવ્યાં છે.

'શકુન્તલા અને દુર્વાસા'એ નવું શિક્ષણ પામેલાં યુવકયુવતીઓ પોતાના પૂજ્ય વડીલવર્ગ પ્રત્યે કેવી રીતે અને કેટલાં અનાદર ને બેદરકારીથી વર્તે છે ને પરિણામે દુઃખી થાય છે તેનો ચિતાર આપતી સરસ નવલિકા છે. શકુન્તલા તે કુલવધૂ લક્ષ્મી અને દુર્વાસા તે તેના વૃદ્ધ સસરા.]

શકુંતલા અને દુર્વાસા

મારા જેવી ભાગ્યશાળી સ્ત્રીઓ ઘણી ઓછી હોય છે. મેં અંગ્રેજી ચોપડીઓનો અભ્યાસ કર્યો તે પહેલાં હો. વિશ્વનાથ જોડે મારાં લગ્ન થયાં. તે પણ તરત જ પાસ થવા હતા, અને તેમની બુદ્ધિ અને વાક્ચાતુર્ય જોઈ તેમનો ધંધો થોડા વખતમાં ધીકતો ચાલશે એવી બધાએ આશા રાખી હતી. જે પળે મારો હાથ તેમના હાથમાં મેં સોંપ્યો ત્યારથી તેમણે મારા પર અદ્ભુત જાદુ ચલાવ્યો હોય એમ લાગ્યું. જાણે સોળ વર્ષે થયાં, તેમને ઓળખતી હોઉં — જાણે પૂર્વજન્મનો મારો ગાઢ સંબંધ હોય — તેમ મારું જીવન તેમનામાં સમાઈ ગયું.

તરત જ મને સાસરે વળાવી. મારા ડૉક્ટરના પિતાની સ્થિતિ ઘણી ગરીબ હતી. તેઓ ગુમાસ્તાની નોકરી કરતા હતા, અને તેમની નીમકહલાલી પર ખુશ થઈ તેમના શેઠે મારા પતિને ભણાવ્યા હતા. મારે સાસુનણંદની ખટખટાટ કંઈ હતી જ નહિ; મારા નાનકડા ઘરની હું જ ગૃહદેવી હતી. મારા ડૉક્ટર પણ તે વખતે મને જ ઝંખતા–મને ભણાવવામાં, મને મેળવવામાં મોજ માનતા; અને હું તો તેમની એટલી ભુખી હતી કે પળેપળ તેમના વિના મને ઝેરી લાગતી. પ્રૅક્ટિસ પણ સારી ચાલવા માંડી અને અમારા સુખની સીમા દેખાઈ જ નહિ. દિવસ અને રાત અમારી માત્ર સુખમય પળો જ ભાસતી. ફક્ત વાંધો એક જ લાગતો. મારા સસરા ઘડપણને લીધે ઘેર બેઠા. તેમની જૂની રીતો, તેમનું ગમે તેવું અસંસ્કારી બોલવાનું; તેમની જૂની ખણખોદ કરવાની નિરંતર ટેવ અમારા જીવનતાનમાં બેસૂરા ઝણકાર જગાવતાં. આખો દહાડો આ રહી ગયું, પેલું ઊઘાડું રહ્યું, લાકડાં છાંટવાના રહી ગયાં ને સાવરણી વહેલી પૂરી થઈ ગઈ. આવાંઆવાં છીંડા કાઢી પજવપજવ કરતા. પહેલાં હું જરા રાજી રાખું; પણ મારું મન જોઈએ તો મારા ડૉક્ટરમાં, એટલે મને થાય કે નકામા આ ડોસા શું કામ પીડા કરતા હશે? પછી સાચું પૂછો તો મેં પણ વહેતું મૂક્યું. એ શું આખો દહાડો? તેમને બડબડ કરવા દીધા. હોય તો મારા ડૉક્ટરને પીડા તેના આગળ ડોસા તો શું?

જુવાનીમાં સુખ મળે પછી છલછલાટનો શો પાર? મારે મન ભલો ભૂપતિ પણ કંઈ હિસાબમાં ન હોતો. મારા પગ તો ધનગન થઈ રહેતા. સવારે જરા મોડી ઊઠું–જેવુંતેવું કામ કરી પછી રાંધુ. બપોરે કંઈ વાંચું ને સાંઝે અમે ફરવા જઈએ. મારા ડૉક્ટર પણ મને ને મને જ જોઈ રહ્યા હતા. ડોસા તો વહેલા પાંચ વાગ્યાના ઊઠે ને પોતે જ્યાં બેસતા હતા ત્યાં વાસીદું કાઢે. નોકર વાળે તે તેમને ગમે નહિ! પછી હું તે શું કરું? પછી એ ટહાડે પાણીએ નહાય. ને પૂજામાં બેસે તે બપોરે બાર વાગે ઊઠે. બપોરે કંઈ જેવાતેવા હિસાબ લખે, સાંઝના

વાડકી લાવી ને બહાર જાય, ને છેક રાતે આવે. બીજી બધી રીતે તો ડોસા સારા પણ એની જીભથી તો તોબા થઈ ગઈ! કંઈ ને કંઈ વાંધો તો હંમેશા ખરો જ. તેમાં એમની પૂજા અને ફરવાનું એ બહુ દુઃખ દેતાં. મારા ડૉક્ટર જમે તેની સાથે જમવાનું મૂકી મારે કલાક વાટ જોવી પડે ત્યારે ડોસાની પૂજા પતે. રાતે ફરીને આવે ત્યાં સુધી મારે બેસી રહેવું પડે. અમને તો એમ થાય કે ક્યારે આ ડોસા હવે અમારા સુખમાં ખલેલ કરતા રહેશે? એક વખત તો ખરું પૂછો તો મારાથી એમ બોલાઈ ગયું કે "ક્યારે ડોસા મરે ને અમે ઠરીએ!" આવો: સોના જેવો મોજ ભોગવવાનો વખત જાય અને વળી તેમાં આ પંચાત!

આખરે મારા ડૉક્ટરથી પણ નહિ રહેવાયું. 'ડોસા, આ શી ટકટક? આખો દહાડો પંચાત? છાનામાના તમે બેસોની! ક્યાં સુધી બિચારી તમારી વાટ જુએ? તમારી પૂજા તો બપોરના બાર સુધી ચાલે. ત્યાં સુધી બિચારી બેસી રહે?" જરા ડૉક્ટર તોછડાઈથી બોલ્યા; પણ અમને ડોસાની ટેવો લાગતી પણ એવી જીવલેણ કે તે પણ બિચારા શું કરે! ડોસા તે વખતે તો કંઈ બોલ્યા નહિ. બીજે દિવસે ડોસા મારી પાસે આવ્યા.

"લક્ષ્મી! દીકરા! આજથી વહેલી જમી લેજે."

"કેમ?"

"ના બ્હેન! મારે આજથી જપ કરવા છે એટલે બહુ મોડું થશે. ક્યાં સુધી વાટ જુએ?" ડોસાનો અવાજ દયામણો હતો. આંખમાં એક અદીઠ અશ્રુ આવી રહ્યું હતું

"સમજી"

"બ્હેન, હું કહું તેમ જ કરજે"

હું પણ કંઈ બોલી નહિ; ચાલો, નિરાંત થઈ. જરા મારા હૃદયમાં વિચાર આવ્યો, ગામને સારુ થાન કાઢીએ તેમ મારા ડૉક્ટરના પિતા કે જેને લીધે તે ભણ્યાગણ્યા, તેને માટે કાઢી મૂકાય! પણ મારા.

ડૉક્ટરે સંદેહ તોડ્યો, " તું જમી લેને, કંઈ નહિ. આજ બધું ભિત્રે સાથે બેસી જમીએ. " આમ બોલ્યાં. પછી દિવસનો રહી ગયેલો કકડો લીધો. મેં ડોસાને સારું ખાણું કાઢ્યું અને ઉપર ચાલી ગઈ.

ક્યાં સુધી મને ચેન પડ્યું નહિ. ટેબલ ઉપર પડેલી એક ચોપડી લઈ મેં ઉઘાડી. ચોપડી કાલિદાસનું " અભિજ્ઞાનશાકુંતલ " નાટક હતી. પ્રવેશ દુર્વાસાના શાપનો હતો. દુષ્યંતના વિરહથી ઘેલી શકુન્તલા અતિથિ થઈ આવેલા મુનિ દુર્વાસાનો સત્કાર કરવો ભૂલી જાય છે. દુર્વાસા ગુસ્સામાં બેદરકાર શકુન્તલાને શાપ આપે છે:

: શાલિનીવૃત્ત :

દપાસુની જેહ ધ્યાને બની તું
આવી ઊભો ના જુએ આ તપસ્વી?

: વસંતતિલકાવૃત્ત :

જા, દૈશ યાદ પણુ ભૂલી જશે તને એ,
ભૂલી જ જેમ નિજ કેફમહીં કહેલું.

-શકુન્તલા કેવી મૂર્ખી? મેં વિચાર કર્યો : આટલી બેદરકારી માટે કેટલું સોસવું પડ્યું! ધણીએ કાઢી મૂકી; આખરે રડતાંરઝળતાં ધણી મળ્યા. -હું હોઉં તો કોઈ દિવસ એવું ન કરું.

તે દિવસથી ડોસાની તો આડખીલી નીકળી જ ગઈ. એમણે તો બોલવાનું જ બંધ કરી દીધું. સવારના તે પોતાની મેળે ઊઠે, ન્હાય, પૂજા કરે, મેં ઢાંકી રાખ્યું હોય તે બે વખત જમી લે, મૂંગામૂંગા ઘરમાં પડી રહે. અમારે તો એટલું જ જોઈતું હતું - શી મઝા! શું સુખ! એકબે વખત થયું કે આ બિચારા ડોસા મૂંગામૂંગા જ પડ્યા રહે છે; પણ મારા સુખની અવધિ આગળ ક્યાં હું એની પીડા કરવા બેસું? ડોસા જરા સુકાવા માંડ્યા, મેં ધાર્યું; હોયસ્તો; ઘડપણની અવસ્થા છે.

મારો બાબુ આવ્યો ત્યારે જરા ડોસા બોલવા માંડ્યા, મારો બાબુ એવો રૂપાળો અને અલૌકિક હતો પણ જરા રડતો બહુ. ડોસા તો તેને જ ચોંટ્યા. આખો દહાડો નાકે ચશ્માં ચઢાવી, ભાગવતનું ચોપડું લઈ, તેને હિંચકા નાંખ્યા કરે, તેની જોડે ગાંડા કાઢ્યા કરે. નવી મા એટલે મારામાં અનુભવ ઓછો; પણ પાછી ડોસાએ પંચાત કરવા માંડી. "બેન લક્ષ્મી ! આ બાબુ ભુખ્યો છે," "જો આ બરાબર નવરાવ્યો નથી." પણ આ વખતે મારા ડૉકટરે વાત વધવા જ ન દીધી; એક વખત કહી જ નાખ્યું. " ડોસા ! એની મા તે તમે કે એ ?" ડોસા પાછા કહેતા બંધ થઈ ગયા.

અમારી લહેરમાં જરા પણ વાંધો આવ્યો નહિ. આખો દિવસ બાબુને ડોસા જ રાખતા. એટલે હું તો નવરી જ. પછી અમે ગમે ત્યાં ફરીએ હરીએ. હું નાટકમાં જાઉં તો પણ ડોસા રાતના ત્રણ વાગતા સુધી નીચું જોઈ હિંચકો હલાવ્યા જ કરે.

અમારા સુખમાં ફરી વિઘ્ન આવ્યું. રામદાસ ફોજદારની અમારા ગામમાં બદલી થઈ. તે મારા ડૉકટરનો જૂનો મિત્ર હતો. ને આવ્યો અને મારી પાસેથી ડૉકટરને આકર્ષી લઈ ગયો. થોડા દિવસમાં મૈત્રી સુદૃઢ થઈ; દવાખાને પણ ગયા વગર તેને ત્યાં ડૉકટર જતા; સાંઝે મને શું કરવું તે સૂઝ્યું નહિ. જેવું સુખ હતું તેવું દુઃખ આવશે કે શું એવી ધાસ્તી લાગી. તેમાં બાબુ પણ એવો રડકણો થયો જેવો થઈ ગયો હતો કે મને તો જાણે દેવના ઘરની વેઠ લાગતો. પણ મેં મારી સહનશીલતા જાળવી રાખી કંઈ નહિ. એક મહીને, મારા ડૉકટર પાછા હતા તેવા થશે અને મારો સૂર્ય ફરી ઊગશે,

એક દિવસ રાતે બે વાગે ડૉકટરે બારણાં ઠોક્યાં–મેં ઉઘાડ્યાં. તેને જોવા ને હું ગાંડા જેવી થઈ ગઈ. તેના ડોળા ફરેલા હતા, કપડાં ધુળ વાળાં હતાં ને મોઢામાંથી મદિરાની દુર્ગંધ ઊડતી. મને ચક્કર આવ્યાં. અમારું ફરવાનું પણ બંધ થયું; ધીમેધીમે રાતે પણ મોડા ઘેર —

આવવા લાગ્યા. મારે [illegible] તો આપણાથી સારો, [illegible] મને પણ એમ ન હોતું પાડ્યું અને મેં ધાર્યું હતું કે એમને પણ એમ જ હશે. પણ આ નવીન અનુભવે જરૂર જ અભ્યાસ આપ્યો.

હવે મારા ડૉક્ટર માત્ર આણે [illegible] નહિ, [illegible] નહિ. અમારું સંગીત, અમારો અભ્યાસ, અમારી નાની રસિકડી રમતો–બધું ગયું.

આ મારા સંસ્કારી ભણેલા પતિ? ને લથડતા અંદર આવ્યા. મારો હાથ પકડ્યો................

મેં હાથ તરછોડી નાખ્યો.

"ડૉક્ટર! આ શું? ચાલો ઉપર."

"યસ એ રં...! ક્યાં...અરે... હાં...!' બોલતા, જેમતેમ કરતા ઉપર ચડ્યા, અને ભૂસ દઈને બોંય પડ્યા. હું બેશી ગઈ, માથે હાથ દઈ પોક મૂકી રડી. મારા ડૉક્ટર આ અધોગતિએ! પ્રભુ! પ્રભુ! આજે મહીના થયાં દુઃખે દબાવેલી ઊર્મિઓ વહી. હું કલાક સુધી રડીઃ

"મારા પ્રભુજી! મેં શું કર્યું?–હું નિર્દોષ લક્ષ્મી!–"

ઊંચુ જોતાં મારી નજર મારાં પ્રિય પુસ્તકો પર પડી. મારા ડૉક્ટર સાથે શા રસથી હું વાંચતી? મને કમકમાં આવ્યાં. એક એક ચોપડીના સોનેરી અક્ષરો વાંચ્યા: "અભિજ્ઞાનશાકુંતલ." મારું મન શકુંતલાની દુઃખી સ્થિતિ પર દોડ્યું. દુર્વાસાનો શાપ સાંભર્યો

"હૈયા સૂની જેહ ધ્યાને બની તું
આવો ઊભો ના જુએ આ તપસ્વી?"

જા, દેશ યાદ પણ ભૂલી જશે તને એ,
કેફી જ જેમ નિજ કેફ વિષે કહેલું."

મારું પાપ મારી નજર આગળ ખડું થયું. મેં શકુંતલાને મઢુલીમાં જોઈ. શકુંતલાનું મોઢું મારા જેવું હતું. દૂર દુર્વાસાને અતિથિરૂપમાં

ક્રોધથી શાપ આપી જતા જોયા. પણ 'દુર્વાસાનું' મોઢું મારા સસરાજી જેવું હતું. એક હાય મારી હું ઊભી થઈ ગઈ. મને ભાન થયું. શકુંતલાના શાપનો મારા ઘોર પાપાચાર આગળ હિસાબ ન હોતો. મેં મારા ધણીની પાછળ ગાંડી થઈ તેના બાપને–તેના હેતાળ ખરા બાપને–તેની વૃદ્ધાવસ્થામાં દુઃખ દીધું, મૂંગા કર્યા, મહીનાના મહીના સુધી તેને જાનવરની માફક ગણ્યા. મારા પ્રભુ! એક અડધો કલાક જમતાં મોડી થઈ હોત, જરા વહેલી ઊઠી, પાણી ઊનું મૂકી આપ્યું હોત તો આજે આ દશા ન આવત. દુર્વાસાના ભયંકર શબ્દો મારા કાનમાં અથડાઈ રહ્યા.

હેઠળ બાબુ રહ્યો. તે દસ મહીનાનો થયો ત્યારથી સસરાજીને જ ચોંટ્યો હતો; અને હેઠળ તેમની પાસે જ સૂતો. હું ઊઠી, હાથમાં દીવો લઈ હેઠળ ઊતરી. દીવેલના ઝીણા દીવા આગળ સસરાજી બાબુને હાથમાં લઈ બેઠા હતા અને અનિવાર્ય મમતાથી તેની સામું જોઈ રહી હાથથી હિંચોળતા હતા. મને ભાન આવ્યું કે આમ જ મારા ડૉક્ટરને કોડભેર સસરાજીએ હલાવ્યા હશે અને આજે ડોસાનું મોઢું કોઈને ગમતું નથી! મારી આંખમાંથી દડદડ આંસુ પડ્યાં.

“સસરાજી!”—

“કેમ બેન?”

હું શું કહું! તેમણે ડૉક્ટરને આવતા જોયા હતા. મારી સ્થિતિ જાણી ગયા હતા. એક શબ્દ તે બોલ્યા નહિ. તેમની હમેશની સ્નેહાળ રીતે કહ્યું :

“લક્ષ્મી, બેસ, બ્હેન! જરા દીકાને લે,” કહી મને બાબુ આપ્યો. મેં તેને હાથમાં લીધો અને મને બીજી ફાળ પડી. આટલા દિવસની બેદરકારીમાં મેં બાબુ સામું પણ જોયું ન હોતું. તેનું શરીર દૂબળું થઈ ગયું હતું ચામડી પણ કાળી પડી ગઈ હોય એમ લાગતું હતું.

“સસરાજી, બાબુને શું થયું છે?”

"મને એમ લાગે છે, બ્હેન."

આખી રાત અમે બેઠાં. પતિની કુચાલે દુ:ખી થઇ મેં મારું ત્યાર પછીનું જીવન ગાળવા માંડયું. મારા સસરાજીની ચાકરી કરવા માંડી. જેટલી હું પહેલાં બેદરકાર હતી, તેટલી હવે મેં કાળજી રાખવા માંડી. જો જરા ચૂકું તો દુર્વાસાનો શાપ સાંભરતો.

મારા ડૉકટરને તો જાણે ઘેલું જ લાગ્યું હોય એમ લાગતું. તેમને મન તો રામદાસ ફોજદાર દેવ! ધીમેધીમે કમાણી પણ ઘટતી ગઇ. બાબુને તપાસવાનું મેં ઘણી વખત કહ્યું પણ તેમણે માન્યું નહિ. આખરે એક દહાડો સાંઝના બાબુ ઘણો માંદો થઇ આવ્યો. તેના હાથપગ ઠંડા થવા માંડયા. ડૉકટર ઘરમાં હતા નહિ તેથી સસરાજી એક બીજા તેમના મિત્ર ડૉકટર ઘરમાં હતા તેમને બોલાવી લાવ્યા. બાબુ છેક ગભરાઇ ગયો હતો.

તે ડૉકટર આવ્યા. બાબુને જોયો—ને ડોકું ધૂણાવ્યું. મારી છાતી ફાટી ગઇ. મારું નાનું નાજુકડું રસીલું ફુલ!

"ના, કાકા, મને કાંઇ આશા જેવું નથી લાગતું. મને લાગે છે કે એને બરોબર પોષણ નથી મળતું."

મેં હાથથી કપાળ કૂટયું. હાથનાં કર્યાં જ હૈયે વાગ્યાં. મેં જનનીએ તેને રઝળાવી મારી સ્વાર્થી મઝામાં બધું ભૂલી ભૂખે માર્યો! હાય! હાય! મારો બાબુ! શું કરવું? અડધે કલાકે બાબુને ભોંય પર નાંખ્યો, ને તે મરી ગયો. દુર્વાસાનો શાપ! અરે ભગવાન! ઘણી ભટકેલ થઇ ગયો; છોકરો મરી ગયો. મેં છાતીમાથું કૂટી નાખ્યાં. સસરાજી પણ બહુ રડયા. ડૉકટર તો બહાર ગયા હતા. રાતના બાર વાગ્યા સુધી અમે બેસી રહ્યાં. આખરે નીશામાં લથડતા ડૉકટર આવ્યા.

"કયું બે," કહી મને હડસેલી.

"ડૉકટર," ધ્રુસકાથી તૂટતે અવાજે મેં કહ્યું: "બાબુ મરી ગયો!"

"હેં!" જાણે સ્મૃતિ સમેટતા હોય તેમ તેમણે પ્રયત્ન કર્યો; બુદ્ધિ કાંઈ ઠેકાણે આવી: "શું કહે છે?"

મારાથી ન રહેવાયું; હું રડી પડી. ડૉક્ટર, ડૉક્ટર, શું, શું, શું, કરો છો! તમારો ને મારો છોકરો–આશુ–ગયો ને આપણે જ પાપે."

હું તેમને પરસાળમાં લઈ ગઈ. કરમાએલા પુષ્પ શો બાળુ પડ્યો હતો. સસરાજી પાસે બેસી સાચવતા હતા. મારા ડૉક્ટરના હૃદયમાં પિતા પ્રેમ ઊછળ્યો. તેમની આંખમાં આંસુ આવ્યાં.

"હાય હાય! કેમ મરી ગયો?"

"કેમ? મારે પાપે ને તમારે," મારાથી કહ્યા વિના ના રહેવાયું, "પાપી માને પ્રેમમાં દીકરાનું ભાન ન રહ્યું." પાપી પિતા ડૉક્ટર હતા તેમ છતાં કુસંગતિમાં દીકરાને જોવાનું પણ મન ન થયું. "હાય! હાય! આ મારા બાળુ!" કહી મેં ફરી છાતીમાથું કૂટી કાઢયાં.

મારા ડૉક્ટરના મન પર તરત ફેરફાર થયો. થોડા મહીનાની સોબતની અસર ગઈ. અને કેળવણીના ઊંચા સ્વભાવની ઊર્મિઓ પાછી ઊભરાવવા માંડી. મારી પાસે આવ્યા મારા ખભા પર હાથ મૂક્યો.

"લક્ષ્મી! મને માફ કરજે! હું પાગલ થયો છું, નહિ? હું પોતે ગયો–તને ભૂલ્યો. મારું પાપ—"

"ડૉક્ટર! પાપ બીજું છે," મેં રડતે અવાજે કહ્યું.

"શું?"

"શકુંતલાને શાપ લાગ્યો હતો તેવો જ આપણને પણ લાગ્યો."

"શકુંતલા!"

"હા, તેણે અતિથિનો અનાદર કર્યો–આપણે–"

"આપણે?"

"આપણે સસરાજીનો."

ડૉક્ટરે જોયું, સમજ્યા, દયામણા થઇ સસરાજી પાસે ગયા–પગે પડયા.

"બાપા! મને માફ–"

સસરાજીએ તેમને બોલવા દીધા નહિ.

"બેટા ! શત જીવો – તમારૂં જોડું સુખી રહો."

મારા ડૉક્ટર રડી પડયા. રડી પાપનું પ્રાયશ્ચિત્ કર્યું.

—નવલિકાઓ.

રામનારાયણ પાઠક

[જન્મ ઈ. સ. ૧૮૮૭]

[શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના વિષયો સાથે ૧૯૦૮ માં બી. એ. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા. એલ એલ.બી. થઈ એમણે સાદરા, મહીકાંઠા એજંસી (હાલ સાબરકાંઠા)માં વકીલાતનો ધંધો આદર્યો પણ તે એજન્સી છોડી તેઓ અધ્યાપકના ક્ષેત્રમાં આવ્યા. મહાત્માજીની વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક તરીકે તે દાખલ થયા અને ત્યારપછી રાજપ્રકરણીય ચળવળોમાં જેલવાસી થઈ આવ્યા પછી પ્રધાનતાએ એ સાહિત્ય અને અધ્યાપનનાં ક્ષેત્ર સફળતાથી ખેડી રહ્યા છે. કાવ્ય, વિવેચન, નવલિકાઓ, નાટકો, ઠાવકું હાસ્ય વગેરે આલેખીને આપણા સાહિત્યકારોમાં એમણે યશ મેળવ્યો છે. 'પ્રસ્થાન' માસિકના એ તંત્રી છે અને હાલ અધ્યાપક કર્વેની સ્થાપેલી હિન્દી સ્ત્રીઓની યુનિવર્સિટિમાં ગુજરાતીના અધ્યાપક છે.

એમાએ રામનારાયણકૃત સામાજિક વાર્તા છે. સમાજમાં દબાવી દીધેલાં ને અસ્પૃશ્ય મનાયેલાં મનુષ્યોમાંથી એમા જેવી એક બે ગામમાંથી કેટલી બધી ઊજળી વર્ણના જેવી જ સંસ્કારી છે તે આ વાર્તાથી સ્પષ્ટ થાય છે.]

એમા

“અરરર, અમને એમ કેટલી દીવાસળીઓ બગાડવી ? એક બાકસ એ દી તો પોંચાડય” ધાનબાએ બીડી સળગાવવા માટે એક ઉપર એક પાંચ દીવાસળીઓ સળગાવી એટલે એમાએ કહ્યું.

"પણ આ તેલ તે, ગયનેય કેવો ગંધો મારે છે. દીવાસળી સળગવા જ નથી દેતો." ધનિયાએ ફરી બાકસ ઉપાડ્યું.

"લે હું આડું લૂગડું ધરું." ખેમીએ લાજ કાઢવાનો છેડો લાંબો તાણ્યો અને ધનિયાની પાસે જઈ તેના મોઢા આગળ પાલવ આડો ધર્યો. ધનિયાની દીવાસળી સળગી, તે શ્વાસ અંદર લે અને મૂકે તે પ્રમાણે દીવાસળીનો પ્રકાશ ઝગઝગાટ થવા લાગ્યો. ધનિયો તેની પત્નીના જુવાન, ભરેલા, ઘઉંવર્ણાં પણ ઉજ્જવલ, મોટી તેજસ્વી આંખોવાળા, નાકે મોટો કાંટો પહેરેલા મુખ સામે જોઈ રહ્યો. બીડીની લિજ્જત કરતાં તે નવોઢાના સૌંદર્યપાનમાં ગરકાવ થઈ ગયો. બીડી સળગી એટલે ખેમી મૂળ જગોએ ખસવા જતી હતી તેને ધનિયાએ કહ્યું:

"લે મારા સમ, આઘી જા તો."

"ગાંડા ન કાઢય, ગાંડા." કહી ખેમી મૂળ જગાએ ગઈ.

"તારા સમ, ખેમી, તું મને બહુ વાલી લાગ છ."

"જો હજી એનું એ બોલ. આ આટલા માણસો છે તેનું ભાન છે કે નથી?"

"એ એમના ખાવામાં પડયાં છે. આપણા સામું કોણ જોવા બેઠું છે?" ક્યાં નવપરિણીત દંપતી આવી માન્યતા નથી સેવતાં?

આજે ધનિયાના ઘરાક એક વાણિયાને ત્યાં નાત જમતી હતી એટલે બન્ને જણાં સારા જમણની ખુશાલીમાં જાજરૂનાં પગથિયા પર બેઠાંબેઠાં એકાંત ગોષ્ઠી કરતાં હતાં. નાતમાં વાસરી પડતાં અટકાવવા શેઠે તેને ત્યાં બેસાડયો હતો. બન્નેએ થોડા દિવસ ઉપર લગ્ન વખતે પહેરેલાં કપડાં પહેર્યાં હતા. ધનિયાએ ઉપર ફેંટો, નીચે અતલસનું જાકીટ, અને પગમાં મોજાં પહેર્યાં હતાં. ખેમીએ એક સુવાસણ શેઠાણી ગૂજરી ગયલી તેનું શ્મશાનમાં કાઢી નાખેલું રેશમી વસ્ત્ર પહેર્યું હતું.

ધનિયો બીડીની એક ફૂંક લઈને બોલ્યો: "ખેમી, તારી માએ ગમે તે માગ્યું હોત તો તે આપીને પણ હું તને પરણત."

"પણ મારી માએ તે કદાડે તારી પાસેથી પાઈ યે લીધી છે? હું તો ઊલટી તારા ઘરમાં લેતી આવી છું. મારી માએ તો આપણું જેવો થવા કર્યો છે."

"તારી મા તો બહુ સારું માણસ, પણ તું કોણ જાણે કયાંથી આટલી ભૂંડી નીકળી."

"લે વળી, મેં તારું શું બગાડ્યું છે?"

"જો ને, પરણ્યાપરણ્યાનાં કેટલાંક ચાળા કર્યા! 'દારૂ ન પીએ, ને આડું ન કરે, ને હાથ ન ઉપાડે તો પરણું; નહિ તો ન પરણું; ને કોઈ દી એવું કરે તો એને ઊભો મેલીને હાલી જાઉં.' આમ તે થાય!"

"ન કેમ થાય? એ દારૂ પીને આવે ને ધીંગામસ્તી કરે, ને ન બોલવાનું બોલે, એ મારાથી ન ખમાય જો. એ માર ખાઈ હવે એ બીજા."

ધનિયો ખેમીના સત્ય અને પ્રતાપ આગળ ધીમો પડી ગયો. "ઠીક લે, પણ હું કયાં પીવા જાઉં છું તે તું આમ ચઢીચઢીને બોલે છે? મારે તો ગમે તેમ થાય પણ તને પરણવું'તું. તું નાની હતી, ને ગાંઠડી વાળીને 'તારી મા સાથે વાળવા નીકળતી ત્યારની મને બહુ ગમતી. તું આ ગાંઠડી વાળતાં કયાં શીખી, ખેમી!" ધનિયાએ ખેમીની છાતી ઉપર વળેલી આંકડીને સ્પર્શ કર્યો.

"પડધરીમા તો બધી જ બાઈડીઉ કામ કરતી વખતે એમ ગાંઠડી વાળે." ખેમીની મા મૂળ કાઠિયાવાડમા પડધરીની રહેવાસી હતી. દુકાળના વરસમા ખેમીને લઈને તે અહીં રહેવા આવી હતી. "પણ હેં ધનિયા! એ શા સારૂ તમે દારૂ પીતા હશો? દારૂમા તે શું છે એવું! તું તો કહેતો'તો ને કે દારૂ તો કડવો લાગે."

"ખેમી, કોક દી ગમે નહિ, તે દાડે પીવા જોઈએ. બહુ થાકી ગયા હોઈએ ને કાંઈ ગમે નહિ ત્યારે પીયે ત્યારે સારૂ થઈ જાય."

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ધનિયા એમીને ખૂબ જ ખોટું લાગ્યું. તેમના મનમાં ગાંઠ પડી. તેમનો બધો ઉલ્લાસ ઊડી ગયો, અને કશું બોલ્યા વિના ઝડપથી ચાલવા માંડ્યાં. ક્યાં જવું એ નક્કી નહોતું, પણ એમી, સ્વાભાવિક રીતે, કંઈક મનને વિનોદ મળે તેવાં દશ્યો તરફ જવાની પ્રેરણાથી [illegible] ઉપર ચાલવા લાગી. ધનિયાને વધારે ખોટું લાગ્યું હતું. એમી તેને આશ્વાસન આપવા લાગી. ધનિયાથી ત્યાં ન બોલાયું તે આટલી વારે અહીં બોલ્યો: " કૂતરાં હાંકવાનું કામ તો ધનિયાનું હતું, તેમા મારા પર આ સાહેબ આટલાં વાનાં કર્યાં ? " વળી એમીએ આશ્વાસન આપ્યું. ધનિયાએ તેના મનમાં જે ખરું દુઃખ હતું તે કહ્યું: " બીજું કાંઈ નહિ. તારા દેખતાં એ એવું બોલી ગયો એ મારાથી નથી ખમાતું."

એમી ઊંડા વિચારમાં પડી ગઈ. પોતે ધનિયાને વાતે ચડાવ્યો, અને વધારે અપમાન ધનિયાનું થયું, એનો અન્યાય એને ખૂંચવા લાગ્યો. ધનિયો ગમગીન થઈ મુંગોમૂંગો ચાલતો હતો તેથી તેનો જીવ કળીએ કળીએ કપાતો

હતો. રસ્તે ચાલતાં રાયખડને પીઠે જવાનો રસ્તો આવ્યો. ખેમીને યાદ આવ્યું કે ધનિયાને ગમતું નથી ત્યારે દારૂ પીવાથી સારું થાય છે. સ્ત્રીસુલભ કોમળતાથી તેણે છેડેથી અરધો રૂપિયો છોડીને ધનિયાને આપતાં કહ્યું: "હવે એમ ક્યાં સુધી મૂંગો રહીશ. જા પણેથી દારૂ પી આવ. ઝટ પાછો આવજે. હું અહીં ઊભી છું." ધનિયો ખુશી થતોથતો એકદમ ગયો.

ખેમી રાહ જોતી ઊભી હતી. પોતે દારૂ ન પીવાની શરત કરાવી હતી અને પોતે જ દારૂ પીવાના પૈસા આપ્યા તે ઠીક ન કર્યું એમ તેને શંકા થવા લાગી. એટલામાં ધનિયો હરખાતો હરખાતો આવ્યો, અને કહેવા લાગ્યો : "ખેમી, જો હવે મને ઠીક થઇ ગયું. હું ન હોતો કહેતો કે દારૂથી મને ઠીક થઇ જાય છે ?" ખેમીએ કહ્યું : "હવે એ વાત મેલ. પણ, ખબરદાર, જો બીજીવાર કોઇ દી પીધો તો ! ઘરમાંથી કાઢી મૂકીશ."

"ના ખેમી, કોઇ દિન ન પીઉં, તું મને બહુ ગમે છ હવે વાણિયાની નાત જહાનમમાં ગઇ. હું દારૂ પીઉં છું પણ મને કોઇ દી ચડતો નથી. જો અત્યારે પણ મારા બોલવામાં ફેર પડે છે ? તું તો અમથી મારાથી ડરે છે. ગમે તેવો દારૂ પીઉં તો યે તને ન મારું. તું મને કેટલી વાહલી લાગે છે..." વગેરે બબડતો બબડતો ધનિયો ચાલવા લાગ્યો. ખેમી મૂંગીમૂંગી તેને લઇને આ બધા બનાવો ઉપર વિચાર કરતી કરતી ઘેર ગઇ.

સાંઝને પહોર, જે ગાડાં ઉપર ધનિયો અમદાવાદથી મોદી પડ્યો હતો તે ગાડી વળી ખેમી વાળે છે પણ અત્યારે તે અમદાવાદમાં નથી, અત્યારે તેની પાસે ધનિયો નથી. છએક માસ ઉપર તેણે બંનેને છોડ્યાં છે. ઉપરના બનાવ પછી, દારૂ ન પીવાની લગ્નની શરત ગઇ. કાંઇક ખેમી સહન કરી લેશે એવા વિશ્વાસથી, કંઇક શરત પાળવી એ વૈરી આગળ નબળાઇ બતાવવા જેવું લાગવાથી, કંઇક પોતાને દારૂ ચડતો નથી એવા પીનારના સામાન્ય મિથ્યાભિમાનથી, કંઇક ખરાબ સોબતથી, તે દારૂ પીવા લાગ્યો હતો. ખેમીએ તેને ઘણીવાર ધમકાવ્યો, તિરસ્કાર્યો, મેલીને નાસી જવાની ધમકી આપી પણ ધનિયાએ તે ખોટી માની ગણકારી

ફરે છે? અમે અમારા ઉપરીનું માન રાખીએ છીએ તે જોતી નથી? સામો જવાબ આપે છે?"

"પણ ભાઇશાબ..."

"બસ કર હવે બકબકાટ ન કર. અમારે બીજું કામ છે. આમાં અંગૂઠો પાડી આપ એટલે પગાર આપું." તેણે પાસેના ઓટલા પર પત્રક મૂક્યું. પહેલાં ભંગીએ અંગૂઠો પાડી આપ્યો એટલે તેણે ખેમીને અંગૂઠો પાડવા કહ્યું.

"પહેલાં મને પગાર આપો, પછી અંગૂઠો પાડું."

"શું તું શાહુકાર અને સરકાર ચોર? સરકારી નિયમ પ્રમાણે થશે. પહેલાં અંગૂઠો આપ પછી પગાર મળશે."

"ત્યારે લ્યો આ અંગૂઠો" કહી અંગૂઠો પરશોતમને બતાવી ખેમીએ અંગૂઠો પાડી આપ્યો. પરશોતમે એ જોયું ખરું પણ તેને આ ચીડાવાનો સમય ન હોતો. બન્નેના પગારમાંથી અરધોઅરધો રૂપીઓ કાપી બાકીના સાડા નવ નવ રૂપીઆ તેણે નીચે નાંખ્યા. ભંગીએ પોતાના પૈસા લઇ લીધા. ખેમીએ કહ્યું, "મને પૂરા પૈસા આપો તો લઇશ, નહિ તો નહિ લઉં."

"ન લે તો ભલે પડયા ભોંય પર. હું તો જાઉં છું." તે ચાલવા જતો હતો ત્યાં ખેમીએ લાંબો સાવરણો સામી ભીંતે અટકાવી તેનો રસ્તો રોકયો. "એમ તે કેમ જવાશે?"

એટલામાં બીજા જિલ્લાનાં ભંગી આવ્યાં. પરશોતમે જોયું કે ખેમી સાથે પોતે ફાવશે નહિ અને બીજા ભંગી આગળ તે હલકો પડશે. તેણે ટૂંકુ કરવા કહ્યું, "લે તારા પૈસા, પેલો અરધો પાછો લાવ." "પહેલાં રૂપીઓ આપો એટલે આપું."

પરશોતમે રૂપીઓ નીચે ફેંકયો એટલે ખેમીએ સાવરણો લઇ લીધો અને રૂપીઓ નીચે નમી લેવા માંડયો. પરશોતમે ફરી નીચે પડેલો અરધો માંગ્યો.

ઊભો તો રહે ખખડાવીને જોવા દ્યો." બીજા સામું જોતીજોતી તે રૂપીઓ ખખડાવવા લાગી.

પરશોતમે ફરી અરધો માગ્યો.

"મને તો નથી જડતો" કહી ખેમી ચાલવા લાગી. પરશોતમને નીચાં નમી ધૂળમાંથી તે અરધો લેવો પડ્યો.

આજે ભંગીઓને ખેમી માટે આશ્ચર્ય સાથે માન થયું. તેણે ગીત ઉપાડ્યું અને બધાં ભંગી ગાવા લાગ્યા:

"ઓરો આવ્યને કૈશલા, તારો ઓશલો કૂટું:
ઓરો આવ્યને કૈશલા, તને પાટુએ પીટું:
ઓરો આવ્યને કૈશલા, તને ધોકણે ઢીબું:
ઓરો આવ્યને કૈશલા, તારે પૂંછડે લીંબું:"

રસ્તે ચાલતાં માણસો અને સ્ટેશનેથી આવતાં ઊતારૂઓ આ વિચિત્ર ગીત સાંભળવા ઊભાં રહેતાં હતાં. એટલામાં એક અવાજ આવ્યો.

"અલી ખેમી, આમ તો આવ્ય."

ખેમી તરત ગાતી બંધ પડી, ઊભી રહી ગઇ, અવાજ આવ્યો તે શેરીમા તેણે જોયું અને તે તરફ ચાલી ગઇ.

તેની સામુ તેને બોલાવવા આવી હતી.

ધનિયો અને ખેમીના પહેલા ત્રણ દિવસો અકથ્ય આનંદમાં અને ખાવાપીવામાં ગયા. ચોથે દિવસે રાત્રે ધનિયો અને ખેમી વાતો કરવા બેઠાં. નડિયાદમા ખેમી કેમ રહેતી, તેના ગાતો, તેની બીજી ભંગીઓ સાથેની ગંમતો બધું સાંભળીને ધનિયો બોલ્યો "ખેમી, તું કરણ દેવાની તો ખરી હો. મને અહીં ગમતું ન હોતુ ને તું ત્યાં મજા કરતી હતી."

"મને ય ગમતું ન હોતું, પણ તે બોલાવી નહિં ત્યાં સુધી મારાથી કેમ અવાય!"

શંકરપ્રસાદ રાવલ

[જન્મ : ઇ. સ. ૧૮૮૭]

[શ્રી શંકરપ્રસાદ છગનલાલ રાવલ, મહીકાંઠા એજંસી (હાલની સાબરકાંઠા એજન્સી)ના ડભોડા-વડોદરા ગામના રહીશ, હાલ મુંબાઇમાં, સાહિત્યકાર અને શિક્ષક છે. વિવેચન, કાવ્ય નવલિકા, જીવનચરિત, સંશોધન વગેરેવગેરે એમના પ્રિય વિષય છે અને એમના સાહિત્યાદર્શનું અવિરત સેવન કરવામાં એ વર્ષોથી કર્તવ્યશીલ રહ્યા છે. એમની સાહિત્યકૃતિઓની સંખ્યા મોટી છે.

'હંસાવતી' એ મધુસૂદન વ્યાસકૃત 'હંસાવતીવિક્રમચરિત્રવિવાહ' નામક વાર્તાકાવ્યનો સાર છે. શ્રી શંકરપ્રસાદે રાવલે આપણી જૂની ગુજરાતીમાં લખાયેલા આ કાવ્યને સંક્ષેપ્યું છે. જૂના ગુજરાતીઓમાં કેવી વાર્તાઓ પ્રચલિત [illegible] હતી તેનો કાંઈક ખ્યાલ આ વાર્તાસાર જરૂર આપશે. એમાં આપણા ગુજરાતનાં ને માળવાનાં પ્રાચીન કાળનાં સરસ સામાજિક ચિત્રો છે લક્ષ્ય.]

હંસાવતી

[illegible] અવંતીનગરીમાં વિક્રમાદિત્ય રાજાધિરાજ રાજ [illegible] કરે. [illegible] અવંતીનગરી સર્વ [illegible] [illegible]. [illegible] એક દિવસ [illegible] [illegible] માં આવ્યો. પોતાના [illegible] [illegible], અને તે [illegible] [illegible]

મહારાજાએ બીડું ધર્યું અને તે સ્વીકારવા એમનો પ્રધાન રાજપાલ ઊભો થયો. પદ્મિની શોધી કાઢીને સાત જ દિવસમાં પાછા આવવાની પ્રધાને ખાતરી આપી. જોઇતી સાધનસામગ્રી લઇ પ્રધાને પ્રસ્થાન કર્યું. અનેક પ્રદેશો ખૂંદતોખૂંદતો તે ગુજરાતના ખંભાતબંદરે જઈ ચડ્યો. ખંભાતમાં પ્રવેશ કરતાં જ શુભ શકુન જાણે આપતી હોય તેમ ત્યાંની માલણ સામી મળી. ખંભાતનો રાજા ત્ર્યંબકરાય અને લક્ષ્મણરાય કરી તેનો પ્રધાન હતો. માલણ અવંતીના અતિથિને લક્ષ્મણરાયને ઘેર લઇ ગઇ. લક્ષ્મણરાયની પત્ની લીલાવતીએ રાજપ્રધાનને આવકાર આપ્યો ને તેના આગમનનું કારણ પૂછી તે વાકેફ થઇ. ખંભાતપ્રધાન ઘેર આવ્યો ને બન્ને પ્રધાનો અરસપરસ મળ્યા. ખંભાતની રાજકુમારીનું માગું કરવા રાજપાલે લક્ષ્મણને કહ્યું અને રાજાને ખબર કરવા વીનતી કરી. વિક્રમ જેવા રાજાધિરાજના પુત્ર માટે પોતાની પદ્મિનીરાજકુમારીની માગણીથી ત્ર્યંબકસેન રાજાને આનંદ થયો. એક મહીનાની અવધ નક્કી થઇ. એટલામાં વિક્રમચરિત્ર પરણવા માટે નહીં આવે તો પછી પોતાની પરણવા યોગ્ય પુત્રીનો વિવાહ ફોક ગણાશે.

પ્રવાસમાં ખંભાત આવતાં આવતાં પ્રધાનને અઢી વર્ષો ને સાત દિવસ થયા. તે ઊતાવળો આવતો ગયો પણ બહુ જ વખત ગુમાવવા માટે વિક્રમરાજના ક્રોધનો પાત્ર થયો. એને નોકરીમાંથી છૂટો કરવામાં આવ્યો. રાજપાલનો પ્રવાસશ્રમ અને મહેનત બરબાદ થવાથી એ નીરાશ થઇ ગયો. મહારાજાએ એનું કંઇ જ સાંભળવા ચોખ્ખી-ચટ ના પાડી.

એને માટે હવે એક જ ઉપાય રહ્યો. એ વિક્રમચરિત્ર પાસે ગયો. પદ્મિનીની શોધમાં વેઠેલા પોતાના અપાર શ્રમની અને ઋતુઋતુના લાંબુ પ્રવાસની દુઃખવાતાં તેણે કુમારને સખેદ સંભળાવી. ઉપરે પદ્મિની શોધવામાં હું સફળ થયો ત્યારે અવંતી આવતાં મારું સર્વ ઊંધું વળ્યું. મારા દુઃખનો હવે પાર નથી. પણ પદ્મિનીના ભારોભાર વખાણ કરીને

રાજાએ ફરી રાજકુમારને હંસાના રાગમૂર્તિ સ્વરૂપે અને પ્રેમમુગ્ધ કર્યો.

રાજકુમાર હંસાપાસે ગયો. એનું મુખદર્શન કર્યું. તેથી એ પ્રસન્ન થઈ એની પ્રતિજ્ઞા કરી પોતાના પવનવેગી ગંગાજળ ઘોડા ઉપર એ સવાર થયો અને ખંભાત તરફ વાયુવેગે ઉપડી ગયો.

બીજી તરફથી અવધ વીતી ગઈ હતી તેથી ખંભાતનગરમાં હંસાનો વિવાહ કનોજના રાજા મંગળરાજના પુત્ર ભીમકુમાર સાથે નક્કી કરી દીધા અને લગ્ન લેવાણાં. કનોજની જાનની ખંભાત આવી પહોંચવાની તૈયારી હતી. વિક્રમચરિત્રને ખંભાતમાં પ્રવેશતાં વેંત માળણ મળી. તે તેને લીલાવતીની પાસે લઈ ગઈ. ગુર્જરાજકુમાર માટે જમવાની તૈયારીઓ થઈ ગઈ પણ એને તો હંસાને મળ્યા વિના જમવાની આખડી હતી. પ્રધાન અને પ્રધાનપત્ની બંને મૂંઝાયાં. હવે શું કરવું? હંસા પરણીને હમેશની સાસરે જશે માટે રાજાને વીનતી કરી પોતાને ઘેર તેને જમવાનું આમંત્રણ કરવા લીલાએ પ્રધાન સાથે કહેવરાવ્યું. લગનની વચ્ચેમાં બીજે જમવા જવા રાજકન્યાને નહીં મોકલું એમ કહી પહેલાં તો રાજાએ આનાકાની કરી. પણ પ્રધાનના આગ્રહને છેવટે માન આપવામાં આવ્યું. રસોઈ તૈયાર થઈ. રાજપુત્રી પ્રધાનને ઘેર ગઈ અને લીલાવતીએ તેને યુક્તિથી વિક્રમચરિત્ર સાથે મેળવી દીધી. બન્ને એકબીજામાં પ્રેમલુબ્ધ થયાં. રાજકુમાર હંસાની સાથે જમ્યો. બન્ને વચ્ચે કોલ, નિશ્ચય ને સંકેત થયા. હંસાએ કહ્યું:—

'×   ×   ટોડિ રહિજ્યો આવી સહી.
એક જમાડિ બીજો વરિ, તેહેનો પિંડ તે પાપિ ભરિ.
પુરુષ દૃષ્ટિનિ જાઈ ટલી તે સમ તેહેનિ લાગી વલી.'

કનોજની જાન આવી ગઈ. વાગતુંગાજતું જાનનું સાજનમંડળ માંડવે ગયું. સાંઝનો વખત થયો. રાજકુમાર ગંગાજળ પલાણીને રાજમહેલની પાસે ગયો. હંસાને નીચે આવતાં વાર થઈ. રાજકુમારે ગઢમાં

પગપાળા જવાનો વિચાર કરી ત્યાં ઊભેલા એક પાળાને ચોકીદાર ઘોડો સોંપ્યો. પણ એટલામાં તો હંસા નીચે ઊતરી આવી ઘોડે ચડી ગઈ અને પાળાએ ઘોડો પૂરપાટ મારી મૂક્યો.

કનોજનો રાજકુમાર ચોંક્યો. પણ તેને પરણવા કોણ આવે? એક દાસી હંસને આગે આવી ને ખબર કર્યા કે હંસાને તો કોઈ ચોર લઈ ગયો! લગનમાં આવી ચડેલા અજાણ્યા વિપ્રે આરે ખોખલ બગાડ્યું. હવે હો શું થઈ રહી

એકમાં ને એકમાં હંસા ને પાળો રતોવાય આગળ ને આગળ એક દિશામાં આવ્યાં જાય છે. આ અંતમાં વિક્રમચરિત્ર આગળ બની ગયો. ચોકીદારમાં સવેરસવેર આવ્યો ને હંસા ને ઘોડો બન્નેમાંથી કોઈ મળે નહીં! કનોજનો રાજકુમાર પણ બની ગયો. હંસાએ રસ્તે પાળાને ઊભાળ્યાં ઉપર ઊભાળ્યાં પૂછવા માંડ્યાં. પણ તેની આગળ પાળાનું ક્યાં સુધી ચાલ્યું? એ તો કડો જ થઈ ગયો હતો. ઉત્તર ન મળતાં હંસા ગભરાઈ. એને કંઈક વહેમ આવ્યો. સવાર થયું ને પાળાએ ખરી હકીકત જાહેર કરી કબૂલાત કરી. હંસાનાં દુઃખ ને નીરાશાનો હવે છેડો રહ્યો નહી.

વિક્રમચરિત્ર ગયો પર પુરુષને અને તે પણ ભુડથલને હાથ હંસા પડી. હવે શો ઉપાય? પસ્તાવો થાય છે, પણ હવે શું? કર્મનો દોષ કાઢીકાઢી આગળના સુખ ને વસમી ઘડીઓ યાદ કરીકરી અનાથ રાજકુમારી છાતીફાટ રડવા લાગી.

‘રુદન કરી ઊપ્રસિ ઊર, મહાનદી જિમ આવિ પૂર!
નયણિ નીર ન માઈ ખરું, અરે દૈવ! હવિ કિમ કરું?

x x x

વર વંશહ કા હું અવતરી? વિક્રમચરિત્ર કાં હું અનુસરી?
કાં મિ મહિયરસુખ પરહર્યું? અરે દૈવ! હવિ સ્યું કરું?’

[illegible] હુંસ [illegible] કર્યું [illegible] [illegible] [illegible] [illegible].

એક ગામ આવ્યું. તે [illegible] તો [illegible], [illegible] શું આપીશું ! હવે સમાચાર [illegible] ગઈ. [illegible] જરા મને કહેશો કે આ [illegible] ? [illegible] હવે [illegible] ભાષાની [illegible] કરી દીધી. હુંસા [illegible] સરલ સ્વરે ગાઢ વિલાપ કરવા લાગી :

'હે ! હે ! દેવ ! તેં શું કર્યું ? આગ ક્યાં નાંખ્યો [illegible] ?
કનક [illegible] રે કાગનિ ! [illegible] [illegible] !
રુદન કરે રે હુંસાતની !

X X X

નિર્મલ કુલમાં હું ઊપની, કર્મેં દીધી ઊપગતિ;
સ્યાંસ્યાં દુઃખ રે મઝ સાંભરિ, દેયડા હવિ સિ ન ફાટિ ? રુદન.

X X X

મૂઝ મુખ માડી નીહાલતાં, કહિતાં કુંઅરીસોભાગ;
પુરૂષ પનોતો કો પામસિ જેહનૂં હોસિ રે ભાગિ ! રુદન.

X X X

વર વરામો રે જો મલિ, સાંભલિ લખમણ ! વાત;
અમ્હ ઘરિ આવી રહેજો નહિ તો આપું સઘલી ગુજરાતિ.—રુદન—

X X X

વિષયારુપી રે શાકિની ! હજી ય ન મૂકિ રે પૂંઠી ?
નેહ લગાડો રે નાહસૂં, હવિ કિમ કિજિ રે ત્રૂટી ?—રુદન—

X X X

મંદિર મેડીની નીસરી, કાંઇ ન સૂઝે રે કાજ !
પુત્રક ન આવ્યો, દાધિ લાગી, કાયમંક લાગી રે આજ.—રુદન.
હિયડું ફિટે રે નારીનું, આંખે ફૂલિ લાગી રે આગ,
માંગી ફિટા રે પુત્ર થયો, ભ પણ લાગ્યું રે લાખ !—રુદન.'

પંખીની વાણી ઉત્તર કરે છે: કર્મ કરે તે હોય. એણે દેવું દીધું અને પીડા આપી કે દુઃખ પાછળ સુખ આવશે જ આવશે.

હંસાએ યુક્તિ કરી આત હંસા આપી પાછાને સામમાં જાવાનું ભગીરથ મોકલ્યો. એ ગયો કે પોતે પુરુષવેશ ધારણ લીધો. ગજમાજસને પત્રે ચડી અવંતીએ વિક્રમચરિત્રને જ વરનાર માગ્યો. સૂર્યદેવ જેમ એમ પૂર્વ દિશા આખી ગંગાયમુનાના સંગમ તરફ પવનવેગી ઘોડો મારી મૂક્યો.

એકાદ દિવસ વીત્યા. એક ભયંકર મહાવન આવ્યું. રાત્રિ પડી. એક વડના થડ આગળ ઊતરી પડી હંસા વિશ્રામ લેવા બેઠી.

વડ ઉપર એક ગરુડપંખી રહે છે. તેના ચાર પુત્રો ચારે દિશામાં પ્રવાસે જાય છે અને પાછા આવી દરેક દિશાનો ઇતિહાસ પોતાના પિતાને કહે છે. તે રાતે બધા જ પુત્રો એક સામટા ઘેર આવ્યા હતા.

ઉજ્જેણી જઇ આવનાર ગરુડપુત્રે વિક્રમાદિત્યના ને પુત્રવિજોગી કમલવતીરાણીના કુમાર વિક્રમચરિત્રની ગૂમ થવાની દુઃખદ વાત કરી. સંતવન કરવા વિક્રમે બધે શોધાશોધ કરાવી. પણ કંઈ જ ન વળ્યું. રાણી સાથે બધો રણવાસ રુદન કરવા લાગ્યો. એક બ્રાહ્મણે આવી રાણીને પુત્રવિયોગ દૂર કરવા માટે શક્તિપૂજન કરવાની ભલામણ કરી. રાણીએ અનશન વ્રત લીધું છે અને તે શક્તિપૂજામાં રોકાઇ ગઇ છે.

બીજો ગરુડપુત્ર–જે પશ્ચિમ ગુજરાત તરફથી–ખંભાત તરફથી–આવ્યો હતો તે–બોલ્યો : પિતાજી ! એક અસંભવ વાત બની ગઇ છે. ખંભાતના અંબકસેનરાજાની કુંવરી માટે કનોજથી ભભકાભેર જાન

આવી હતી. ભીમકરાય આવી માંહ્યરામાં બેઠા અને કન્યાની પધરામણી થવાની હતી એટલામાં તો કોઈએ એ જ કન્યાનું હરણ કર્યું. કન્યાને બદલે કોઈ દાસી પરણવા આવી! કન્યા ગૂમ થવાથી બન્ને પક્ષમાં હાહાકાર થયો. કન્યાની બધે બહુ શોધ કરવામાં આવી, પણ પત્તો જ લાગતો નથી. પરણવા આવનાર બિચારો બની જવાથી આશાભંગ થઈ ગયો છે. એને વીલે મોંએ પાછા કનોજ હવે જવું નથી. કન્યાના ભારે વિરહનો માર્યો એ જાનથી છૂટો પડી કહીં નીકળી ગયો છે અને તેનો પણ પત્તો નથી. વર વગરની જાન કનોજ પાછી ફરી છે.

ગરુડનો ત્રીજો પુત્ર કનોજ ભણીથી આવ્યો હતો. મંગલસેન રાજાનો પુત્ર ભીમક જાન લઈ ખંભાત ગયો ત્યાં કન્યાનું અચિંત્યું હરણ થયું. જાનૈયા વર વગર ડાઘુ જેવા પાછા આવ્યા છે ને રાજાના શોકનો પાર રહ્યો નથી. રાજા પુત્રવિરહના શોકથી ઝૂરવા લાગ્યો છે. એક પુરોહિતે તેને ત્રણ દિવસનું અશોકવ્રત લેવાનું કહેવાથી એણે ત્રણ દિવસના ઉપવાસ આદર્યા છે.

ચોથો ગરુડપુત્ર—જે ગંગાયમુનાના સંગમ ઉપર પ્રયાગરાજ જઈ આવ્યો હતો તે—બોલ્યો : પ્રયાગરાજ જેવું પૃથ્વીતટ પર કોઈ તીર્થ નથી. એ સ્વર્ગની વાટ જેવું છે. ત્યાંનો રાજા વૃદ્ધ હોવા છતાં ને તેના સુખનો પાર ન હોવા છતાં અપુત્ર છે. પુત્ર વગરના પિતાના દુઃખની શી વાત કરવી? રાજા અંતે કંટાળી રાજ્ય ત્યાગી ત્રિવેણી જઈને કરવત મૂકાવવા તૈયાર થયો. એ કરવત મૂકાવે છે ત્યાં તો આકાશવાણી થઈ : "શા માટે તમે ખાલી તમારા જીવની હત્યાનું પાપ વહોરો છો? તમે કોઈને ધર્મપુત્ર કરી લો."

સવાર થયું. હંસકુમારી વિચાર કરે છે: મારી સ્ત્રીજાત છૂપાવી છૂપાવી શકાશે નહીં. ચાલ જીવ! હું પણ ત્રિવેણી જઈ કરવત મૂકાવું ને દુઃખનો આરો લાવું. એ પ્રયાગ ગઈ. સ્નાન કર્યું. બ્રાહ્મણોને દાન દીધાં. કરવત મૂકાવે છે એટલામાં ત્યાં દસવીસ બ્રાહ્મણો આવ્યા.

તે બોલ્યા: આ તો આપણા રાજાજીનો કુંવર થવા યોગ્ય છે. એક જણે જઈને રાજાને વધામણી આપી. રાજાએ એકદમ કરવતના મનાઈ-હુકમ કાઢ્યા. હુંસાને રાજગઢમાં બોલાવવામાં આવી. રાજાએ ગુરુ આગળ જાહેર કર્યું: હું આ સુંદર કુમારને મારો ધર્મપુત્ર કરીશ. ગુરુએ પણ તેમાં સંમતિ આપી ને ઉજ્જવળ ભવિષ્યવાણી ભાખી. રાણીઓ પણ ખુશખુશ થઈ ગઈ. હુંસાને આમ રાજ્ય મળ્યું. એની આણ વર્તાવતા સમસ્ત દેશમાં જાહેરાત કરવામાં આવી. કરવતની ક્રૂર પ્રથા પણ બંધ કરવામાં આવી.

પાછળ રહી ગયેલો પેલો ગંડુ પાળો ગામમાં ગયો. વિવિધ જાતનાં પકવાન તથા મગનાં હતાં ત્યાં ફરીફરીને દાળિયા ને ગોળની જ તેણે મોટી ખરીદી કરી. આખું નગર એ મૂર્તિ જોઈ હસવા લાગ્યું. એ પાદરે આવી જુએ છે તો હુંસા પણ પલાયન કરી ગઈ છે. હવે એ શું કરે ! પોતાના અભાગિયા કર્મને દોષ દઈ ભારે વિલાપ કરીકરી એ રડવા લાગ્યો. એણે આપઘાત કરવાની તયારી કરી. છેવટે એણે પણ નિશ્ચય કર્યો કે

'પ્રાગે જઈનિ પ્રાણ તજુ માધવકેરે રે બારિ;
ઘોડો માહરૂ બેસણૂ, હું માગુ એક ઘરનારી !
અભાગિયા કર્મ ! ન પોહોતી આસ !'

દુઃખનો માર્યો એ ત્રિવેણી પરના કરવત ભણી ચાલ્યો. કરવત મૂકાવતા પહેલાં એણે ત્યાંના વક રીતે પોતાને મળેલા ઘોડાની અને બીની વાત કહી. પ્રયાગરાજના રાજાએ કહ્યું: લે આ ચારસો ટંકા ને બીજો ઘોડો ને સાં લાવજે પાળાભાઇ તો ખુશખુશ થઈ ગયા ને પોતાને રસ્તે ચાલતા થયા.

પણ એટલામાં કરવત ઉપર કનોજનો રાજા પણ આવ્યો. તેણે પોતાના મહા દુઃખની વાત કહી. એને આશ્વાસક જવાબ મળ્યો :

'સુણ ભૂપતિરાય ! તાહારી હોય તો કિહાં ન જાઇ;
× × ×

આપું ટંકા સહસ્ર ત્રીસ, ઊપરિ આપું સોગ ત્રીસ;
જો જાત્રા કરિ ઘરિ જાય, એટિ દેસિ કોઈક રાય.'
કહેવા પ્રમાણે ટંકા આપીને ભીમકરાયને વિદાય કરવામાં આવ્યો.

આ પછી વિક્રમચરિત્ર પણ કરવત પાસે આવ્યો. એ મરવા તૈયાર થયો. આ ખબર હંસા આગળ ગયા. તે એકદમ પોતાના પુરુષવેષ માટે મનમાં મલકાતીમલકાતી ત્યાં આવી. પોતે રાજકુમારને પોતાને આવાસ લઇ ગઇ. હંસા પુરૂષવેશ બદલી 'હંસા' બની ગઈ. બન્નેના આનંદનો પાર રહ્યા નહીં. ત્રણ માસ વીતી ગયા. વૃદ્ધ રાજાને સમાચાર મોકલવામાં આવ્યા કે પુરૂષવેષમાં એક અપ્સરાજેવી કોઈ સ્ત્રી આવી હતી તેને મેં મારી પાસે રાખી છે. એને પરણવાની તમે મને રજા આપો તો જ હું તમારા સિંહાસને બેસું. રાજાએ ખુશ થઇ એમાં પણ સંમતિ આપી. લગ્નના મુહૂર્તના છ દિન બાકી રહ્યા છે. બધી સજાઇઓ સજવામાં આવી છે.

ધામધુમથી હંસાવિક્રમચરિત્રના હસ્તમેળાપ થયા. એમનું જોડું રતિકામદેવજેવું શોભવા લાગ્યું.

લગ્નને ત્રણ માસ વીતી ગયા. હવે વિક્રમચરિત્રે પિતાને મળવું જોઇએ. એક મંત્ર રચાયો. વૃદ્ધ રાજાને કહેવડાવ્યું કે તમારી ભૂમિ દબાવનાર વિક્રમ ઉપર ચાલો આપણે સેના સાથે આક્રમણ કરીએ. રાજાએ મહાભાગ્ય માની હા કહી. વળી વધુ રજા માગવામાં આવીઃ કહો તો સાથે આપની પુત્રવધૂને પણ લઇ લઉં. તેમ કરવાની પણ રજા મળી. લશ્કર માલવદેશ ભણી ધમધોકાર આગળ ધપવા લાગ્યું.

ઊજેણી આગળ મુકામ નંખાયો. વિક્રમદેવને જમવાનું આમંત્રણ મોકલવામાં આવ્યું. તમે નહીં જમવા આવો તો અમે રાજ્યમાં પેસીશું ને તમારૂં રાજ્ય સર કરીશું. વિક્રમ જમવા આવ્યો ત્યાં તો પુત્રમુખ જોઇને રાજીરાજી થઇ ગયો. સ્થળેસ્થળે આનંદ ફેલાયો. વિક્રમે રાજપાલને

કરી દેઉં છું". ખંભાતનરેશને વધામણી આપવા સારુ રાજપાલને જ મોકલવામાં આવ્યો. પેલો વૃદ્ધ રાજા તો વિચારમાં જ પડી ગયો.

રાજપાલ, લક્ષ્મણ, લીલા અને ખંભાતનરેશ સૌ મળ્યાં. ગુજરાતના રાજાએ વિક્રમાદિત્ય અને જમાઈને શોભે તેવી કંઈક ભારે જેવી મોકલી આપી. બારમે દિવસે પ્રધાન પાછો ઉજ્જેણી આવી ગયો.

દીવાળી જેવા આનંદોત્સવથી ઉજ્જેણી શોભવા લાગ્યું. રાજ્યમાં ઠેરઠેર લગ્નોત્સવનાં પર્વ મંડાયાં. સુખનો સાગર છલકાયો.

—મધુસૂદન વ્યાસકૃત હંસાવતીવિક્રમચરિત્રવિવાહ

૮

ધનસુખલાલ મહેતા

[જન્મ : ઈ. સ. ૧૮૯૦]

[શ્રી ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા સુરતના વતની છે. આપણા હાસ્યરસિક લેખકોમાં એમનું સ્થાન ઊંચું છે. સ્વર્ગસ્થ રમણભાઈ નીલકંઠના 'જ્ઞાનસુધા' માસિકદ્વારા હાસ્યરસનાં ચિત્રાલેખન આરંભી એ અત્યાર સુધી અખંડ ધારાએ લખતા રહ્યા છે. 'હું' સરલા અને મિત્રમંડળ, 'અમે બધાં' (શ્રી જ્યોતીન્દ્ર દવે સાથે લખેલી હાસ્યનવલ), 'વિનોદવિહાર', વાર્તાવિહાર, 'ભૂતના ભડકા' આ એમની હાસ્યરસકૃતિઓના સંગ્રહ સુપ્રસિદ્ધ છે.

ગુજરાતી લોકજીવનમાં બીજવર એ જૂનો થયેલો છતાં નવેસરથી પરણવાને ઊલટેલો 'ઠોંસીલો વરરાજા' છે. એ વરરાજાના વરઘોડાનું, ભૂતકાળનાં સ્મરણોમાં ભમતા એમના હૃદયસ્વપ્નનું ને એ માંહ્યરામાં બેઠા ત્યાં સુધીનું ઊંડું માર્મિક કટાક્ષમય ચિત્ર આ વાર્તામાં છે.]

બીજવર

: આખર જૂદાઈ શીરપે ખડી હય :

'વાજાવાળા આવ્યા કે નહિ?' 'વરરાજા તૈયાર થયા કે નહિ?' 'અરે છગનભાઇ! મગનભાઇને તમે દીઠા છે?' 'અણીને જ વખતે મણિબેન બહાર ચાલ્યાં જાય છે, એમને ય પછી કહીશું તો ગુસ્સો લાગશે,' આવાં સેંકડો વાક્યો, હજારો ઉદ્‌ગારો, વિહ્વળ બનેલાં, ઉશ્કેરાયલાં મનુષ્યોનાં હૃદયમાંથી નીકળતાં જતાં હતાં, 'વાજાંવાળા

આશાની ધૂમો થઈ રહી, વાજાંવાળા આવ્યા પણ ખરા અને કાન ફોડી નાખે એવે અવાજે વાજું શરૂ પણ થઈ ચૂક્યું. આ વાજાના અવાજને ભેદીને ઘાંટો નીકળે તો જ સંભળાય એમ હોવાથી સ્ત્રીપુરુષોના અવાજ પણ મોટા થયા. કોલાહલ ઘણો વધ્યો: એનો ઓવાઈ ગઈ, વળી જરી, એટલામાં ગોર જણાયા નહિ. એ જણાયા એટલામાં મામા રીસાણા અને એ મનાયા એટલે વરરાજા યોગ્ય વસ્ત્રાભૂષણ પહેરી, ગળામાં મોટો હાર ઘાલી ધીમે પગલે બહાર નીકળ્યા. વરઘોડો ચાલ્યો.

વરઘોડો કેવી રીતે આગળ ચાલ્યો, રસ્તામાં કેવી અડચણો પડી; કયે રસ્તે વરઘોડો લઈ જવો એ બાબતમાં વરરાજા, ત્રણ સગા અને બે સ્નેહીઓ વચ્ચે કેવી ટપાટપી થઈ અને આખરે મોડું થઈ જવાથી રસ્તામાં જ કેવી રીતે ફીટસનો મંગાવવામાં આવ્યા, અને છેવટે વરઘોડો કેવી રીતે કંઈ પણ વધુ હરકત વિના કન્યાના ઘર આગળ આવી પહોંચ્યો એનું વર્ણન બહુ રસમય થઈ શકે. પણ વરઘોડો કોનાથી અજાણ્યો છે?

વરરાજાને મામા હાથ પકડીને માંડવાને તોરણે બાજઠ ઉપર લઈ ગયા. તેમને પોંખવાને માટે સાસુને બોલાવતા ગોરનો ઘાંટો, સ્ત્રીઓમાં હજાર જૂદાજૂદા સૂરથી ગવાતા ગીત, વાજાં અને ત્રાંસાંના ઘોંઘાટને ભેદીને સાસરિયા પક્ષને કંપાવતા વાતાવરણમાં પ્રસરી રહ્યા. સાસુને આવતાં જરા વાર લાગી.

બીજવરના હૃદયમાં વિચારાન્તરો ઉદ્ભવ્યા. તેની પળેપળ તેના દેહને વીંધવા લાગી. આસપાસનો દેખાવ, સગાંસંબંધીઓ વગેરે તેના હૃદયચક્ષુથી અદૃશ્ય થઈ ગયા. તેને સ્થાને ભૂતકાળના સ્મરણોએ પોતાનું સામ્રાજ્ય પ્રસાર્યું.

“ઓહ! હું આંહિ! શા માટે? કયા નવા સુખને માટે? કયા નવા દુઃખને માટે? સુખ ને દુઃખ આપવા માટે અમુક સમયની મર્યાદાની જરૂર છે? કોઈ મનુષ્ય અમુક સુખદુઃખ શોધ વરસમાં આવે.

કોઇ મનુષ્ય તેટલાં જ સુખદુઃખ ત્રીસ મિનીટમાં પણ માણી શકે છે. હું પાછો શેની શોધમાં નીકળ્યો છું?"

'હું યુવાન હતો. સંસારને બદલે સ્વપ્નસૃષ્ટિમાં રાચતો. 'સ્ત્રી' એ શબ્દમાં પવિત્રતા અને તેજના અર્ક જોતો. એવી મનોદશામાં મારા વિવાહ થયા અને એ જ મનોદશામાં મેં પ્રથમ એને જોઇ.

"પ્રાતઃકાળનો સમય, અમારા અર્ધનિદ્રાવશ ગામમાં લોકો પૂરાં જાગ્રત પણ થયેલાં નહિં. ગંદી શેરીઓ પણ પોતાના વતનની હોઇ કેવી દિવ્ય લાગતી હતી! ટાંગો ખડખડ ભડભડ કરતો ચાલ્યો જતો હતો. એટલામાં એનું ઘર આવ્યું. સહસા મારી દૃષ્ટિ એના ઘર તરફ ગઈ. મેં એને દીઠી.

"માત્ર એક ક્ષણ જ મેં એને દીઠી. પણ એ પ્રસંગ હજી એવો ને એવો મારાં હૃદયચક્ષુ સમીપ જીવંત ઊભો છે. નહિ પૂરી બાલિકા—નહિ પૂરી યુવતી. સ્વપ્નસૃષ્ટિમાં ઘડાયેલ, પવિત્ર ભાવનાઓથી જ રચાયેલ જે પ્રતિમા યુવકની આંખ આગળ અહોનિશ 'આઇડીઅલ' તરીકે તર્યા કરતી ને પ્રતિમાનું સ્થાન આ નહિ પૂરી બાલિકા કે નહિ પૂરી યુવતીએ લીધું. હા, મેં એને તે દિવસે એ જ પ્રમાણે દીઠી. તે ક્ષણનો આનંદ! તે દિવ્ય સુખ! હા, મને તે આનંદ, તે સુખ પ્રાપ્ત થયાં હતાં.

"થોડો સમય વહી ગયો. રાત્રિ હતી. પૂર્ણિમા હતી. ચન્દ્રિકાનો પ્રકાશ અમારા ગૃહને અજવાળતો સારા જગતને પોતાના પ્રકાશથી સ્નાન કરાવી રહ્યો હતો. મનુષ્યજીવનના ત્રણ દિવ્ય, ગૂઢ પ્રસંગોમાંથી—જન્મ, લગ્ન અને મૃત્યુમાંથી—દ્વિતીય પ્રસંગ હું અનુભવી રહ્યો હતો. શું દ્રવ્યવાન કે શું દીન મનુષ્યો એ ત્રણે પ્રસંગોમાંથી ઉત્પન્ન થતી ઊર્મિઓ—સુખ અને દુઃખની અંતિમ સીમાએ ઊંચાડતી ઉન્મત્ત ઊર્મિઓથી અજાણ્યા નથી. સુખ અને દુઃખ તેમના અતિતીવ્ર સ્વરૂપમાં લગભગ એક જ પ્રકારની મનોદશા ઉત્પન્ન કરે છે. હું તેવી મનોદશામાં ગોથાં ખાતો ચંદ્રપ્રકાશ નીરખી રહ્યો હતો તેવામાં સહસા મારા ગળામાં પુષ્પનો

ચાર પાયે હું ભમાયો. પાછળ ફરીને જોઉં છું....ભમ પછીનું આ પ્રથમ દર્શન]

"ઘણાં વર્ષો થઇ ગયાં. આજ પણ હું એ દશ્ય જોઇ શકું છું. સુંદર વસ્ત્રો, સુંદરતર આભૂષણો અને સૌથી સુંદર, સર્વોત્તમ, તે વસ્ત્રો અને તે આભૂષણોને ચીરી નીકળતી તેની આકૃતિ ! એ આકૃતિના અણુએ અણુમાંથી ઝરતા પ્રેમનાં પાન મેં કર્યાં છે. હવે કેવા પાનની ઇચ્છા છે ! વૈવાતરસ હજી છીપી નથી ?

"વળી થોડો સમય ગયો. ચોમાસાની સાંજ હતી. વરસાદ ન હોતો આવતો જાણી અમે બે બહાર નીકળ્યાં હતાં. જઇને એક એકાંત ઝાડીમાં એક વૃક્ષની છાયામાં બેઠાં અચાનક વાદળાં ચઢી આવ્યાં. આકાશ ઘનઘોર થઇ ગયું. વીજળીના ચમકારા સ્નેહી હૈયામાં સ્નેહનાં અદ્ભુત આંદોલનો ઉત્પન્ન કરતા હૃદયમાં ભયથી મિશ્ર આનંદનાં કાગળુબૂત થઇ ગયાં. પાછાં જઇએ ! પાછા જવાશે ?" એ પ્રશ્નો અન્યોન્યને પૂછીએ તે પહેલાં તો વરસાદ તૂટી પડ્યો. ઝાડીમાં કે તેની આસપાસના માર્ગ ઉપર કોઇ પણ માણસનો પગરવ ન હોતો બે વચ્ચે અમારે એક જ છત્રી હતી. વૃક્ષની છાયા નીચે આ એક છત્રી ધરી અમે બે લપાઇને જ બેઠાં. છત્રી નામનું જ રક્ષણ કરતી હતી. પવન ફુંફાડા મારતો એટલે વરસાદનું પાણી અમને ઉભયને પલાળી નાખતું હતું. નબળી પ્રકૃતિને લઇને એ ધ્રુજવા માંડી. મેં એને મારા ભુજપાશમાં લીધી. મારો કોટ એના ધ્રુજતા અંગની આસપાસ વીંટાળ્યો ..

"હૃદયની મસ્ત ઊર્મિઓને તાદશ રૂપ આપતાં હોય તેવાં કુદરતનાં તે દિવસનાં અનેરાં સ્વરૂપ ! મદોન્મત્ત હાથીની પેઠે ઊછળતો પવન, સ્વચ્છંદે પ્રેમમત્ત થયેલો હોય તેવો પ્રચંડ વરસાદ, દિવ્યતાનું ભવ્ય સ્વરૂપે ભાન કરાવતી ફાગ્મી વીજળી, ભીષણ સ્વરૂપે અનંતતાનું સ્મરણ કરાવતો વધતો જતો અંધકાર, અને આ સર્વની વચમાં વૃક્ષના થડ પાસે પવનથી ધ્રુજતા, પાણીથી તરબોળ થતા, વીજળીથી ડરતાં અમે

બે સ્નેહીઓને આથી વધુ શું જોઈએ? આ જગતમાં અમારા સિવાય કોઈ અન્ય મનુષ્ય જ નહિ હોય એમ અમને લાગતું હતું. ત્યાં બેઠે બેઠે સુખના યુગના યુગ વહી ગયા હોય એમ અમારાં હૈયાંને ગમતું હતું. સુખની પરાકાષ્ઠા તે દિવસે અનુભવી. ઉભય આત્મા પોતપોતાનું ભિન્નત્વ ભૂલી જઈને એક થઈ ગયા હોય એમ લાગ્યું. તે વખતે વીજળી તે ઝાડ ઉપર કેમ ન પડી? આટલું અનુભવ્યા પછી હું કયું નવીન સુખ અનુભવવાની ઇચ્છા રાખું છું?...

"રાત્રિના દોઢેકનો સુમાર હતો. બંગલાની ચોકી કરતા ફરતા ભૈયા અને પઠાણોના પડકાર રાત્રિએ બીહામણા લાગતા કોઈકોઈ જગાએથી સંભળાતા હતા. વચમાંવચમાં એન્જીનોની કારમી ચીસો અને ફૅક્ટરીના ઘંટા મૃત્યુના દૂતોના જૂદાજૂદા શંખનાદ હોય તે પ્રમાણે હૃદયમાં સાલતા હતા. વાડામાં કોઈકોઈ વખત કૂતરાં ભસતાં હતાં–રડતાં–હતાં. આકાશમાં પૂર્ણિમા હતી. કુદરતની કલા, વિધાતાનાં નખરાં અદ્વિતીય, અદ્દભુત છે. આ જ પૂર્ણિમામાં સ્નાન કરતાં અનેક પ્રેમી યુગલ આ સમયને પોતાના ભિગતા પ્રેમના પ્રતિબિંબસમો ધારતાં હશે. અહિં એ મૃત્યુશય્યા ઉપર હતી. અમે પાંચસાત મનુષ્યો તેની આસપાસ બેઠાં હતાં; બેઠાંબેઠાં મૃત્યુનું ભવ્ય આગમન ફાટી આંખે નિહાળી રહ્યાં હતાં. ઘડીકમાં તેનાથી ડરતાં, ઘડીકમાં તેના દિવ્ય તેજમાં અંજાતાં, ઘડીકમાં મૃત્યુ જેને પોતાના પરમ શાંતિમય પડખામાં બોલાવી લે છે તેની ઇર્ષ્યા કરતાં, આ લોકમાંથી સરી જતી એને જોઈ રહ્યાં હતાં.

"પ્રલયકાલસમા તોફાનની આપણે વાતો સાંભળી હશે. પ્રચંડ મહાસાગરના પટ ઉપર ઝોલાં ખાતી નાની, ક્ષુદ્ર કીસ્તી, દરેક પળે તે પ્રચંડ મહાસાગર આ નાની ક્ષુદ્ર કીસ્તીને પોતાના ઉદરમાં ગળી જવાનો હોય તેવાં દૃશ્યોનાં વર્ણનો ઘણાંએ સાંભળ્યાં હશે–અનેકોએ જોયાં પણ હશે. ભયાનક અગ્નિની જ્વાલામાં સપડાયલ કોઈ મહાઇમારત, તેમાં સપડાતા કો દીન મનુષ્યનું દૃશ્ય ઘણાઓએ નીરખ્યું હશે. આવા પ્રસંગો વર્ણવવા એ સહેલા છે–પ્રમાણમાં સહેલા–છે, પણ પ્રત્યેક ક્ષણે

ત્યુનો આમંત્રણનાદ સાંભળી આ જગતને છોડી જતા સ્નેહીનું દૃશ્ય જું અને એનું વર્ણન કરવું એ અશક્ય છે. તે સમયે આપણાં હૈયાં ને તૂટી જતાં નથી ! આ દુઃખની પરાકાષ્ઠાઓ—આ ઊંડા જખમ માગ ાએ સહ્યા છે.

“લગ્ન પછી ચંદ્રિકાએ પ્રથમ દર્શન કરાવી પ્રેમામૃત પાયાં, તે જ ચંદ્રિકાએ અંતિમદર્શન (અંતિમ શું ? મૃત્યુ પછી પુનર્મિલન થશે!) કરાવી વિયોગામૃતનું પાન કરાવ્યું. સુખની અવધિ જોઈ, દુઃખની પરાકાષ્ઠા જોઈ. હવે શેની સંપૂર્ણતા સાધવાને હું તલસી રહ્યો છું! હવે કયી તૃષા છીપાવવી બાકી છે?............

× × × × ×

“લ્યો, આ સાસુ આવ્યા —કેમ આટલી વાર લાગી ?” ગોરનો કર્કશ ધ્વનિ નીકળ્યો. બીજવર ચમક્યો—હૃદયના વિચારતરંગની પરંપરા તૂટી. સાસુએ જમાઈને વધાવ્યા. બીજવરે માયરામાં પગ મૂક્યો.

—ભૂતના ભડકા

૯

ગૌરીશંકર જોષી

[જન્મ ઈ. સ. ૧૮૯૨]

['ધૂમકેતુ' એ ઉપનામથી આપણા અગ્રગણ્ય નવલિકાકાર તરીકે સાહિત્યરસિકોમાં સુપ્રસિદ્ધ શ્રી ગૌરીશંકર ગોવર્ધન જોષી, કાઠિયાવાડના ગોંડળ પાસેના વીરપુર ગામના રહીશ છે. ૧૯૨૦ માં બી. એ. ની પરીક્ષા પસાર કરી, શિક્ષકવૃત્તિ સ્વીકારી એ અમદાવાદમાં રહે છે.

શ્રી ધૂમકેતુ એમની નવલિકાઓમાં મોટે ભાગે આપણા લોકજીવનના વિવિધ પ્રસંગો અને પાત્રોના રસજ્ઞ આલેખક છે. આ પ્રસંગો અને પાત્રો એ આપણા ગ્રામજીવન કે નગરજીવનમાંથી પસંદ કરે છે અને તેમને સરસ રીતે આલેખી વાસ્તવિક અને કલામય કરે છે એમની નવલિકાઓની સ્વાભાવિક અને મોહક શૈલી એટલી સચોટ છે કે આપણા સાહિત્યના આ અંગને ખીલવનારાઓમાં એ પ્રથમ અને માનવંતુ પદ ધરાવે છે. એ નાટ્યકાર અને ચિન્તક પણ છે.

તણખા મંડળ ૧ થી ૪ અને પ્રદીપ એ એમની વાર્તાઓના સંગ્રહ પ્રસિદ્ધ થઇ ચૂક્યા છે.

જુમો એક મુસલમીન ભિસ્તી એક વખતનો શ્રીમંત પણ ગરીબ થઇ ગયેલો છે. સુખદુઃખનો એક જ સાથી એનો પ્રિય પાડો વેણુ છે. શેઠ ને વેણુ વચ્ચે ગાઢ મૈત્રીનો સંબંધ જામ્યો છે. એક વખત રેલ્વેના પાટાની બેવડમાં વેણુનો પગ ભરાઇ ગયો ને આગગાડી નજીક આવી છતાં પગ નીકળતો નથી. જુમાએ દોડાદોડ કરી મદદ માગી પણ કોઇએ તે ન

આજ હવે વેણુની પીઠ ઉપર મોટીમોટી મસક ભરીને જુમો સવારના પાંચ વાગ્યામાં નીકળતો. વેણુની ઘંટડી ધીમે વાગતી હોય ને પાછળ જુમો એકાદ ગઝલ કે ગીત લલકારતો ચાલ્યો જતો હોય. બારણે બારણે પાણી ભરી દીધા પછી શેઠ ને નોકર બંને પાછા વળતા. જુમાએ એક પૈસાનાં ગાજર, કે બહુ તો ટમેટાં કે ભાજી પોતાના શાક માટે અને બથ ભરીને ગદબ–જેને વેણુ પાછળથી ખાતો આવતો હોય–પાડા માટે લીધાં હોય. બસ, હમેશની આ ખરીદી. આ જીવન ને આટલું કામ. એથી વધુ ક્યારે* કરવું નહિ, કોઇ વધુ કામ આપે તો લેવું નહિ, ને ઘરાક હોય તેમાંથી ઘટે તો બીજાને ઘરાક થવા કહેવું નહિ. બપોરથી માંડીને છેક સાંઝ સુધી જુમો હોકો ગગડાવ્યા કરતો, અને તેના સંગીતમાં લીન થયો હોય તેમ, પેલો પાડો પણ માખીને ઊડાડવા કાન ફફડાવતો આંખ મીંચીને ઊંઘતો હોય કે જાગતો સૂતો હોય. શેઠ ને નોકર બપોરથી સાંઝ સુધી સામસામે એકબીજાને નિહાળ્યા કરતા!

છેક સાંઝે બંને મિત્રો ફરવા નીકળતા અને નદીના કાંઠા સુધી જઇ પાછા વળતા. વખતે સવારે કામ થોડું હોય તો સવારે પણ નીકળી પડતા.

એક દિવસ સવારમાં પાંચ વાગ્યે આ પ્રમાણે બંને ફરવા નીકળ્યા. જુમાનો વિચાર હતો કે પાડો થોડુંઘણું ચરે તો સારૂં. પણ વેણુને લાગ્યું કે એમ બહાર ખાતા ફરવું એ ગૃહસ્થાઇનાં લક્ષણ નહિ! એટલે જુમો ખવડાવવાનું કહે તો પણ પાડો રણકીને સામે ઊભો રહે, અને 'ના નહિ ખાઉં' એમ સ્પષ્ટ સંભળાવી દે!

અંતે જુમો થાકયો. ચાલ 'ત્યારે ઘેર જઇને ખાજે તને પણ લાડ કરવાની ટેવ પડી છે!'

વિજય થયો હોય તેમ પાડો આનંદમાં રણકયો, પોતાના પૂંછડાને બરડા પર પછાડયું ને જુમાની સામે જોઇ કાન ફફડાવીને 'રણક' કરતોકને ચાલ્યો. જીતના આનંદમાં પહેલાં તો એ થોડુંક દોડયો.

જો ! જો ! હવે પાડો વાળું કે દોડવાનું છે ? જુમાએ જોરથી ડપકાની બૂમ પાડી પણ તે પહેલાં તો વેણુ રસ્તે ચડી ગયો હતો. રસ્તામાં આડે રેલ્વેની સડક હતી. જરાક જરાક ઉતાવળે ચાલતાં પાડાનો પગ રેલના બે પાટાની વચ્ચે આવી ગયો. પગને કાઢવા તેણે પ્રયત્ન કર્યો, પણ ફોગટ. ધબદઈને એ નીચે બેસી ગયો ને જેમજેમ પગ કાઢવા પ્રયત્ન કર્યો તેમ તેમ વધારે ભરાતો ગયો. જુમો પાછળ હતો, શ્વાસભેર દોડ્યો આવ્યો; તેણે આવીને પાડાનો પગ લઈ આમતેમ મચડ્યો; પણ બધું વ્યર્થ !

આખું અંધારું ને ઓછો ઉજાસ હતો. થોડે દૂર સિગ્નલનો હાથો નમેલો દેખાતો હતો. જુમાના પેટમાં ધ્રાસ્કો પડ્યો. ગાડી આવશે તો ?

તે એકદમ રસ્તા તરફ દોડ્યો. સવારના વહેલા ફરવા નીકળેલા બે શોખીન જવાનને તેણે આવતા જોયા. તેમના એકેક હાથમાં નેતરની સોટીઓ ઊછળતી હતી અને ખુશનુમા હવા લેવા માથા પરથી ટોપીઓ ઉતારી બીજા હાથમાં લઈ લીધી હતી. ગાંડો દોડે તેમ જુમો દોડ્યો.

' એ ભાઈસાબ ! મારો વે...મારો પાડો અબઘડી કપાઈ જશે જુઓ, પણ જુઓ–પેલા પાટામાં સપડાયો છે ! "

બન્ને જણાએ જુમાએ દેખાડ્યું ત્યાં જોયું. કાંઈક કાળું કાળું તરફડતું લાગ્યું.

' શું છે ? '

' મારો વેણુ–પાડો !

' ઓહો !...જા જા કાંટાવાળા પાસે દોડ...

' તમે માબાપ, ટેકો દો તો પગ નીકળી જાય, જીવ બચે.'

' અમે ? તું દોડ–દોડ–કાંટાવાળાને કહે–' એમ કહીને એ બન્ને જણા તો ચાલતા થઈ ગયા ' જુમો કાંટાવાળા તરફ દોડ્યો. પણ ઘરમાંથી આવતા ઘંટીના અવાજ સિવાય કોઈ માણસ ફરકતું લાગ્યું નહિ. એટલામાં

છેટે ગાડીની સીસોટી સંભળાઈ. જુમાએ ચારે તરફ એક નિરાશ દૃષ્ટિ ફેંકી. પણ માણસનું કોઈ ચિહ્ન સરખું એ જણાયું નહિ. તે ઝપાટાબંધ સિગ્નલ થાંભલા તરફ દોડ્યો. સાંકળ ખેંચી. ઘંટીના અવાજમાં તેનો સાદ સંભળાય તેમ હતું નહીં! તેણે જોરથી બારણામાં પાટું માર્યું.

'એ કોણ?'

'એ ચાલો! ભાઈ બેન!—સિગ્નલ ફેરવો; મારું જનાવર કપાઈ જશે.'

'ઘેર કોઈ ભાઈ માણસ નથી.' બસ બેદરકાર જવાબની સાથે જ ઘંટી ફરીથી ગાજવા મંડી.

હવે? ટ્રેનનો અવાજ તો સ્પષ્ટ પણ સંભળાવા લાગ્યો.

'દોડો! દોડો!...... મારું જનાવર કપાય છે!' જુમાએ હતું તેટલું બળ કરીને ચીસ પાડી; પણ એના કર્કશ પડઘા સિવાય શાંતિ જેવી હતી તેવી જ રહી.

જુમાએ આકાશ તરફ જોયું. છેલ્લો તારો આથમતો હતો. અજવાળું વધવાને બદલે ધુમ્મસ પથરાતું હતું.

ગાડીનો અવાજ તદ્દન નજીક આવતો હતો. તેણે પોતાની લાકડી ફેંકી દીધી.

'યા પરવરદિગાર!' તેણે મોટેથી બૂમ પાડી.

એટલું બોલીને જુમો એકદમ દોડ્યો. વ્યર્થ મહેનત પછી વેણુ થાકીને હાંફતો પડ્યો હતો તેની ગોદમાં ભરાઈ બેઠો. વેણુએ તેને શાંત રીતે ખજવાળ્યા કર્યું.

'દોસ્ત ભાઈ! વેણુ આપણે બન્ને સાથે છીએ હો! અને એમ કહીને જુમો તો છેક તેના પગ પાસે પડ્યો.

દર પળે ટ્રેનના ધમકારા વધ્યા. સીસોટી પર સીસોટી થઈ. જોસબંધ ફરતાં પૈડાં સંભળાયાં. જુમો વેણુને ભેટી પડ્યો પણ જેવી ગાડી છેક પાસે આવી કે તરત જ, પોતે બેભાન થાય તે પહેલાં વેણુએ માથું ઊંચક્યું, અને પોતાના શેઠને બચાવવા એક ઝપાટે માથું મારીને તેને પાટાથી દૂર ફેંકી દીધો.

વેણુ પર થઈને આખી ટ્રેન ચાલી ગઈ. તેના ધગધગતા લોહીના ફુવારાથી જુમાનું કેડિયું ભીંજાઈ ગયું. તેને કળ વળીને બેઠો થયો ત્યારે લોહીના ખાબોચિયામાં ઢંકાયેલા થોડા છૂટાછવાયા ભાગ સિવાય તેના પ્યારા મિત્ર વેણુનું કાંઈ પણ નામનિશાન રહ્યું ન હતું.

×

હજી પણ હમેશાં જુમો સવારમાં જ એકલો, અશાંત એ રસ્તે કુંધ લઈને આવતો દેખાય છે, અને એના એક માનીતા પથ્થર પર કુંધ મૂકીને 'વેણુ!—વેણુ!—વેણુ!' એમ ત્રણ બૂમ પાડીને ચાલ્યો જાય છે.

—તણખા : મંડળ પહેલું

વિનોદિની નીલકંઠ

[illegible]

[illegible]

સાહિત્યજીવનમાં એ નાનપણથી જ સતત રસ લઈ રહ્યાં છે અને સતત કંઈ ને કંઈ સાહિત્યનું અર્પણ આપે છે. એમની નિબંધિકાઓનો એક સંગ્રહ 'રસદ્વાર' નામે (૧૯૨૮) પ્રસિદ્ધ થઈ ગયો છે. વિનોદિનીબહેન એક આશાપ્રદ નવલિકાકાર છે.

'ભોળો શિકાર' એ એક વિલક્ષણ ને ચક્રમ પુરુષના વિચિત્ર જીવનની કટાક્ષકથા છે. એનો અંત પણ કરુણતામાં આવે છે.]

ભોળો શિકાર

અમારી પડોશમાં એક નવો માણસ રહેવા આવ્યો. એનું નામઠામ કોઈને ખબર નહિ. એના ઘરમાં એ એકલો જ. એક છૂટક નોકર રાખેલો તે કચરોપૂંજો કાઢી જાય. માણસ વીશીમાં જમતો હશે એમ અમે અનુમાન કર્યું. સાધારણ રીતે અમને અમારા પડોશીઓમાં રસ

ન હોતો પડતો. પણ આ પડોશીની અતિવિચિત્રતાએ અમારું ધ્યાન ખેંચ્યું. સૌથી પહેલું તો મેં જોયું કે એ જ્યારે પણ ઘેર આવે ત્યારે જાતજાતનાં બંડલો એની પાસે હોય જ. તે કાંઈ નોકરીધંધો કરતો હોય એવું જણાતું નહિ, પણ એમાં તો કાંઈ નવાઈ ન લાગી, કારણ કે એવા તો આ દેશમાં અસંખ્ય નજરે પડે છે. એ માણસ મોડી રાત સુધી કાંઈ લખતો જણાતો. એક દિવસ અમે નાટક જોઈ રાત્રે અઢી વાગ્યે ઘેર આવ્યાં, ત્યારે પણ અમારા પડોશીનું ટાઈપરાઈટર ચાલતું હતું!

પછી મેં એક નોંધ લીધી. એ પડોશીને ઘેર ટપાલના હમણે ઢગલા આવતા; તેમાં પણ પાર્સલોનો તો પાર જ નહિ! એને કોઈ મળવા આવતું નહિ. એ જાણે આસપાસના વાતાવરણથી પર જણાતો. અમે બધાં તો એને મન અસ્તિત્વમાં જ ન હતાં! એ કાંઈ ધંધો કરતો નહિ, છતાં હંમેશ અતિવ્યવસાયમાં ડૂબેલો જણાતો. અમારા એક પણ પડોશી સાથે તેને સલામ કરવાનો પણ વ્યવહાર ન હતો. માહરીઆ પ્રવાહથી કોઈ સ્હેજ જુદું હોય તો તે બધાનું ધ્યાન ખેંચે છે—અને જુદું છે માટે ખરાબ જ હોવું જોઈએ એવી અર્થહીન દલીલ બધા પડોશીઓએ મનમાં કરી લીધી

હવે આ માણસ કોણ છે તે અમારા પડોશપડોશમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન થઈ પડ્યો. એક જણે કહ્યું—કોઈ ક્રાન્તિકારી હશે, ત્યારે બીજાએ વળી તરંગ ચલાવ્યો કે કોઈ મોટો છૂપીપોલીસનો માણસ હશે. ત્રીજાએ વળી તુક્કો કાઢ્યો કોઈ મોટી ચોરની ટોળીનો સરદાર હશે. કેટલાકની ચિકિત્સાવૃત્તિ એટલી બધી ઉશ્કેરાઈ ગઈ કે પેલો માણસ બહાર જાય ત્યારે એની બારીના સળીઆમાંથી એના ઘરમાં ડોકીઆં પણ કરતા. પણ અંદર કોઈ અસાધારણ ચીજ નજરે પડતી નહિ ત્યારે એ હતો કોણ?

એક દિવસ અણધારી રીતે અમારે એની સાથે જરા ઓળખાણ થયું. એક દિવસ વાસણ માંજતાં અમારા નોકરને હાથમાંથી વીછી કરડ્યો. નોકર બૂમે બૂમ પાડવા લાગ્યો: "ઓરે—વીંછી કરડ્યો! મરી ગયો …" બૂમેરે બૂમેરે એના વાટા સઘળા પડોશીઓ દોડી આવ્યા. અને

મેં પૂછ્યું, "હમણાં જ એવા લાગે છે કે પહેલાંથી એવા જ છે ?" તે બોલી, "હું તો હજુ બેચાર દિવસ ઉપર જ પરણી છું. મારે પહેલાંની વાત મને ક્યાંથી ખબર હોય ! તેથી તો તમને પૂછવા આવી છું."

પછી પેલી બાઈએ પોતાનો ઇતિહાસ શરૂ કર્યો: "હું નાનપણમાં પરણી. નાનપણમાં જ વિધવા થઈ. મારા બાપાએ પણ ઘણાં વર્ષો કેટલોક પામેલા. હું મારા કાકાને ઘેર રહેતી હતી. મારા કાકા જુવાનીમાં બહુ સુધારામાં માનતા. પણ કાકીના મરણ પછી તેમનું મગજ જરા ગરબડી ગયું. હું આડત્રીસ-ચાળીસ વરસની-થઈ ત્યારે મને કહ્યું કે "આપણે સમાજસુધારક કહેવાઈએ અને વિધવાને આધારમાં કેમ ન મૂકીએ ? વિધવાના પુનર્લગ્નમાં હું માનનારો છું, અને આટલાં વર્ષો મેં તને કેમ ન પરણાવી ?" મેં કહ્યું, "હવે મારે માથે ધોળા વાળ આવ્યા. હવે લગનની ક્યાં વાત કરો છો ?" પણ કાકા શેના માને ? તેમણે-છાપામાં જાહેર ખબર મોકલી. જુઓ આ તે જાહેર ખબર." આટલું બોલી તે બાઈએ ગજવામાંથી એક છાપાનો ચોળાઈ ગએલો ટૂકડો કાઢ્યો. મેં તેમાં નીચે મુજબ વાંચ્યું:—

"એક શિક્ષિત વિધવા પુનર્લગ્ન ઇચ્છે છે. આજે જ તમારી છબી સહિત પત્રવ્યવહાર કરો નીચેના સરનામે."

"ત્રણ દિવસ પછી એક કાગળ અને છબી આવ્યાં," પેલી બાઈએ આગળ ચલાવ્યું. "તે કાગળમાં લખ્યું હતું કે 'તમારો હુકમ આવ્યો કે તરત જ હું છબીવાળાને ઘેર ગયો. મેં એને બેવડા પૈસા આપી, એ દિવસમાં ફોટો તૈયાર કરાવ્યો, તે આ સાથે બીડું છું. મારૂં સરનામું ઉપર લખ્યું છે.'

"મારા કાકા આ જવાબથી બહુ ખુશ થયા. પણ મેં કહ્યું, 'આ માણસ પરણવા માગતો જ હોય તો મારે વિષે કશી વધારે તજવીજ ન કરે ? કશું પૂછાવે નહિ ? મારે એટલું તો કહેવું જોઈએ કે કાકાના ગાંડાઘેલા તરંગી જીવનથી હું કંટાળી ગઇ હતી; અને કોઇ સારો

આખિર વખતે કેહાણું પડેલો કમાનોગજનો પુરુષ મળે તો તેની સાથે લગ્ન કરવાનો મેં વિચાર કર્યો જ હતો. પણ કાકા શેના માને ? તેમણે તો તાબડતોબ પેલા માણસને કાગળ લખ્યો કે "તમે પહેલી ગાડીએ અહિં ચાલ્યા આવો. લગ્નની બધી સામગ્રી તૈયાર છે." એ માણસ પહેલી જ ગાડીએ આવ્યો, અને જાણે ફરજ અદા કરતો હોય તેમ પરણ્યો, અને એ રીતે હું અહિં આવી છું."

આ વિચિત્ર કહાણી મેં રસભર સાંભળી—પછી મેં તે બાઈને પૂછ્યું, "પણ તમારા પતિમાં તમને બીજી કશી વિચિત્રતા લાગે છે ખરી ?" "કશી વિચિત્રતા !" તે બાઈ બરાડી ઊઠી—"એમનામાં સાધારણ માણસનાં કોઈ લક્ષણ જ નથી !" મારા કાકાને હું ગાંડા ગણતી હતી. પણ આમની આગળ તો તે અત્યન્ત ડાહ્યા ગણાય. આ તો તદ્દન ચક્રમ છે." હિન્દુ સ્ત્રી—આર્ય પત્ની—ને ન છાજે એવા શબ્દોમાં પોતાના પતિને તેણે પ્રમાણપત્ર આપી દીધું. વળી તે જરા શ્વાસ ખાઈ આગળ બોલી, "આમની ઘેલછા વિચિત્ર પ્રકારની છે. આ ચાર દિવસમાં જ હું તે સમજી ગઈ છું. પહેલે દિવસે તો હું ગૂંચવાઈ જ ગઈ. એમણે આખો દિવસ ટાઈપરાઈટરથી લખ્યા જ કર્યું, ને સાંજે બજારમાંથી એક મોટો ટોપલો મજુરને માથે ઊંચકાવી ઘણી ચીજો લેવડાવી લાવ્યા. મેં પડીકાં ખોલ્યા તો તેમાથી ન્હાવાના સાબુ, કપડાં ધોવાના સાબુ, માથાના તેલ, સુગંધી સેંટ, ચુકચાની ડાબડ, વગેરે ઘણું નીકળ્યું. મેં પૂછ્યું, 'આ શું ?' ત્યારે એ કહે કે 'છાપામાં આવ્યું હતું.' એમ કહી મને બેચાર છાપાં માંહેની જાહેર ખબરો બતાવી. એક જગાએ હતું:—

"તમે ન્હાવા ગોદરેજ કેમ નથી વાપરતા ?" મેં પેલાં પડીકાંમાં ગોદરેજના સાબુની પેટી જોઈ હતી. જાહેર ખબર હતી:—

"ન્હાવા માટે અમારા સુખડના સાબુ જ વાપરો. સુખડના સાબુની પણ એક પેટી પેલા બંડલમાંથી નીકળી હતી. વળી એક બીજી જાહેર

[illegible] હતી:—" [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], " [illegible] [illegible] પણ એક [illegible] [illegible] હતી. [illegible] [illegible] [illegible] જાહેર [illegible] હતી. " [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]." [illegible] [illegible] [illegible] પણ એક [illegible] હતી. [illegible] [illegible] જાહેર ખબર હતી:—

" અમારી દુકાને પધારી [illegible] [illegible] [illegible]. "

" હું [illegible] [illegible] આ [illegible] [illegible] [illegible] હતી, [illegible] તેમણે ફરી [illegible] ટોપી પહેરી લીધી. મેં પૂછ્યું, ' ક્યાં ચાલ્યા ?' [illegible] [illegible] [illegible] [illegible] એક સિનેમાની જાહેર ખબર [illegible] [illegible] [illegible] ને ચાલ્યા ગયા. મેં તે કાગળિયું વાંચ્યું તો તેમાં લખેલું હતું: આજે અમારે ત્યાં આવશો પધારો. "

આટલી વાત થઇ ત્યાં પોસ્ટમેનનાં પગલાં સંભળાયાં, અને મોટાંમોટાં પાર્સલો લઇ તે પેલા વિચિત્ર માણસના ઘર આગળ ઊભો; તેથી ખાઇ ઊઠી. મેં તેને ફરી આવવાનો આગ્રહ કરી વિદાય કરી. હવે મને આ દંપતિમાં ખૂબ જ રસ પડ્યો. સાંજે મારા પતિને મેં સર્વ વાત કરી. જમી પરવારી અમે તે લોકોને ઘેર ગયાં. પેલો માણસ ટાઇપરાઇટરથી લખતો હતો. મારા પતિએ પૂછ્યું, " કેમ શું લખો છો ?" તેણે ઊંચું જોયા વગર જવાબ આપ્યો, "બધાને લખું છું–તમે બધાં શી રીતે પહોંચી વળો છો ?" મારા પતિએ પૂછ્યું, "શેની વાત કરો છો ? કાંઇ સમઝાયું નહિ." તેણે બોલ્યા વગર પાસે પડેલા ચોકબંધ કાગળનો આંગળીથી નિર્દેશ કર્યો. અમે બન્ને તે વાંચવા મંડ્યાં. પહેલો કાગળ હતો:

"મે. સાહેબ,

તમે પૂછાવો છો કે " તમને કેટલા શબ્દો આવડે છે ?" તેનો જવાબ લખવા હાલ હું અશકત છું; હું આખી રાત જાગું છું તો પણ તમારા સર્વના સવાલોને પૂરો પડી શકતો નથી. મને

જેટલા શબ્દો આવડે છે તેની યાદી હું હાલ તૈયાર કરું છું. તે કરી લીધા પછી તમે સૂચવેલો શબ્દકોશ હું ખરીદ કરીશ."

બીજો પત્ર હતો:—

"મે. સાહેબ,

તમે કદાવર મજબૂત બનવાની સલાહ આપો છો, પણ તે જ છાપામાં બીજા એક ગૃહસ્થ પાતળા થવાની સલાહ આપે છે. તમારી બન્નેની દવાઓ કરવાથી હાલ હું છું તેવો જ રહ્યો છું"

વળી ત્રીજો પત્ર હતો:—

"મે. સાહેબ,

તમે લખ્યું હતું કે "મસળો-મસળો, અમારું બામ ખૂબ જ મસળો." તો મારે જણાવવું જોઈએ કે તમારી આજ્ઞાનુસાર વર્તન કરવાથી મારે શરીરે ફોલ્લા ઊઠયા છે."

ચોથો કાગળ નીચે મુજબ હતો.—

"મે. સાહેબ,

તમે લખો છો કે આજે જ મગાવો માથાના ખરી પડતા વાળ અટકાવવા અમારી અકસીર દવા: પરંતુ મારા વાળ ખરતા નથી. જો ખરી પડવાની કોઈ દવા આવતી હોય તો તે વાપરી પછી જરૂર તમારા કહ્યા મુજબ વાળ વધારવાની કોઈ દવા વાપરીશ."

અમે બન્નેએ એકબીજાના સામું જોયું. પેલા ગૃહસ્થ તો એ જ ઢબના બીજા અસંખ્ય કાગળો લખવામાં મશગુલ હતા. અમે ધીરે પગલે ચાલતાં આવ્યા.

બીજે દિવસે વળી પેલી બાઈ મારી પાસે આવીને કહેવા લાગી, "જુઓને બ્હેન, કાલની ટપાલમાં નાનાં બાળકો માટે 'ગ્લેક્સો'નો મોટો ડબ્બો આવ્યો છે. મે એમને કહ્યું, 'આપણે ઘેર છોકરાં નહિ, તે આને શું કરીશું? ત્યારે કહે કે "ઘેર ઘોડીમાં બંધાવનારાઓને પણ મે'

છપાયું છે." [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કામ કરનાર [illegible] [illegible] હતા. [illegible] [illegible] [illegible] જાહેરખબર આવી હશે. પછી મેં બહુ સમજાવ્યા ને કહ્યું કે "એમ ન કરશો, આપણા નોકરને તે જગાએ મોકલીશું," ત્યારે માન્યું.

ને રાત્રે પેટી બાંધીને આમાં પાછા ફર્યા—"જલદી આવો ને, એમને કશું થઈ ગયું છે." [illegible] [illegible] [illegible] પેલા [illegible] પથારીમાં પડેલા હતા. બેભાન જેવા હતા. ડાક્તરે દવા આપી હતી; અને અતિશય કામના બોજાને લીધે Blood pressure-લોહીનું દબાણ-વધી ગયાનું જણાવ્યું. પેલો માણસ પથારીમાં પડ્યોપડ્યો પણ વારંવાર જાગી ઊઠતો. ટાઇપરાઇટર—ટપાલ—છાપાં વગેરે લાવી આપવા જીદ કરતો હતો.

તે કોઇકોઇ દિવસ ભાનમાં આવતો. એવી એક તક સાધી અમે તેને સમજાવ્યું કે 'છાપાં વગેરેમાં તો ફક્ત જાહેરખબર આવે. એ તો વેપારીનો માલ વેચવાની રીત છે.' પણ ઘણાં વર્ષોની ગેરસમજ તેના નબળા પડી ગયેલા મગજમાંથી કેમ ખસે? તે જવાબમાં ફીક્કું હસીને બોલ્યો—"ઝંડુનો દ્રાક્ષાસવ વાપરવાનું લખે છે તે મંગાવી લઈશ. પેલો પૂછાવે છે કે 'તમે કદરૂપા છો?' 'તે વિષે હું શું જવાબ લખીશ?' જુદાંજુદાં દંતમંજનોથી તો ઘરમાં એક ઓરડો ભરાઈ ગયો છે. મારાથી આ બધાને નથી પહોંચી વળાતું,' 'મોટર કેટલી ખરીદું? ક્યીકથી ખરીદું?' ફુલઝાડનાં બી ખરીદવાં પડશે, ઇન્ડિપેન્ડન્ટ પેનોથી ટેબલનું ખાનું ભરાઇ ગયું છે. પેલા છાપામાં એક ગૃહસ્થ દારૂ પીવાની ભલામણ કરે છે. હું તે કેટલું કરૂં ને કેટલું ના કરૂં? વળી આટલું તો જાણજો," 'આટલું તો વાંચજો જ'—એવાં પુસ્તકોનો યે પાર નથી. કોણ જાણે દુનીઆના બધા લોકો આ ઉપરાંત નોકરી, ધંધો, રમતગમત બધું શી રીતે કરે છે? જુએલરીમાર્ટમાં જવું પડશે. ધી ધનજીભાઇના સોડા, લેમન, અમૃતબિન્દુ—સોનેરી તક—સરકસ,

ઘરક-પેથી નવા નિશાળિયાઓ લેખ છે—"અમારા છોકરાને કયી નિશાળમાં મોકલો છો ?"

દાક્તરના ઘણા પ્રયત્નો છતાં, અમારા આ પડોશીને કાંઈ ફાયદો ન થયો. આખરે એક અંધારી રાત્રે તે બિચારો અનાથ આશ્રમવાળા કહે છે–અમારાં છોકરાં દત્તક લઈ જાઓ, દુરકુલિસ સાઈકલ, રેડીઓ, કલમનની ફ્લેટ, મેક-ડર્ડક ફરનિચર–ઓ રે!–લખો અથવા મળો–પત્રવ્યવહાર ખાનગી–બોક્સ નંબર–ચોકખો સોદા, ટોનિકનું બાલામૃત–માથામાં નાંખવાનું અમૃત તેલ–આદર્શ બોલતાંબોલતાં, અગણિત વસ્તુઓ વિષેની અતૃપ્ત વાસનાઓ સહિત, ને જાહેરખબરોનો ભોગ બનેલો ભોળો શિકાર આ જાહેર ખબરોથી ભરપૂર દુનિયા ત્યાગી ચાલ્યો ગયો. એ જ્યાં ગયો છે ત્યાં પણ થોડી જાહેર ખબરોનો રીવાજ જો હોય તો સારું–નહિ તો જાહેર ખબરોના અતિરેકથી પોતાની વિવેકબુદ્ધિ ગૂમાવી બેઠેલા એ ભલા પડોશીનું શું થશે ?

—ગુજરાત : જુલાઈ : ૧૯૩૬

વર્ણવ્યા છે.]

લાલીના લલાટે

ધર્મપુરના શેઠો ધાર્મિક બહુ. કૂતરાંને મારી નાંખવાની તેમની ઇચ્છા ન હતી, પાળવાની ઇચ્છા પણ ન હતી અને કૂતરાંનો ત્રાસ વેઠવાની પણ ઇચ્છા ન હતી. એટલે શો ઉપાય કરવો તે તેમને સૂઝતું ન હતું. કોઈક વખત ગાડલામાં કૂતરાં ભરી દૂર હાંકી આવેલા પણ બીજે જ દિવસે તે પાછાં આવી પહોંચતાં અને કોઈક ટાઢો પરગામી ધર્મપુરની ધાર્મિકતાની કદર કરવા તેથી બમણાં કૂતરાં હાંકી જતો. કોઈને કૂતરાંની જરૂર ન હતી.

દરેક પોતાના ગામમાં ન રહે એટલે બસ, પછી તે ગમે ત્યાં જાય તેની ચિંતા ન કરતો અને તેમાં હિંસા નથી એમ માનતો. પણ કૂતરાંની વસતિ વધતી જ જતી અને ધર્મપુરના લોકોના 'હડ હડ' કરતા ગળાં પડી જતાં હતાં. પણ ઉપરનાં ત્રણમાંથી એક કામ કરવા તેઓ તૈયાર ન હતા.

સાંભળ્યું છે કે પહેલાં શિયાળવાં પણ કૂતરાંની પેઠે ગામમાં રહેતાં, પણ ધર્મપુરનું સ્વાગત લેજાસર સમજી ગયાં અને ઝટ વગડામાં ચાલ્યાં ગયાં. માટે જ કદાચ બધાં પ્રાણીમાં શિયાળ હોંશિયાર ગણાતાં હશે!

આ ધર્મપુરમાં આપણી વાર્તાની વિષયભૂત લાલીનો જન્મ થયો હતો.

લાલીનો રંગ લાલ હતો, પેટ પાતળું, અને આંખ મીંચાઈમીંચાઈ જતી દયામણી હતી.

લાલીને કોઈ સગું ન હતું. બાપને હડકવા થવાથી મીંયાંજીએ એને મારી નાખ્યો એમ ગામલોકે કહ્યું હતું. ધર્મપુરના હિંદુઓ કૂતરાંનો જાન લેવામાં—તેને લાકડી, પથરા, કે સોટીના ઘા અથવા ગલીચ ગાળોના અપાટા લગાડવામાં નહિ—ઘોર પાપ સમજતા. ધર્મપુરનો દરેક સજ્જન માનતો કે મારે ત્યાં લાલીએ ન આવું જોઈએ, પછી ભમે ત્યાં ગામમાં જાય તેનો એને પરવા નહિ. આથી લાલી આવતાંને વાર, 'હડ, 'હટ', 'ભગાવ, ભગાવ'નું બૂમરાણ દરેક ઘેર થતું હતું. આમાં તેમને કશું ખોટું લાગતું નહિ. એ તો એમ જ હોય!

લાલીની મા પણ મરી ગઈ હતી. તેના પહેલા ખોળાનાં બચ્ચાં જાનવરોએ મારી નાખ્યાં હતાં. લાલીના ભાઈબહેન પણ દુનિયાનું 'સુખ' ભોગવવા 'ભાગ્યશાળી' થયાં ન હતાં. કુટુંબમાં તે એકલી હતી.

લાલી એકલાં કુંડ ભમતાં ભમતાં કે કોઈ 'ધર્મવીર' 'ઉદારતાથી' એંઠવાડમાં ભાત કે રોટલાનો ટુકડો નાખે તે ખાતી કે પછી એમાંનું કાંઈ ન મળે તો પાદર પરનાં ગામડિયાંના 'અકસ્માત' ભાગીઓને શુભકામ કરતી. જો કે એના ભાગ્યે કે ભાગ્યે કંઈ ન હતું, જ્યાં તેઓ હવાન હોય તો પણ તેના લાલીનું પેટ ભરે કે લાલીને ...

કરવામાં મદદ કરે અથવા લાલી પણ તેમને કાંઈ પણ તેવી જ મદદ કરે એવી કલ્પના પણ અશક્ય હતી. કેમકે તેઓ પોતે પણ સ્વતંત્ર રીતે લાલીની માફક જ એંઠાનાં કૂંડાં ચાટીને કે કોઈ 'ધર્મવીર'નો રોટલાનો ટૂકડો ખાઈને કે માનવદેવનો મળપ્રસાદ આરોગીને જ ગુજરાન કરત.

માણસના કુટુંબમાં છોકરો માબાપને કે માબાપ છોકરાંને ખવડાવે-પીવડાવે, પહેરાવેઓઢાડે, દવાદારુ કરે, સેવાચાકરી કરે; લાલીની ન્યાતમાં આ રીવાજની કોઈને ગંધ પણ ન હતી. સૌ સ્વાવલંબી હતાં. ધાવણ પણ થોડા વખતમાં છૂટી જતું અને બચ્ચાં સ્વતંત્ર રીતે ગુજરાન કરવા લાગી જતાં. સૌએ પોતપોતાનો ગુજારો મેળવી લેવો—ડફણાં ખાઈને, ગાળ ખાઈને કે બીજું બધું પેટને ખાતર વેઠીને, એ જ એમનો મુદ્રાલેખ હતો. એ પાળવામાં તેઓ દૃઢ રહેતાં અને કદી પણ સ્વાદ જોયા સિવાય જે આવ્યું તે આરોગતાં. બારોડોલીસત્યાગ્રહ વખતે પેટને ખાતર જુલમ ગુજારનારા માણસો સરકારને મળી રહ્યા હતા. પેટને ખાતર લુચ્ચાઈ, જૂઠાણું કરનારા પણ પુષ્કળ છે, છતાં લાલી પેટને ખાતર કોઈ ઉપર કાંઈ પણ જુલમ કર્યા વગર કાંઈ ખાવા જતી તો 'લુચ્ચી' કહેવાતી અને વધારામાં ડફણાં પડતાં. પણ લાલી કાંઈ માણસ છે?

બીજાં કૂતરાંના હુમલાવખતે સૌ ભસવામાં એકએકને મદદ કરીને કુટુંબરક્ષા કરતાં, ખાવાપીવાનું તો સૌએ જાતે જ શોધી લેવાનું હતું.

લાલીને કુટુંબરક્ષણ કે બીજું રક્ષણ ન હતું, એ તો ઉપર કહ્યું જ છે. એટલે ઘણી વખત કોઈએ નાંખેલો રોટલાનો ટૂકડો લેવા જાય ત્યારે સામેથી કાળીઓ, નાનકો કે બીજો કોઈ એનો નાતીલો ઘૂરકતો આવતો અને લાલી ગભરાઈને ચારે પગ ઊંચા કરી પીઠ પર સૂઈ જતી. તે લાલી ઉપર લાલીના મોં સામે મોં તાકી ઊભોઊભો ઘૂરકતો અને પછી પેલો રોટલાનો ટૂકડો હજમ કરી જતો. આથી કોઈક વખત છોકરાઓ લાલીને જૂદી પાડતા અને બીજાં કૂતરાંની ચોકી કરી થોડુંઘણું ખવડાવતા—પણ એ તો કોઈકોઈ વેળા. પણ મુખ્યત્વે તો ઉપર જણાવ્યું તે જ રીતે

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ...સરરર...કરતી સોટી લાલીની ડોક પર લાગી. લાલી '[illegible]' કરતી નાસી ગઈ. એ ચક્કર પણ એનું અફળ ગયું અને ફરી પીપરડી હેઠળ આવીને આરામનો વિચાર કરવા લાગી. પણ ભૂખે તેમ કરવા ના પાડવાથી, અને બધે સખત ગરમી હોવાથી, તેમ જ પીપરડીનાં પાંદડાં ખરી પડવાથી છાંયો પણ નામનો જ હતો તેથી ઠંડક મેળવવા પાસેના કૂવા ઉપર ગઈ. નરતમાં એક આઈ પાણી ભરી ગઈ હતી એટલે ઠંડક તો હતી; પણ છાંયો ન હતો; એટલે ક્યાં જવું તેના વિચારમાં આવી પડી. અજાણ્યા શહેરમાં મનુષ્યની જે દશા થાય તે દશા લાલીની આ ચરચટ ગામમાં થઈ પડી. ક્યાં જવું તે તેને સૂઝતું ન હોતું. જ્યાં જવાનો વિચાર કરતી ત્યાં 'હડ, હડ, મારજો.' વગેરે શબ્દોના ભણકારા તેના કાનમાં વાગતા, ડફણાંના ઘાથી થતા દુઃખનું દુઃખદ સ્મરણ થતું. લાલી લાચાર બની ગઈ હતી.

એટલામાં મંજીરામૃદંગનો અવાજ આવતાં લાલીના કાન ચમક્યા, જીવમાં જીવ આવ્યો. લાલીની દયાપૂર્ણ આંખો આનંદપૂર્ણ બની ગઈ. અને એકદમ તે મંજીરાથી ભજન કરતા ટોળા તરફ ઊપડી ગઈ.

વાત એમ હતી કે કાનાકાકાના છોકરાની ધાવણી બાળકી ગુજરી ગઈ હતી. તેને સ્મશાને લઈ જવા ટોળું ભેગું થયું હતું, રુદનસ્વરો આવતા હતા અને ભજનમંડળી સૌ આગળ ભજન ગાતી ચાલતી હતી. મંજીરામૃદંગના અવાજો ત્યાંથી જ આવતા હતા. ધર્મપુરમાં મૈયતની સદ્ગતિ થાય તે માટે મૈયતની આગળઆગળ એક જણ રોટલાનો ટોપલો લઈને ચાલે અને કૂતરાને નાંખે એવો રિવાજ હતો. એ રિવાજની સૌ પૌ લાલીને પણ ખબર હતી.

ખાનીલા સાથે લાલી ગઈ તો ખરી. પણ મૈયત નાનું બાળક હોવાથી લોકોએ રોટલા નાખવાનું દુરસ્ત ધાર્યું ન હતું. મોટા મૈયત પાછળ જ રોટલા નાંખી પુણ્ય કરવાની જરૂર હોય એમ તેમને લાગતું હતું.

એટલે આતે વખતે રોટલાનો ધૂળથી ખરડાયેલો ટૂકડો; મનુષ્યના ચોકીપહેરા હેઠળ, બીજાં કૂતરાંથી જુદી પડી, કાતર માફક મોં ચલાવી તે ખાવાનો આનંદ લેતી તે મેળવવા શકી નહિ. પણ લાલીને લાગ્યું કે કદાચ આગળ જતાં એકાદ ટૂકડો મળે એ આશાથી તે મૈયત સાથેસાથે પાદર સુધી ગઈ. કાંઈ ન વળ્યું ! પાદરેથી બેગ રડતાંકકળતાં પાછાં વળ્યાં તેની સાથે પાછી ન વળતાં, તે પાદર પરનો માનવદેવનો મળપ્રસાદ ગોતીગોતીને આરોગવા લાગી. પછી તે એંઠાંના કૂંડાં ચાટવાને 'હક હક' નો સત્કાર મેળવવા ગામમાં ઊપડી ગઈ.

* * *

લાલી વિયાઈ ગુરતુગુંતમાં નાના છોકરાં હેતથી રોટલા ચોરી લાવી લાલીને ખવડાવતા. થોડા દિવસ વીત્યા અને લાલીને રોટલા મળતા પણ બંધ થયા. પછી તો તે બચ્ચાંને ધાવવા દેવા પણ આનાકાની કરતી. આસપાસના બાજુમાં, ખાસ કરીને લોકો માનતા કે લાલીમાં માતાનું વાત્સલ્ય નથી, એ બચ્ચાં તરફ બેદરકાર છે તેથી જ્યારે લાલી બચ્ચાં જોવા આવે ત્યારે બચ્ચાં કોઈનટિકટન આવીને બે પગ ઉપર ઊભાં થઈ ધાવવા મંડી પડે, અને લાલી સર્વ તરફ સ્નેહથી જુએ, સૂંઘે, ત્યાં

બચ્ચાંને તરછોડીને ચાલવા લાગે, ત્યારે ઘણી વખત છોકરાં લાલીના પગ પકડી સૂવડાવી દેતાં અને બચ્ચાંને ધવરાવતાં. પેલી કુટુંબભાવના અનુસાર સ્વાવલંબી બનવાના કારણે, દૂધ ન હોવાથી વેદના થતી હોવાના કારણે કે બચ્ચાં તરફના અવાત્સલ્યને કારણે, ગમે તે કારણ હો, પણ લાલીને આ ફરજિયાત વાત્સલ્ય ગમતું નહિ ને તે ઊઠવા જતી, પણ છોકરાં પગ મજબૂત પકડી રાખતાં એટલે ઊઠી શકાતું નહિ. છેવટે જ્યારે ભૂ......ભૂ......કરતી ત્યારે જ છૂટકારો થતો.

ઉપર જણાવેલાંમાંનાં કયા કારણે લાલી એમ કરતી તે તેની મૂક વાચાથી સમજાય એમ હતું પણ લોકો તો બીજું જ કારણ માનતાં; કારણકે તેમને ખાતરી હતી કે કૂતરાં કદી ભૂખે મરે જ નહિ! કૂતરાંઓ [illegible] અમારે ત્યાં ખાવું ન જોઈએ, પછી ગમે ત્યાં શોધી ખાય; એમ એ ધર્મપુરાણીઓ માનતા!

આથી 'લાલીની બેદરકારી' થી તેનાં બધાં બચ્ચાં મરી ગયાં. લાલી [illegible] રાતદિવસ પોતાનાં બાળકની લાશની ચોકી કરતી, અને આવનારને બાઝતી. છેવટે લોકો લાકડીના સપાટે લાલીને દૂર કરતા અને બાંધી બચ્ચાંને પગે કાથીની દોરી બાંધી ફળીની વચ્ચે થઈ ઘસડી જતા. દિવસ જતાં માણસ પેઠે લાલી પણ શોક વિસારી જતી.

* * *

દરરોજ સાંજે ધર્મપુરમાં [illegible] બૂમ મારે: 'રોટલા આપી જ...... [illegible]' [illegible] ટુકડા રોટલા આપે તે ખાતા [illegible] લાલી પણ [illegible] કરતી. [illegible]

[illegible]

રીને ભસતી. ભસવાના અવાજ કરતાં જુદા લાંબા અવાજેઃ—ઊ ઊ ઊ, ઊ ઊ ઊ ત્યારે ધર્મપુરના લોકો માનતા કે જરૂર ગામ પર આફત આવવાની; તેથી પથરના ઘાથી, સોટીના ફટકાથી કે 'હડ હડ'ના રૌદ્ર સ્વરથી લોકો તેને હાંકી કાઢતા અને આફત અટકાવ્યાનો સંતોષ લેતા.

ધર્મપુર ધર્મિષ્ઠ હોવા છતાં ચોમાસામાં કેટલીક વખત ત્યાં ચોર આવતા ત્યારે બધાં કૂતરાં ભેગી લાલી પણ ભસતી એટલે લોકોને જાણ થતી. લોકો 'ઊભા રહો, ઊભા રહો કરતા' ફાનસ ને ડાંગ લઈ ચોરને શોધવા નીકળી પડતા. આમ ચોર આવ્યાની ખબર જલદી પડે તે હેતુથી સાંજ પડ્યે સૌ કૂતરાંને પાછલે બારણે હાંકી મૂકતા.

જ્યારે ધર્મપુરના છોકરાંને ગમ્મત કરવાની ઇચ્છા થતી ત્યારે તેઓ એક હાથમાં સોટી રાખી પાછળ છૂપાવતા, અને બીજા હાથમાં રોટલાનો ટૂકડો રાખી બૂમ પાડતાઃ'તૂ..ઊ...ઊ..તૂ' 'તૂ...ઊ...ઊ...તૂ'. બેચાર કૂતરાં પૂછડી હલાવતા લાડ કરતા દોડી આવતાં અને પેલા ભાઈ સોટીનો પરસાદ ચખાડી ચીસ પડાવતા અને ખીલખીલાટ હસતા. આમાં લાલી ઘણીવાર સપડાતી પણ 'તૂ.ઊ...ઊ'ના અવાજમાં લાલીને એટલું બધું આકર્ષણ લાગતું કે ભાગ્યે જ તે બોલાવનાર તરફ શંકાની નજરે જોતી

ઉપરાંત રાત પડે ત્યારે ગોવાળિયાઓ કૂતરાં ઘેરી ડફણાં મારી રમત રમતા અને આખા દિવસનો થાક એ આનંદે ઉતારતા. કેટલીક વખત તો નાસતા કૂતરાને નિશાન તાકવાની હરીફાઈ થતી. આ રમતનો સ્વાદ લાલીને ભાગે પણ ખૂબ આવતો. ઘણી વખત ઉનાળામાં, લાલી ફળીમાં ઠંડી લહેરમાં સૂતી હોય ત્યાં તો ધનનન.. કરતો પથ્થર આવી પડે અને લાલી 'હાઉ' હાઉ કરતી ચકરી ફરતી ઊઠીને ત્રણ પગે નાસી જાય.

એક વખત ધર્મપુરના એક ભાઈ હડકાયું કૂતરું કરડવા પછી હડકવા લાગવાથી મરણશરણ થયા. ગામમાં ફેં ફાટી. સૌ પોતપોતાની સઘળી માહિતી—કોને ક્યારે હડકવા લાગવાથી મરણશરણ થવું પડ્યું

હતું વગેરે—જણાવવા લાગ્યા. આખા ગામમાં એ ગર્ગા ગાલી રહી. પણ ઉપાય શોધતાં ઘણા દિવસ ગયા. પછી કોઈને કાંઈ જરૂર જણાઈ નહિ. છેવટે બધું ઠરીઠામ થઈ ગયું. ગામનો વહેવાર અસલ પ્રમાણે ચાલુ રહ્યો.

લાલીનો બાપ એક હિંદુભાઈના ડફણે મરી ગયો હતો. પણ લોકોએ કહ્યું: 'રસૂલ પીંજારાને ડફણે મરી ગયો.' સૌને લાગ્યું, હિંદુનું નામ બહાર પડે તો હિંસાનું પાપ માથે આવે અને તે ભાઈને ચોટલી કાઢવી પડે માટે કોઈએ તેનું નામ બહાર ન પાડવું એ જ ઠીક છે.

એક દિવસ લાલીના પગે છીગુકાકાનું ડફણું વાગ્યું હતું. પગે કળતર થતી. લાલી ફળીમાં પેસી પીપરડીના છાયા હેઠળ સૂતી હતી. ઘાસથી ભરેલું ગાડું આવ્યું. હાંકેડુએ જાણ્યું, હમણાં ઊઠી જશે. બળદના દાબડા છેક લાલીની નજીક ધબકયા. લાલી ઊઠવા જતી હતી ત્યાં તો બળદના પગોમાં અટવાઈ ગઈ અને ગાડાનું પૈડું કેડ પર ફરી ગયું. લાલી ચીસો પાડતી ઢળી પડી. લોકોનું ટોળું ભેગું થઈ ગયું. કોઈએ લાલી પર ઠંડું પાણી રેડયું. લાલીની કેડ ભાંગી ગઈ હતી. ઊઠીને ચાલી શકે તેમ ન હતું. તેની સારવાર કરવાની કશી આવશ્યકતા કોઈને લાગી નહિ, પણ હાંકેડુને સૌએ ખૂબ લેવડાવ્યો. પછી સૌ ઘેર ગયું. લાલીના પાછલા પગ મંડાતા ન હતા. આગલા પગને આધારે ઘસડાતી તે ફરતી. બેપાંચ દિવસ લાલીને પેટપૂરતું ખાવાનું મળ્યું. પણ પછી બીજો ખવડાવશે એમ સૌ માનવા લાગ્યા. કેટલાંક છોકરાં તો એને ગમ્મત ગણી ખુશ થતાં. એક માસ પછી રીબાઈરીબાઈ ને દુઃખી થતી તે જ પીપરડી હેઠળ તે મરી ગઈ—"જીવનદોરી તૂટવાથી મરી ગઈ" ભંગી આવ્યો અને લાલીના સૂઝેલા પગે કાથીની દોરડી બાંધી તેને વગડામાં ઢસડી ગયો ને કોતરમાં ફેંકી દીધી. જોતજોતામાં ગીધોએ ઉજાણી મચાવી લાલીને પૂરી કરી.

અહા! શી માનવીની અહિંસા!

—પ્રસ્થાન

વસંત ઉપાધ્યાય

[જન્મ ઈ. સ. ૧૯૦ ..]

[વસંત ગૌરીશંકર ઉપાધ્યાય, કાઠિયાવાડના હળવદ ગામના વતની અને આપણી મુંબાઈની યુનિવર્સિટીના ગુજરાતી ભાષા અને સાહિત્ય લઈ પાસ થયેલા એમ. એ. છે. સાંતાક્રુઝની પોદાર હાઈસ્કૂલમાં એ શિક્ષકનું કાર્ય હાલ કરે છે.

સાહિત્ય એમનો પ્રિય વિષય છે અને કાવ્યો, નવલિકાઓ, વિવેચન વગેરે વિષયો ઉપર અવારનવાર આપણાં શિષ્ટ માસિકોમાં તેના પરિણામ એ પ્રસિદ્ધ કર્યા કરે છે એ રંગભૂમિના આયોજનનું સચોટ જ્ઞાન ધરાવે છે ને આપણાં નાટક અને ચલચિત્રો વિષે સરસ વિવેચન કરે છે

'છેલ્લું ગીત' એ એમની નવલિકા છે અને એમાં એ સંગીતના વિવિધ અંગોનો સામર્થ્યવાન સંગીતપ્રિય યુવકના કરુણ જીવનદ્વારા પરિચય આપી એમની નવલિકાને કરુણાંકિત કરે છે.]

છેલ્લું ગીત

સૌ તેને સંગીતપ્રેમી કહેતા [illegible] સંગીત [illegible] અપૂર્વ; [illegible] નામધારી [illegible] [illegible] [illegible] [illegible] ને [illegible], [illegible] [illegible] સંગીતદેવને [illegible] એવું [illegible].

તે [illegible] હતે. [illegible] [illegible] કોઈ ન હતું. [illegible] અપૂર્વ સંગીતને [illegible] છે. [illegible] [illegible] [illegible] હતું [illegible]

[illegible]

[illegible]

સાજીંદાઓએ સાજ મેળવ્યા. ઘોંઘાટ શમ્યો. મંચ ઉપર સંગીત સામ્રાજ્ઞીની અદાથી મનોરમાએ બેઠક લીધી. બાજુમાં મુખ પર સૌમ્ય રેખાવાળો તેનો પાલકપિતા ગોઠવાયો. મનોરમાએ એક દૃષ્ટિક્ષેપમાં સારા ય મંડપને માપી લીધો.

વાતાવરણમાં 'યમન'ના સૂરો ઊઠયા: સૌ કોઈએ શ્વાસ થંભાવી તેના તરફ કાન દીધા. મનોરમાએ ઉન્નત મુખે 'યમન, ખ્યાલ' છેડયો. વિલંબિત લયમાં ગમકમીંડયુક્ત ગવાય તે ચીજને પ્રેક્ષકોએ સવા કલાક ઝીલી. ચીજ ખતમ થઇ. યમનના સૂરો સૌના કાનમાં ગૂંજતા હતા. વળી પાછો ઘોંઘાટ: મનોરમાના કંઠમાં 'દરબારી'ના સ્વરો ઘૂંટાતા હતા. 'દરબારી' જેવા ભવ્ય રાગને તેણે અચ્છો ન્યાય આપ્યો. મનોરમાના જનાની અવાજે એ પ્રૌઢ રાગને ગાઇ આજસુધીના ગવૈયાઓની કલાને ઝાંખી પાડી. અપૂર્વ અવનત મસ્તકે મનોરમાના સ્વરોનું પાન કરી રહ્યો હતો. આવા સુન્દર સ્વરો જિંદગીમાં તેણે પ્રથમ સાંભળ્યા હોય એમ તેને થયું. એ સૂરોમાં તેને કંઇ નવીનતા લાગી. 'દરબારી'ની ભવ્યતામાં

કંઈક આજુબા મનોરમાસિક એક તે જ સામેનો 'નિરકાળો' ગાઈ વાતાવરણમાં વિનોદ કર્યો.

મનોરમાના આશ્ચર્યવાળા નગરજનોને કહ્યું:

"નગરજ મોસેકોએ આજે મનોરમાની કળાની પ્રશંસા કરી. હવે તે તેમની ઉત્કૃષ્ટ સંગીતકળા સુણવી છે.

આ જ દેશમાં નગરજનો સંગીતપ્રેમીઓ પાસે મનોરમાની કળા આદર કરતી એ અમારું ધ્યેય છે. પ્રભુ કરે તો સંગીતપ્રદેશમાં દિગ્વિજય મેળવી મનોરમા તમારા નગરમાં ફરી પગલાં કરી શકશું તો આપણું જ કે નગરમાંથી કોઈ ગમે તે ગમે તે મનોરમાની 'હરીફાઈ' કરે......"

સર્વત્ર શાન્તિ.

'આશા છે કે નગર સંગીતવિહોણું નહિ હોય,' ફરી એ જ કોઈક ધ્વનિ પ્રેક્ષકોના કાને અથડાયો.

અચાનક શાન્તિ... ...કંઈક વિમાસણ.........સદંતર સન્નાટો. કેટલાંય પ્રફુલ્લ મુખડાં વિલાઈ ગયાં. આ માર્મિક પ્રહારે સૌના મુખ પર કાલિમા છવાઈ. સૌ નિરુત્તર થઈ આજુબાજુ નજર નાખી પાછી ખેંચી લેવા લાગ્યા.

એક ખૂણામાંથી 'અપૂર્વ' નામ ઓચરાયું. મુખડે મુખડે તે નામ રમી રહ્યું. મિત્રોએ અપૂર્વને સંગીતમૂર્છામાંથી ઢંઢોળ્યો.

'અપૂર્વ, નગરની લાજ તારા હાથમાં છે'

નગરજનોએ તેના તરફ આશાભરી મીટ માંડી.

માંસલ ગરદન પર વાળની લટો બેદરકારપણે વિખરાયેલી છે, એવો સામળા વર્ણનો એક યુવાન "દુર્ગા" બબડયો. બરાબર નહિ સંભળાયું હોય એવી આશા કાયા "દુર્ગા સુનાઓ" બોલી બેસી ગયો. અપૂર્વે

"'દુર્ગા' જેવી ગંભીર રાગિણી સૂચવી મનોરમાના પિતાના પ્રહારનો જવાબ વાળ્યો. રંગમંડપ 'દુર્ગા, દુર્ગા' ના શોરથી શબ્દાયમાન થયો.

'દુર્ગા'નો સ્વરમેળ મનોરમાના કંઠમાં રમી રહ્યો: દ્રુતલયમાં 'દુર્ગા' નો થોડી વારમાં અંત આવ્યો. મનોરમા શાથી ય તેને ન્યાય ન આપી શકી. સાજીન્દાઓનું પ્રોત્સાહન નિષ્ફળ ગયું. પ્રેક્ષકો બગાસાં ખાવા લાગ્યા.

'કર્ણાટકમાં 'દુર્ગા' આ તોરથી ગવાય છે? આવી ભવ્ય રાગિણીનો આવો નીરસ અન્ત! આ તમારો દિગ્વિજય!" નગરવાસીઓ સંભળાવવા લાગ્યા.

'તો ફરમાયશ કરનાર તેને ન્યાય આપે,' ફરી એ જ કર્કશ ધ્વનિ ઊઠયો.

અપૂર્વે પોતાનું બીન મંગાવ્યું. કોઇ અજબ તોરથી તેણે 'દુર્ગા' છેડી. દોઢ કલાક સુધી મનોરમાએ અને પ્રેક્ષકોએ મટકું માર્યા વિના તે સાંભળી. મનોરમાની આંખો ભરાઇ, તેના પિતાના મુખ પર કાલિમા છવાઇ.

'આ બિલાવટ થાટની દુર્ગા: મનોરમાએ ગાઇ તે ખમાચ થાટની. નગરજનો કહેશે કે કયી વધુ અસરકારક? અપૂર્વે ભવું ફરકાવ્યા વગર ઠંડે કલેજે બધાને શાસ્ત્રીય સંગીતની બારીકાઇનો ખ્યાલ આપ્યો.

અપૂર્વની 'દુર્ગા'એ નગરવાસીઓને ગાંડા કર્યા: મનોરમાની કલા પડી ગઇ.

× × × ×

દિવસો વહ્યા, મહિનાઓ વીત્યા...અપૂર્વ મનોરમાને અને તેના પિતાને ઘેર લાગ્યો છે. અઢાર વર્ષના વયે મનોરમાએ અપૂર્વ જેવા સંગીતકારને પારખ્યો. તેની કલા પાછળ તે મુગ્ધ બની.

'અપૂર્વ, તારી 'દુર્ગા' તો કેમે કરીને મારા ગળામાં આવતી જ નથી. તારા સૂરોની હલક તો અજબ છે.'

'મનોરમા, તેની પાછળ કેટલાંય વર્ષોનું તપ છે, તે કળા સાધ્ય કરવામાં મારા કંઠ્યક ગુરુએ માગ વાંસા પર પાછળ દીધાં છે.'

અપૂર્વ મનોરમાનો સંગીતગુરુ બન્યો હતો હૃદયગુરુ બનવાની તૈયારીમાં હતો. બન્ને અહોનિશ સંગીતચર્યામાં મગ્ન રહેતાં. તેમને કોઈની પડી ન હતી. મનોરમાના પિતાના હિમુવિજયના કોડ પૂરા ન થયા. સંગીતક્ષેત્રને સર કરવાની તેની મેધા બ્રાહ્મણીય અપૂર્વે ધૂળમાં મેળવી. તેને બધું સાલતું હતું. ડંખીલા હૃદયે કીનો શોધ્યો.

'અપૂર્વ, મનોરમાને નવો અવતાર મળ્યો. તેની સૂરીલો તેં સાંધી. પણ...તારી કળા મારી મનોરમાને કદી...ઝૂંટવી લે.'

'હું તો કોણ માત્ર!'

"પણ ભલા...એ તો કહે તારો પ્રિય રાગ કયો? કયો રાગ ગાવાથી તારું હૃદય ફરી ન ધબકે?' મનોરમાના પિતાએ ભોળા અપૂર્વ પાસેથી મારણમંત્ર કઢાવવા પ્રશ્ન મૂક્યો.

'કેવો ભયંકર પ્રશ્ન! કેવી વિચિત્ર જિજ્ઞાસા!' મનોરમાથી ન રહેવાયું

એ પ્રશ્ન પાછળ રહેલો આશય હું જોઈ શકું છું; મનોરમાના પિતાને મારે સત્ય ઉત્તર આપવો જોઈએ...ગુરુઆજ્ઞા છે કે 'ભૈરવ'નો આલાપ મારા હૃદયને આઘાત....નહિ નાડીના બંધ તોડશે: શરીર સંગીતધામમાં જશે.'

'પ્રભુ તમને દીર્ઘાયુષ્ય આપે!' મનોરમા કંપી ઊઠી.

× × × ×

બસ, હવે હદ થઈ. અપૂર્વ-મનોરમા અહોરાત સંગીતમગ્ન રહે તે તેના પાલકપિતાને કેમ પાલવે? કયા ઉપાયે આ સંબંધ અટકે?

'મનોરમે, કાલે તારી જન્મગાંઠ છે. અપૂર્વને હું તારો હાથ સોંપવા માગું છું.'

'હૃદયમંદિરના દ્વારમાં એવા દુઃખની જિજ્ઞાસાની શી જરૂર છે?'

'તારા દિલને માટે : દુઃખની ગયું છે.'

'મનોરમે, હું બહુ જોઈ રહ્યો છું. હું તને મારા બાગમાંથી ભૂલાવવા નથી માગતો.

તારા પાલકપિતાની એક અંતિમ ઇચ્છા પૂરી કરી સુખે તું તારા સંગીતગુરૂ સાથે માણજે.'

'શું?'

'તારી જન્મગાંઠ નિમિત્તે અપૂર્વને પેટ ભરીને 'ભૈરવ' ગાવાની ફરમાયશ કરજે.'

'પિતાજી!'

'ન બને તો આ દુનિઆમાંથી હું કાયમની વિદાય લઈશ. મારી વાસના પૂરી થયે જ છૂટકો.'

મનોરમા કારમી ચીસ પાડી બેસી ગઈ.

× × × × × ×

'અપૂર્વ, આજે મારો જન્મદિવસ છે.'

શતાયુ ભવ, મનોરમે, આપણે તારી કેટલી ય જન્મગાંઠ ઊજવીશું. યુવાનોની આશાઅભિલાષા અખૂટ હોય છે. હજુ તો દુનિયાને ચરણે આપણી કળા ધરવાની મારી મહેચ્છા છે. તારા પિતાની ઇચ્છા પૂર્ણ કરવી જ જોઇએ.'

'મારા પિતાની ઇચ્છા........' મનોરમાએ દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

'મનોરમે! આ શું? આટલી નીરાશા! આજ તો આનન્દનો દિવસ છે.'

'કેવળ આનન્દ નહિ, સ્વર્ગનો આનંદ માણવાનો છે.'

'બરાબર છે.'

'વા....રૂં, અપૂર્વ, 'રવ' સંભળાવ!'

નિરુત્તર થઇ તે સામું જોઇ રહ્યો. મનોરમાને શું કહેવું તેની સૂઝ ન પડી.

'ભૈરવની' ફરમાયશ? મનોરમે, વિચાર કર.'

'લાચાર, અપૂર્વ, સમજું છું...પણ...'

'તું જાણે છે...'

'જાણું છું છતાં ય કહું છું કે 'ભૈરવ આલાપ, હૃદય ફાટી જાય ત્યાં સુધી.'

'મનોરમે, જીવનમાં આ છેલ્લું સંગીત આલાપી લઉં હવે તો સંગીતધામમાં મળીશું.'

પ્રભાતના સૂર્યે હજુ કોર કાઢી છે: 'ભૈરવ'નો બરાબર સમય છે. પ્રભાતમાં અપૂર્વ જીવનસંધ્યાને જોઇ રહ્યો છે. ગળું મોકળું કરી તેણે છાતીફાટ ભૈરવ આલાપ્યો. નગરજનો ફરી ઊલટ્યાં. આજે અપૂર્વે શું માંડ્યું છે? એ કલાક સતત આલાપ પછી બહારથી નગરજનોએ 'વાહ, વાહ'ની કીકીયારી મારી. અપૂર્વ ધબ દઇને પડી ગયો. સંગીતનો જીવડો સંગીતધામમાં ગીધાવ્યો.

મનોરમાને હવે ગમ પડી.

'થઇ ચૂક્યું, સર્વ નાશ, અપૂર્વ ભૈરવનો થયો; હવે મારાથી કેમ રહેવાય?

ઓખરાવલા વાળવાળી એક સુવાનઅ બળા ઝરૂખામાંથી કૂદી પડી. નગરવાસીઓના રોળા વચ્ચે તે જીવનમૃત્યુ વચ્ચે શોભી રહી હતી.

અશેષ

[જન્મ : ઈ. સ. ૧૯૦૭]

[શ્રી 'અશેષ' પ્રતિભાની સુરેખ ઝાંક દર્શાવતા નવીન આશાપ્રદ નવલિકાકાર છે. ભોળાનાથ અને દેવલક્ષ્મીનો આશાજનક સુપુત્ર દેવદત્ત આધુનિક યુવકના ઉત્સાહી જીવનનો પ્રતિનિધિ છે. એ દેવદત્ત–દેવનો દીધેલો–છે તેવો જ સંન્યાસીનો પ્રેમપાત્ર છે. દેવનો દીધેલો એ પોતાના મોંઘા જીવનનું સમર્પણ સન્યાસ લઇ દેવને–દેવના કાર્યને–જ અર્પણ કરી જીવનક્ષેત્રને વિશેષ વ્યાપક અને ધન્ય કરે છે.]

દેવદત્ત

ભોળાનાથ પંદર વર્ષની નોકરી પછી એક વખતમાં મુખ્ય કારકુન બન્યા હતા. એથી વધારે આગળ જવાને એમના માટે હવે અવકાશ ન હોતો. એટલે જીવનમાં જેટલો સંતોષ રાખી શકાય એટલો સંતોષ એમણે ધારણ કર્યો હતો. એમના બે પુત્રો હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. તે પણ ભવિષ્યમાં સારી પાયરી પર જાય એવી ધારણા ભોળાનાથને હતી. એમની પત્ની દેવલક્ષ્મી પણ બહુ વ્યવહારશીલ હોવાથી ભોળાનાથનું જીવન સુખી હતું.

આ સુખનું કારણ ગામના કેટલાક લોકના મત પ્રમાણે કોઇ સન્ત કે મહન્તનો કૃપાપ્રસાદ હતું. ભોળાનાથને ઘેર ઘણીવાર કોઇ સાધુ કે સન્ત આવતા અને ઘરના આતિથ્યથી સંતુષ્ટ થઇને જતા. તેમાં પણ તેમના ગામથી દશપંદર ગાઉ દૂર આવેલી નન્દીશ્વરની જગ્યાના બ્રહ્મચારી મહારાજ તો અવારનવાર ભોળાનાથને ઘેર આવતા. નન્દીશ્વરની જગ્યાને

જમીનજાગીરની સારી આવક હતી અને શહેરના નાકાની જમીનમાં એ સ્થાન વસેલું હતું એટલે બ્રહ્મચારી મહારાજને અનેકવાર અહીંયાં આવવું પડતું.

આજે ભોળાનાથ સવારમાં ન્હાઈ પરવારી કામમાં ગયા હતા અને દેવલક્ષ્મી રસોઈ કરતાં હતાં. એટલામાં ચાખડીઓના અવાજ કરતા મહારાજે પરસાળમાં પ્રવેશતાં જ બૂમ પાડી. ભોળાનાથ બાબુ, કહાં ચલ દિયે ?"

દેવલક્ષ્મીએ રસોડામાંથી જ જવાબ આપ્યો, "આવો મહારાજ, કામમાં ગયા છે તે હમણાં જ આવશે. બેસો ત્યાં. ન્હાવાનું પાણી હમણાં મૂકું છું."

"નહિ, નહિ, આજ તો વહાંસે હી સ્નાનસંધ્યા કરકે નીકલા હૂં," કહી મહારાજે એમની ભગવી પાઘડી ઉતારી અને સ્વસ્થ થઈ પરસાળમાં બેઠા.

"આ વખતે તો મહારાજ, બહુ દિવસે આવ્યા હોં. રસોઈ કરતાંકરતા દેવલક્ષ્મીએ પૂછ્યું "હમારા તો એસા હી કામ હૈ, માઈ, ઔર દોચાર રોજ કે બાદ તો યહાંસ બદ્રી યાત્રાકો જાનેવાલા હૂં–બદરીનાથજી. ફીર તો પરમાત્માકી ઇચ્છા કબ મીલુંગા."

મહારાજે આ પ્રમાણે જવાબ આપ્યો તેટલામાં ભોળાનાથે ઘરમાં પ્રવેશ કર્યો મહારાજની યાત્રાની વાત એણે સાંભળી અને કહ્યું, "અરે મહારાજ, તમારા જેવા સતપુરુષને વળી યાત્રા શી ? એ તો બધું સંસારની ઘટમાળમા રચ્યાપચ્યા રહેનારા અમારા જેવા માટે છે. તમારે તો આ જીવન જ મહાયાત્રા છે ને "

"વો તો ઠીક ભોળાનાથ, મગર સંસારમે પરમાત્માકે બડે ધામ હૈ વો દેખનેકી ભી ઔર મઝા હૈ. હમારે વહાં ભી જંજાલ તો હૈ હી સહી. યહ જમીન જાગીર, હિસાબ સબ ઘટમાળ હી હૈ."

"એ ય સાચું છે. ચાલો હમણાં તો જમી લઇએ." ભોળાનાથ, મહારાજ અને ભોળાનાથના બે પુત્રો, બધાં જમવા બેઠાં. જમી પરવારીને બાળકો નિશાળે ગયા, ભોળાનાથ કચેરીમાં ગયા. સામાન્ય રીતે મહારાજ સવારે આવી સાંઝે પોતાની જગ્યાએ ચાલ્યા જતા. પણ આ વખતે મહારાજ બે દિવસ સુધી રોકાણા અને ત્રીજે દિવસે બદરીનાથની યાત્રાની પોતાની સંપૂર્ણ તૈયારીના ભોળાનાથ અને દેવલક્ષ્મીને ખબર આપ્યા. "મહારાજ ! વહેલાવહેલા આવજો," દેવલક્ષ્મીએ સહેજ ગળગળી થતાં કહ્યું.

"સો તો ઠીક હે, માઇ, અગર વહાંસે–પરમાત્માકે ધામસે નહિં આયા તો ભી ક્યા ?" મહારાજે હસતાંહસતાં કહ્યું. "અચ્છા ભોળાનાથ, જય શંકરકી ! ખુશીમેં રહના ઔર પરમાત્માકા સ્મરણ કરના. માઇ, જય શંકરકી !"

મહારાજ વિદાય થયા પછી હરદ્વારથી મહારાજનો વાત્સલ્યભર્યો કાગળ આવ્યો. ધીમેધીમે સમય જતાં મહારાજને ગયે વરસ પણ પૂરું થઇ ગયું. કોઇવાર મહારાજના કાગળમાં બહાર નીકળ્યા એટલે બીજાં તીર્થધામોમાં જઇ આવવાની ઇચ્છા પણ વ્યક્ત થતી. દરમિયાન દેવલક્ષ્મીને એક પુત્ર જનમ્યો. એ પુત્રની ઉમર પણ ચારેક માસની થઇ. એટલામાં મહારાજનો પત્ર આવ્યો. તેમાં તબિયત બગડવાથી એ જલદી પાછા આવે છે એવા સમાચાર હતા. ત્રણ દિવસ પછી મહારાજ પાછા આવ્યા.

મહારાજે તરત જ નન્દીશ્વર જવાની પોતાની ઇચ્છા જણાવી, પણ ભોળાનાથ અને દેવલક્ષ્મીના આગ્રહ પાસે એમનું કાંઇ ચાલ્યું નહિં, એટલે તબિયત સારી થાય ત્યાં સુધી ત્યાં જ રહેવાનો નિર્ણય કર્યો. પેલા ચાર માસના બાળક સાથે મહારાજની અદ્દભુત મૈત્રી બંધાઇ. મહારાજની તબિયત સુધારવામાં દેવલક્ષ્મીની માતા જેવી સાવજત બેશક મહત્ત્વનું કારણ હતું. પણ એ નાના બાળકે પણ તબિયત સુધારવામાં અજબ મદદ કરી હતી એમ મહારાજના અંતરાત્માને લાગ્યું.

એક દિવસે પથારીમાં બેઠાં બેઠાં બાળકને રમાડતાં મહારાજે પૂછ્યું, “માઈ, ક્યા નામ રખ્ખા હૈ યે બાલગોપાલકા ?”

“હાલ તો એમણે જોવાથી છે. પણ તમે જ નામ આપોને મહારાજ,” દેવલક્ષ્મીએ ઉત્તર આપ્યો.

એક ક્ષણમાં મહારાજે એ બાળક તરફનું પોતાનું મમત્વ માપ્યું. ગામની વાડીઆનમાં પહેલ વહેલા પોતાને નન્દીશ્વરની જગ્યા યાદ આવી હતી એ પ્રસંગ યાદ આવ્યો. પોતે એકાદ શિષ્ય શોધવો જોઈએ એવી ઈચ્છા થઈ આવી. સંકલ્પમાત્રથી શિષ્ય કે પુત્ર મળે તો ? એવો પ્રશ્ન ઊઠેલો તે પણ યાદ આવ્યો. બસ એટલેથી એ તરંગમાળા અટકી હતી. આ બધું એક ક્ષણમાં મહારાજે અનુભવ્યું. અને દેવલક્ષ્મીને કાંઈક મહારાજના મનમાં છે એવી શંકા થાય તે પહેલા જ ઉત્તર આપ્યો, “મેં તો કહેતા હું દેવદત્ત રખો માઈ. દેવકા દિયા હુઆ બચ લગતા તો હૈ.”

દેવલક્ષ્મીને લાગ્યું કે મહારાજ નામ શોધવાનો જ વિચાર કરતા હતા. ‘દેવદત્ત’ નામ એને ગમ્યું. આટલા વરસોના મહારાજનાં સંભારણાં તરીકે પણ એ નામ એણે સ્વીકારી લીધું.

સાંજે કચેરીમાંથી ઘેર આવતા ભોળાનાથને પણ મહારાજે આપેલા નામના સમાચાર દેવલક્ષ્મીએ કહ્યા. દેવમા અખૂટ આસ્થાવાળા ભોળાનાથને પણ એ નામ ગમ્યું.

તબિયત સુધરી જવાથી મહારાજ નન્દીશ્વર ગયા.

પાંચપંદર વરસ આમ ને આમ ચાલ્યા ગયા. મહારાજ અવારનવાર ગામમાં આવતા છતા વૃદ્ધાવસ્થાને લીધે એમણે અવરજવર ઓછી કરી નાખ્યો હતો. પણ વરસે બે વરસે દેવલક્ષ્મી બધા બાળકોને લઈ નન્દીશ્વર જતી અને પાંચપંદર દિવસ ત્યાં રહેતી. ભોળાનાથનો મોટો છોકરો બી. એ. થઈ નિશાળમાં શિક્ષક થયો અને નાના છોકરાએ રેલ્વેમાં નોકરી લઈ લીધી. માત્ર દેવદત્ત ખંતથી એના અભ્યાસમાં

આગળ વધેલો હતો. તે અરસામાં [illegible] આવી. [illegible] મહારાજ પણ દિવસ નન્દીશ્વરથી ગામડાં આવીને રહ્યા પણ [illegible] ન જ સુધરી. [illegible] દેવલક્ષ્મીને ખૂબ દુઃખ થયું. પણ [illegible] જેમ એને [illegible] અને [illegible] નિર્ગમન કરવા લાગી.

દેવદત્તે કૉલેજમાં જઈ એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું. દેવલક્ષ્મીએ આ સમાચાર મહારાજને પહોંચાડ્યા ત્યારે મહારાજને પણ એ વાત ગમી. એ વાત સાંભળતાં જ મહારાજનું [illegible] આનંદ એમની જમાની જમીનજાગીર અને એ જમાના [illegible] નજર [illegible]. ક્ષણ બે ક્ષણ એમણે આંખો મીંચી રાખી.

દેવદત્તે છેલ્લી પરીક્ષા પસાર કરી ડીગ્રી લીધી. મુંબાઈની એકબે સંસ્થાઓમાં અરજીઓ કરી એણે પરદેશ જવા સ્કૉલરશિપ મેળવી. બાપુઓ, માતા અને મહારાજને મળી એણે પરદેશપ્રયાણ કર્યું. મહારાજને મળવા જવાનો પ્રસંગ ખાસ એના લક્ષમાં કોતરાઈ રહ્યો. એ વૃદ્ધ સાધુની આંખોમાં એણે વાત્સલ્ય નીતરતું જોયું. જીવનની પરમ સંતૃપ્તિ એણે એ આંખોમાં નિહાળી. વિદાયવખતે મહારાજે એને આશીર્વાદ આપતાં કહ્યું: "બેટા દેવદત્ત, દેખો, તુમ્હારા યહ 'દેવદત્ત' નામ મૈંને રખા હૈ." એ શબ્દો કહેતી વખતે મહારાજના અવાજમાં અને મુખ પર જે ગૌરવ પથરાયું હતું તે પણ દેવદત્તની સ્મૃતિમાં ચોંટી રહ્યું.

દેવદત્ત પરદેશ ગયો. દેવલક્ષ્મી અવારનવાર નન્દીશ્વર જઈ ચાર છ દિવસ રહી આવતી. મહારાજ પણ ધીમેધીમે વિશેષ શિથિલ થતા જતા હતા. દેવદત્તનો કાગળ આવતો ત્યારે મહારાજને પણ અપાર હર્ષ થતો એ દેવલક્ષ્મી જોઈ શકતી. પણ એમના કુટુમ્બ તરફ તો મહારાજનું મમત્વ હતું જ ને?

"માઈ, યહ દેવદત્ત તો બહોત બડા આદમી હોનેવાલા હૈ." એક વખતે મહારાજે દેવલક્ષ્મીને કહ્યું.

"મહારાજ, તમારી અને ભગવાનની મહેરબાની છે બધી. એના બાપ આજે હોત તો—." આટલું કહેતાં દેવલક્ષ્મીનો અવાજ ગળગળો થઈ ગયો.

"વહ ઈશ્વરકી લીલા હૈ માઈ."

આમ ને આમ દિવસો જવા લાગ્યા. દેવદત્તને પાછા આવવાને ત્રણ જ મહિના રહ્યા. મા એના આવવાની આતુરતાથી રાહ જોતી. પણ મહારાજની શિથિલતા દિવસેદિવસે વધતી જતી હતી. દેવલક્ષ્મી પોતાને ગામ આવી ત્યારે મહારાજે કહ્યું, "માઈ, જબ દેવદત્ત આવે તો હમારી સમક્ષ ભેજ્જે વહાં તક તો ઈશ્વરકી ઇચ્છાસે જીન્દા રહૂંગા."

"તરત જ મોકલીશ મહારાજ, અને તમે તો સો વરસના થશો, હજુ તો દેવદત્તને પરણાવવો છે ને!" માતાએ ઉત્તર આપ્યો. "પરમાત્માકી ઇચ્છા, માઈ"

મહારાજનો દેહ દિવસેદિવસે વધારે શિથિલ થવા માંડ્યો. દિવસે દિવસે જીવનનો અંત સમીપ આવતો જતો હોય એમ લાગ્યું. જગ્યાના કારભારી અને અન્ય કામ કરનારાઓએ મહારાજને બધી વ્યવસ્થા કરવાની વિનંતિ કરી. પણ એમનો તો એક જ ઉત્તર હતો, "ઈશ્વરકા વહ સબ હૈ, વહ હી રક્ષક ઈશ્વર ભેજ દેંગા." છતાં એમની આંખો હમેશ કાંઇ શોધતી હોય એવું પાસે આવનારને લાગતું

દેવદત્ત પરદેશથી આવ્યો. ગામમાં એનો સત્કાર થયો. ભાઈઓ અને અન્ય સર્વાં એને જોઈ બહુ હર્ષ પામ્યા. માતાએ સ્નેહભીની આંખે પુત્રને સત્કાર્યો. દેવદત્તે તરત જ માતાને મહારાજના સમાચાર પૂછ્યા. માતાએ ટૂંકમાં જ મહારાજની સ્થિતિના ખબર આપ્યા. "જા હું મહારાજને મળી આવું તો!" દેવદત્તે પૂછ્યું. "વિદાયવખતની એમની વાત્સલ્યભરી મૂર્તિ હું પરદેશમાં પણ ભૂલી શક્યો નથી."

" ભલે બેટા, કાલે જજે. એમનો આશીર્વાદ તો આપણે માટે મોટો છે," માતાએ ઉત્તર આપ્યો.

દેવદત્ત બીજે જ દિવસે નન્દીશ્વર ગયો. મહારાજની પથારી પાસે ગયો કે તરત જ એ વૃધ્ધે હર્ષથી બૂમ પાડી, "બેટા, આ ગયે? અચ્છા, મેં કઇ રોજસેં તુમ્હારી માર્ગપ્રતીક્ષા કર રહા હું." આટલું બોલતાં પણ વૃદ્ધ મહારાજનો અવાજ મન્દ પડયો. એમને થાક લાગ્યો. મહારાજ. આપને ઠીક થઇ જશે. આ તો માંદગી છે."

"કુછ નહિં, ભાઇ, તેરે લિયે આજ તક ઠહરાહું. યહ જગા, જમીન-જાગીર સબ સમાલો, સબસે બડા ઇશ્વિર હે." શબ્દેશબ્દે દેવદત્તને નવો જ અનુભવ થવા લાગ્યો. આ મહારાજ, આ એનું જીવનકાર્ય—એ બધા સાથે જાણે એનો કાંઈ ભૂતપૂર્વ સંબન્ધ હોય એવું એને ઊંડેઊંડે લાગવા માંડયું. એ ઊંડા વિચારમાં પડયો. આ અનુભવમાં કાંઇ નવું જ હતું. એને આ પ્રમાણે વિચાર કરતો જોઇને મહારાજે કહ્યું, "જો શોચના હો વહ શોચો. બેટા, મેં અભી જાતા હું. મેરી જીવનયાત્રા સમાપ્ત હોતી હય. તુમારી શરૂ હો." દેવદત્ત કાંઈ પૂછે કે ઉત્તર આપે તે પહેલાં તો મહારાજ ગયા.

આ ક્ષણે દેવદત્તે કાંઇ અજબ મન્થન ઊંડાણમાં અનુભવ્યું. કોઈ અગમ્ય શકિતએ એને સૂઝ પાડી. પોતાનું જ્ઞાન, મહારાજનું સ્થાન, જીવન, એ બધાનું સ્પષ્ટીકરણ જાણે એકક્ષણમાં એને થઇ ગયું. તરત જ મહારાજના મૃતદેહને ચરણે બેસી એણે દીક્ષા લીધી, એણે જીવનસમર્પણ કર્યું. તે જ વખતે પોતાના નિર્ણયના અને મહારાજના મૃત્યુના ખબર માતાને અને ભાઇઓને એણે પહોંચાડયા. માતા બીજે જ દિવસે આવી પહોંચી. પુત્રને એણે ભગવાં વસ્ત્રમાં જોયો. "એ તો દેવનો દીધેલો હતો ને!" એના હૃદયમાંથી કોઇ બોલ્યું.

— ગુજરાત : મે : ૧૯૩૭

૧૪

જયચંદ્ર શેઠ

[જન્મ : ઈ. સ. ૧૯૧૪]

[હાલના નવલિકાકારોમાં શ્રી જયચંદ્ર શેઠ એક નવીન છતાં આશાપ્રેરક નવલિકાકાર છે. આ નવલિકામાં રેલ્વે ખાતામાં સાંધાવાળાનું જીવન ગાળતા એક અગતારા પિતાનું બહુજ કરુણતાભર્યું જીવન આલેખાયું છે]

સાંધાવાળો

સોભાગ આજે વર્ષો થયાં રેલ્વેમાં સાંધાવાળા તરીકે નોકર હતો. એ પહેલાં તો સિપાઈ તરીકે સરકારની નોકરી એ બજાવતો હતો. છેલ્લા યુરોપીય મહાયુદ્ધવખતે એ લડ્યો હતો. પરંતુ થોડાક ઘા અને હાથની બે આંગળીઓ સિવાય એ માદરેવતન હિંદ સુખરૂપ આવી શક્યો હતો. દયાળુ સરકારે ખૂબ નોકરી બજાવવા માટે એક સોનાનો ચાંદ અને મહિને ત્રણ રૂપિયાનું પેન્શન એને બાંધી આપ્યું હતું. અને એ માટે એને કંઈએ અસંતોષ ન હોતો.

યુદ્ધમાં ગયો એ પહેલાં તો એ એક ભરાવદાર છાતી અને પહોળા ખભાવાળો ઊછળતા લોહીનો યુવાન હતો. યુવાનીની મસ્તી હતી અને આંખો લાલ રહેતી. નસો નક્કર હતી અને એનાં કાંડાંમાં એક ઘાએ બે ટૂકડા કરવાની તાકાદ અને જોમ હતાં. કોઈ જાતનું વ્યસન ન હોતું અને એ સાદા, સીધા માણસ તરીકે મનાતો. એને સુંદર એવી સ્ત્રી હતી અને વહાલ આવે એવી એક પુત્રી હતી એનું નામ તો હતું સોનકા, પરંતુ એ એને 'સોની' કહેતો. ગરીબ હતો તો યે સુખી હતો; કારણ કે એ સંતોષી હતો અને એક પ્રેમાળ પત્નીનો પતિ હતો. એ ભોળો અને ઉદાર હતો તેથી જ

યુદ્ધમાં જોડાવા પ્રેરાયો. એના માટે હૃદયને એ પોતાની ફરજ લાગી, સરકાર પ્રત્યે અનન્ય લાગણી અને અમાપ વિશ્વાસ બતાવવાની એને તક સમજાઇ. આંસુભરી પત્ની અને નિર્દોષ પંખીડાં શાં બાળકોને રડતાં મૂકી એણે રણભૂમિ તરફ કૂચ કરી.

યુદ્ધની આંધી ઊતરી. કાળાં વાદળો વીંખાયાં. બ્યૂગલના ઊંચા ઘેરા નાદ અને દુંદુભિના ગંભીર ગગડાટ વિરમ્યા. મુંબાઇને બારે હિંદના બહાદુર પુત્રો દર્શના પોકારો કરતા ઊતર્યા. પરંતુ એમાં ઉછળતાં કરુણાના કંપ હતા, ગયા તે વખતનો જુસ્સો ન હતો. દરેકની આંખે સમરાંગણનાં કમકમાટીભર્યાં ચિત્રો જ દેખાતાં હતાં. કાન પાસેથી ગોળીઓ સડસડાટ પસાર થઇ હતી. દિલ ધ્રૂજાવી નાંખે તેવા અવાજ કરતી તોપો ગાજતી હતી. મોતના પયગામજેવાં ઉપર ચક્કર ચક્કર ફરતાં ઍરોપ્લેનો અચાનક મૂઉંઉંઉં...કરતાં નીચે આવે. અંદરથી મશીનગનો એકસરખો ગોળાનો પ્રવાહ વહેવડાવે ને બીજી જ પળે આવ્યા હોય તેટલી જ ઝડપથી ઉપર ચઢી જાય. ઘાયલ થઇ પડેલા મિત્રોને પાછળ જોતાંજોતાં, ભારે હૈયે આગળ ધપવું પડતું. કહેવાતા દુશ્મનોની છાતી બૅયોનેટ વિંધતી અને લોહીના ફુવારા ઊડતા. એક ચિત્રકાર બિચારો નિર્દોષ પોતાના પ્રભુને યાદ કરતો નીચે પડે ! પડે ન પડે ત્યાં તો કેટલા યે પગો એને કચડતા આગળ ચાલ્યા જાય. આ બધાં દૃશ્યો દરેકની દૃષ્ટિ સમક્ષ વિલક્ષણ રીતે તરતાં હતાં. પોતાની જ ક્રૂરતા માટે પોતાનું હૃદય દરેકને ડ્રવતું લાગ્યું. સમરાંગણની રણશય્યા ઉપર આમ કેટલાયે કોડિલાઓ સૂતા. એમનાં પ્રિયજનોનાં બળતાં અને જળતાં હૃદયો કેટકેટલાં મૌન શાપ વરસાવતાં હશે ?

સૌ છટકારાના એક દમ સહિત નીચે ઊતર્યા. હવે કૅપ્ટનના કઠોર શબ્દો કે ચાબૂકનો માર તેઓ માટે ન હોતો; હતાં સ્નેહીઓનાં વહાલભર્યાં ઓવારણાં અને મીઠાં આલિંગનો. સોભાગ પણ ઊતર્યો. કોઇ એને લેવા આવ્યું ન હોતું અને એની એને પરવા યે ન હોતી. એને તો એનું

નામનું ગામ, અમીભરી પત્ની અને આનંદથી નાચતી, કૂદતી અને કિલ્લોલતી સોનીને મળવાનો તનમનાટ હતો. હૃદય તો ઊછળીને આગળ પડતું હતું. ખૂબ વિચાર કરીને એણે ભેટો ખરીદી. પછી એ ઝાઝું ન રોકાયો. એને ઘર સાંભર્યું હતું. તરત જ એણે પોતાના નાના ગામ તરફ હર્ષથી ઊભરાતા હૃદયે પ્રયાણ કર્યું.

એક નાનું સ્ટેશન આવ્યું અને સૌભાગ ડબ્બામાંથી નીચે કૂદી પડ્યો. ભારે આખા બૂટ, ખાખી અર્ધું પાટલૂન, કાન સુધી બટનવાળો બાંયોવાળું ખમીસ અને ઉપર ઝૂમતું ઊડતો સાફો, ખભે બિસ્તરો, બગલમાં પટાવાળી થેલીઓ ને હાથમાં બહુ મોટી નહી એવી પોટલીઃ આ સૌભાગની સજાવટ હતી. એના નાસભાગ ચાલવાને ટેવાઇ ગયેલો પગો ગામ તરફ દોડતા હતા. ગામ નજદીક આવતું જ ગયું. કેટકેટલા ફેરફાર! પરેશની મોટી વાડીમાં જ્યાં નવ કોસ ચાલતા ત્યાં આજે પંપ ધકધકધકધક કરતો ચાલતો હતો. જ્યાં એક સપાટ મેદાન હતું ત્યાં કેટલાય નાનાનાના બંગલાઓ બંધાયા હતા! એ એમ જ બધું જોતોજોતો આગળ ચાલ્યો. ઘર હવે બહુ દૂર ન હોતું. હૃદય તો કંઇક વિચિત્ર લાગણીઓ અનુભવતું ફફડાટ થતું હતું. આંખોમાં અજબ આનંદ ચમકતો હતો. ખૂબ જુસ્સાથી એ ઝપાટાબંધ આગળ ધપતો હતો. "આ વળ્યો કે સામે જ મારું ઘર," એનું હૃદય વધુ જોરથી ઊછળ્યું. હૈયામાં કંઇક એવું હતું કે તે ત્યાં માતું ન હોતું. વળાંક આવ્યો અને એ વળ્યો: સામે જ ઘર, પરંતુ આંગણામાં સોની ન દેખાઇ. ઘરનું બારણું બંધ હતું બારીઓ બંધ હતી. ઘર આખું જ બંધ હતું. બારણા ઉપર મોટું તાળું અને ધૂળના થર જોઇ એ બેસી પડ્યો. નશો ઊતર્યા પછી દારૂડિયાની જે સ્થિતિ થાય છે તે એની થઇ. શું થયું હશે એ કલ્પવું એને પોતાની શક્તિ બહાર લાગ્યું. એ મૂઢ જેમ ભાવહીન [illegible] ઊભો રહ્યો. એને કશી સમજ ન હોતી પડતી. મગજ અને હૃદય બન્ને સાવ શૂન્ય જેવાં થઇ ગયાં. એના આગમનના

અંધકારમાં ચામાચીડિયાં આમાં પાંખો ફફડાવતાં ઊડતાં. લોકોને એ બંગલા ઉપર વહેમ હતો અને એને 'ભૂતિયો બંગલો' કહેતા. એ કોનો હતો એ કોઈને ખબર ન હોતી. સોભાગ આ જ બંગલાના કંપાઉંડની એક ઓરડીમાં પડી રહેતો અને એ માટે એને કોઈ પૂછનાર ન હોતું. લગભગ પરોઢીએ સાંઝના ૭ વાગે અને છેલ્લું મધરાતે એમ ત્રણ વખત લાઈન બદલવા જવું અને નમેલે માથે, ધીમે પગલે પાછા ફરવું એ એનો નિત્યનો કાર્યક્રમ. શું ખાવું, શું ન ખાવું, એની દરકાર એને ન હોતી. સવારસાંઝ ગમે તે હાથે પકાવી લેતો. ગમે તેમ પેટ ભરવા સિવાય એને બીજી ઝાઝી પરવાહ ન હોતી. શા માટે હોવી જોઈએ?

સાંઝે ટ્રેન આવી અને ગઈ. અને હમેશની માફક એ સ્ટેશન માસ્તર પાસે ગયો. સ્ટેશન માસ્તર એક યુવાન સાથે વાત કરી રહ્યા હતા.

"હું બહુ જ દિલગીર છું કે તમારા માટે અહીંઆં હું કંઈ યે સગવડ કરી શકું તેમ નથી. તમે જોતા હશો કે સ્ટેશન ઉપર 'વેઈટિંગ રૂમ' જેવી કોઈ વસ્તુ નથી. માલ ભરવાનો એક ઓરડો છે, પરંતુ એ ચિકાર ભરેલો છે. હું અહીંઆંથી થોડે દૂર રેલ્વે ક્વૉર્ટર્સમાં રહું છું પણ ત્યાં ફક્ત બે જ ઓરડા છે, અને એ હું વાપરૂં છું. હું તમને મારે ત્યાં યે સગવડ કરી આપત, કિન્તુ મારી સ્થિતિ જરા કફોડી છે. મારાં પાંચ છોકરાં, મા, બાપ, હું પોતે અને મારી પત્નીઃ આટલાં તો છીએ. પછી આમાં તમારો સમાવેશ ક્યાં કરું? સ્ટેશન ઉપર જ સૂઈ રહો અને નહિ તો વીરપુર પાછા જાઓ." સ્ટેશન માસ્તરે છેલ્લા શબ્દો બોલતાંબોલતાં એક ભાષણકર્તાની અદાથી બે હાથ મસળીને હવામાં ઊછાળ્યા. યુવાનને કંઈ વધારે બોલવા જેવું ન લાગ્યું. વાત એમ હતી કે યુવાનને સાંઝની ટ્રેનમાં જવું હતું, પરંતુ તે એ ચૂકી ગયો હતો. હવે બીજી ટ્રેન પરોઢમાં હતી. એને જેમ બને તેમ જલદી જવું હતું એટલે અહીં રહ્યે જ છૂટકો. અંધારૂં થવા આવ્યું હતું અને વાદળો ઘેરાયાં હતાં. એ આકાશ તરફ જોતો એક બાંકડા ઉપર પોતાના સામાન પાસે બેઠો. 'આખી રાત કેમ જશે? પણ પાછા જવાય તેમ તો ન હોતું જ.

સોભાગ એ બધું નિરાંતે જોયા કરતો હતો. માસ્તર સાહેબ દરરોજ જેમ એની સાથે બે વાત કરી ચાલી ગયા હતા. સ્ટેશન ઉપર યુવાન અને સોભાગ, એ બે સિવાય બીજું કોઈ ન હોતું. એ પેલા યુવાન પાસે ગયો અને નમ્રતાથી બોલ્યો :

"બાબુજી, આપ મારી ઓરડીમાં ચાલો. આજની રાત ત્યાં જ વીતાવો. મારી ઓરડી અહીંથી બહુ દૂર નથી. આપ ટ્રેન ચૂકી ગયા લાગો છો."

"હા, એમ જ થયું. હું આવ્યો અને ટ્રેનને મેં દૂર ચાલી જતી જોઈ!" એને થયું કે આમ સ્ટેશન ઉપર એકલા પડી રહેવું એના કરતાં આની ઓરડી શી ખોટી? એ સોભાગ સાથે ચાલી નીકળ્યો. બંને ધીમેધીમે વાતો કરતા બગલાના ઝાંપા પાસે આવી પહોંચ્યા. યુવાને અંદર દાખલ થતાંવેંત પૂછ્યું: "તમને રેલ્વે તરફથી ઓરડી નથી મળતી?"

"મળે છે તો ખરી, પરંતુ હું તો અહીંઆ જ પડી રહું છું. મારી-મારી-ઓરડી માસ્તર સાહેબ વાપરે છે."

સોભાગે ખાટલો ઢાળ્યો અને પાણીનો લોટો ધર્યો. લોટો એવો સ્વચ્છ રાખતો! એને એમ થતું કે મારી સોનીને ગંદું નહિ ગમે. એણે ચૂલો સળગાવ્યો અને ભાખરી બનાવવા બેઠો. અંધકાર ધીમેધીમે વધતો હતો. અંધકાર જેટલી જ ચોતરફ ઘોર શાંતિ હતી. આકાશ આંખ આગળથી માથું નીચે જ ઢાળતા પડદા જેવું સરી પડતું હતું. ક્યાં એ સમજ ન હોતી પડતી. અને એ પડદા ઉપર દૂરદૂર ખૂબ ઝાંખી તો યે દેખાય એવી સિગ્નલની બે લાલ બત્તીઓ લોહીતરસી રાક્ષસી આંખોજેવી તગતગતી હતી. યુવાન ચૂલામાંથી નીકળતા ભડકા તરફ તાકીને નિહાળતો બેસી રહ્યો હતો. એની નજર સોભાગ તરફ ગઈ. એ ખૂબ જ બેચેનીથી વારંવાર આકાશ તરફ જોયા કરતો હતો. યુવાને પૂછ્યું: "કેમ, તમારી તબિયત તો સારી છે ને? આટલી અસ્વસ્થતા શાથી?" સોભાગે એક ઊંડો નિસાસો મૂક્યો અને થોડી વાર પછી એ બોલ્યો:

જુઓ, એમાં કાંઇ દમ નથી. એ વાત મેં બહુ થોડાને કહી છે, પરંતુ જેટલાને કહી છે એ બધાએ સાંભળી મને ગાંડો ગણે છે. તેમાં તમારા એકનો વળી ક્યાં વધારો કરૂં ?"

"ના, ના. એમ તે છેક હોય ! કહો તો ખરા, શું છે !" આટલું બોલી એ સોભાગ તરફ જોઇ રહ્યો. એને અણુચિંતવ્યા જ દુનિયાની ચડતીપડતીનો ખ્યાલ આવ્યો. જગતમાં નાનું કોણ અને મોટું કોણ ? પોતે એક જાગીરદારનો પુત્ર અને એ એક મજૂર. ઉચ્ચ અને નીચ જેવું ખરેખર કાંઇ પણ હોત તો એ કદી યે આમ એની સાથે એ વાત ન કરી શક્યો હોત. મોટાઇ, નાનમ, એ બધું ઢોંગ, સ્વાર્થ લુચ્ચાઇ અને એક જાતના ભ્રમ જેવું એને લાગ્યું. બીજા કોઇ સાધારણ પ્રસંગમાં કદાચ એની સાથે વાત કરવામાં એને નાનમ લાગત. એની તરફ તુચ્છકાર બતાવ્યો હોત. એણે બેચાર ગાળ સુણાવી પોતાનો પ્રભાવ બેસાડવાનો પ્રયત્ન કર્યો હોત. આમ માયાથી અને વિવેકથી વાત કરવામાં મૂર્ખાઇ અને ખોટી લાગણીની વિવશતા લાગત. પરંતુ આજ તો કંઇક જૂદું જ હતું. 'સર્વ સરખાં છે,' 'ઐક્ય,' 'માયા,' 'સ્નેહ,' 'સહાનુભૂતિ,' 'અનુકંપા' એ સર્વ આજ એને સમજાયું. એક આવા વિચારમાં મશગૂલ હતો અને બીજો વાત કહેવી કે નહિ એ ગડમથલમાં હતો. છેવટે સોભાગને થયું કે ભલે મને ગાંડો ગણવામાં એક ડાહ્યાનો ઉમેરો થતો. દુનિયા એને ગાંડો ગણતી ત્યારે એ દુનિયાને ગાંડી ગણતો. એની દુનિયા જ જૂદી હતી. એમાં હતાં ફક્ત બે જણ: એ ને એની સોની. એ પેલા યુવાન તરફ ફરી બોલ્યો:

"હું આખી વાત પૂરી ન કરૂં ત્યાં સુધી આપ મહેરબાની કરીને શાંતિ રાખજો; વચમાં ન બોલતા. તદ્દન સાચી જ વાત કહું છું." એણે તાવડી ઉપર ભાખરી નાંખી, લોટવાળા હાથ ખંખેર્યા અને પોતાની વાતની શરૂઆત કરી:

"આજે અગિયારઅગિયાર વર્ષો થયાં હું અહીં નોકરી કરું છું.

મારું કામ લાઇન બદલવાનું અને સાચી સિગ્નલ આપવાનું. આટલાં વર્ષોમાં એક પણ દિવસ એવો નથી ગયો કે હું મારી નોકરી પર હાજર ન હોઉં. ગમે તેવી રાત હોય—ચોમાસાની મેઘલી રાત કે પછી શિયાળાની કકડતી ઠંડી—પણ હું તો જવાનો જ. કેટલાયે અમને ધુત્કારતા હશે! પરંતુ એ બિચારાઓને ક્યાંથી ખ્યાલ હોય કે સેંકડો મનુષ્યોનાં જીવન અમારા હાથમાં છે." હજુ આટલું કહ્યું ત્યાં તો પવન વાવા માંડ્યો. વરસાદે જોસભેર પડવાની શરૂઆત કરી. વીજળી ચમકવા માંડી. ખંડિયેરજેવા બંગલાના રવાંસમાં બારીબારણાં જોરથી ફટાફટ અથડાવા માંડ્યાં. વાતાવરણ આખું જ ધીમેધીમે જુદું થતું લાગ્યું. સોભાગની અસ્વસ્થતા વધી. એણે પોતાની વાત આગળ ચલાવી. એ હવે થોડો ઉશ્કેરાઇને જલદીથી બોલતો હતો:

"આઠ વર્ષ પહેલાંની આ વાત છે. ચોમાસું હતું અને આવી એક ભયંકર ઘનઘોર મેઘલી રાત હતી. સર્વત્ર ગાઢ અંધકાર હતો. ધોધમાર વરસાદ વરસતો હતો અને કાન ચીરી નાખે તેવા પવનના સુસવાટા બોલતા હતા. હું પાટા બદલવા નીકળ્યો. મારા હાથનું ફાનસ વરસાદ અને પવનને લઇ ઠરુંઠરું થઇ રહ્યું હતું. પ્રકાશ ફેલાવવાને બદલે એ અંધકારને વધુ ગાઢ કરતું હતું. મારા હાથમાં ફાનસ હાલતું અને ચોતરફ પહાડજેવા પડછાયાઓ હાલતા હતા. હૃદય ધબકારો નાખે તેવું ચિત્ર હતું. પણ હું તો ટેવાઇ ગયેલો. પાટાની બન્ને બાજૂએ તારની વાડ છે. એ વટાવી હું પાટા ઉપર પહોંચ્યો. ટ્રેનને આવવાનો હવે બહુ સમય ન હોતો. વરસાદ હજી એવો જ વરસતો હતો. માથે ઓઢેલું ગુણપાટ અને છત્રી લગભગ નકામાં જેવાં હતાં. મેં પાટા બદલ્યા. ઍંજિનની આગિયાજેવી ઝીણી સર્ચલાઇટ દેખાઇ. મેલ ઝપાટાબંધ પસાર થઇ જશે, અને પછી નિરાંતે ઊંઘીશ એ જ વિચાર મગજમાં ઘેરાતા હતા. ટ્રેન નજદીક આવતી હતી. ટપકાં જેવા પ્રકાશમાંથી આંખ આંજી નાખે તેવાં કિરણોનું તેજ પણ વધ્યું હતું. ટ્રેન ખૂબ જ પાસે આવી પહોંચી હતી. પુષ્કળ ઝડપ હતી. અવાજ ગંભીર અને ઘેરો થઇ વધતો

જતો હતો. આકાશ વીજળીઓથી ઝગમગતું હતું. પવનનું જોર અતિશય હતું. આગી ગાડીએ ઊભવું એ મુશ્કેલ હતું. વરસાદ પણ જાણે ફરીથી જ ચાર વરસનો જોગ તેવું લાગતું હતું. ત્યાં તો એક ભયંકર અવાજ થયો—જાણે કે આકાશ ફાટ્યું! આંખ આગળના ડબ્બામાં પ્રકાશ ગયો જાણે એમ લાગતી સર્ચલાઇટ એ ધમાકા સાથે ગુમ થઈ ગઈ. અને કાન ફાડી નાખે એવા આર્તનાદો, કરુણ ચિત્કારો, હૃદય હચમચાવી નાખે એવી ચિચિયારીઓ અને બીજું ઘણુંઘણું સંભળાયું. ટ્રેન બરાબર સાંધા પાસે જ ઊંધી વળી ગઈ હતી."

એ આ બધું એક શ્વાસે બોલે જતો હતો અને શ્વાસ એ માટે રોકાયો. એની આંખો લાલ અંગારા જેવી ચળકતી હતી. મોઢું યે ચૂલાની જવાળાઓના પ્રકાશના કંઈક વિચિત્ર રંગોથી ભરપૂર લાગતું. એના હાથો સહેજ ધ્રૂજતા હતા. એણે પોતાની વાત આગળ ચલાવીઃ

"અને હું થોડાક જ વારને અંતરે ઊભો હતો. એંજિનના ભૂકેભૂકા ઊડી ગયા હતા. કેટલા યે ડબ્બાઓ ઊંધા વળી ગયા હતા. પણ એમાં મારી ભૂલ ન હોતી. એ અકસ્માતનું કારણ તો હજી સુધી નથી સમજાયું. કેટલાં યે માણસો આમ વગર ભૂલે મૂઆ. સ્ટેશન માસ્તરે અવાજ સાંભળ્યો હશે કે શું, પરંતુ એ પણ બેએક માણસો લઈને આવી પહોંચ્યા. રાતોરાત આપણે બેઠા છીએ એ જ બંગલામાં સર્વેને ખસેડવાનું નક્કી થયું. અને અમે આમ એકલે હાથે કેટલાંને ખસેડ્યાં. ઘણાંખરાં તો ત્યાં જ અમરધામને પંથે પડ્યાં. થોડાંઘણાં રસ્તામાં જ થઈ ગયાં. જેટલાં બચાવી શકાય તેવાં હતાં તેટલાં બધાંને અમે લઈ ગયા હતા. હું છેલ્લી વાર ત્યાં એક વખત તપાસ કરી લેવા ગયો. સર્વત્ર અખંડ શાંતિ હતી. જાણે કે કશું જ થયું ન હોય! કેટલાં યે શબ આમતેમ પડ્યાં હતાં. મને રણમેદાનનાં દશ્યો યાદ આવ્યાં. સરકાર, હું લડાઈએ લડયો છું. કોઈ બાકી રહ્યું હોય એમ ન હોતું લાગતું, પરંતુ

ત્યાં તો કોઈ 'બાપુ' એમ બોલ્યું હોય એમ મને લાગ્યું. હું શાંત ઊભો રહ્યો. ફરી વાર 'બાપુ' એમ મને સાંભળાયું. એવો મીઠો મૃદુ અવાજ હતો! હું એ અવાજ તરફ ગયો. ફાનસના ઝાંખા પ્રકાશમાં મેં એક નાનીશી કન્યા જોઈ. એની આંખો બંધ હતી. બન્ને હાથ માથાની આજુબાજુ છૂટા પડ્યા હતા. માથું એક બાજૂ નીચું નમેલું હતું અને તેથી હોઠની એક બાજૂએથી મોંમાં લોહી બહાર વહેતું હતું. મે એને મારા હાથમાં ઊંચકી લીધી. ફાનસ ત્યાં જ પડી રહ્યું. રસ્તામાં એ કાંઈક ગણગણી. હું કંઈક જુદા જ ભાવ અનુભવતોઅનુભવતો હતો. હું આ જ કંપાઉંડમાં દાખલ થયો. એવો મીઠો ચહેરો હતો! કાંઈક અર્જ, દર્દ, શાંતિ અને સંતોષમાં એની આંખોનાં પોપચાં બીડાયેલાં લાગ્યાં. હું અંદર આવ્યો, પણ...પણ એ મારા હાથમાં જ એક આછા સ્મિત સાથે મૃત્યુ પામી!"

એ મૌન થઈ ગયો. એના હોઠ સખ્ત બીડાયેલા હતા. અને અંદરથી છેક ઊંડેઊંડેથી રુદન અને ડૂસકાં સંભળાતાં હતાં. એની આંખો ભયંકર લાગતી હતી. એ એકદમ ઊભો થઈ ગયો. એના બન્ને હાથ જાણે કાંઈક ઊંચકવું હોય તેમ પહોળા અને લાંબા થઈ ગયા. એની લાલ ચકચકતી આંખો સાવ મીણી પૂણી જેવી થઈ ગઈ. ફરી રોજ થાંભલા જેવો એ ઊભો રહ્યો. એનો રંગબેરંગી લાગતો ચહેરો તદ્દન આરસપહાણ જેવો ટાઢો અને જડ લાગતો હતો. એમાં એકે એક ભાવ ન હોતો. એનું આખું શરીર ખૂબ જોરથી ધ્રૂજતું હતું. હાથો ધ્રૂજતા હતા. એ એકીટશે આકાશ તરફ જોઈ રહ્યો હતો. કેટલીક વારે એ બોલ્યો. શબ્દો જીવતા કરતા મરેલા માણસના જેવા વધારે લાગતા હતા:

"સોની, સોની, સોની!"

એક ભયંકર વાજળાનો ચમકારો થયો. એકાએક જબરદસ્ત કડાકો થયો. એણે એક તીણી ચીસ પાડી. પેલા જુવાનથી પણ એક ચીસ નખાઈ ગઈ. એ ફરી નીચે બેસી ગયો. વાતો એકદમ અધવચબંધ

[illegible]

[illegible]

૨

પંચતંત્ર—સંસ્કૃત સાહિત્યનો પ્રસિદ્ધ બોધક વાર્તાસંગ્રહ. રાજ્યનીતિ-એક પ્રકારની બાલવાર્તાઓ. એનો મૂળ લેખક [illegible] હતો. વાદ-તકરાર. સાદ-ફરિયાદ. ગિરિધર-ગુજરાતનો વૈષ્ણવ કવિ; એનું રામાયણ ગુજરાતમાં ઘેરઘેર પ્રસિદ્ધ છે. ૧૭૮૭-૧૮૫૨. મૃગલાંછન-ચંદ્ર; મૃગનું લાંછન (ચિહ્ન) જેને છે તે. નાગ-હાથી.

૩

જલાશયો—નદી, સરોવર, તળાવ વગેરે. કટિમેખળા-કેડનો કંદોરો. મૃદંગ-ઢોલક. કુંભસ્થળ-લમણાં. પાગછ-દોરી. અશોક-આસોપાલવ. કિંશુકવન-ખાખરાની ઝાડી, કેસુડો. કિંશુકનાં ફૂલ શુક (પોપટ)ની ચાંચને મળતાં હોય છે તેથી એનું નામ 'શું શુક?' એવું પડ્યું કહેવાય છે. નિશ્ચેષ્ટ-ચેષ્ટા વગરના, બેભાન. શણગાર-શોભા. ઈર્ષ્યા-અદેખાઈ. અનાથ-વિધવા. અવધિ-અંત, છેડો.

ડૂસકાં-નિસાસા, ડૂમો. વિદાય-છેલ્લા પ્રણામ. ચિપાટો-ફાડિયાં, છોડિયાં. દાવાનળ-વનને બાળી ખાખ કરતી ભયંકર આગ. પ્રારબ્ધ-દૈવ, કિસ્મત. સોડ-ગોદ, પડખું. આવેગ-ઉશ્કેરણી, ઊભરો. નારીસુલભ-સ્ત્રીઓને સ્વાભાવિક એવી.

૪

અવારનવાર-પ્રસંગેપ્રસંગે, વારેવારે. આસામી-દેવાદાર. ગજી-ખાદી, દોટી. બંદા-અમે પોતે, સેવક (?); શબ્દનો ખરો અર્થ 'ગુલામ' થાય છે. એકાકાર-સળંગ. પરૂં-ખેડું, મુવાડું, ઉપનગર. જવરઅવર-આવજા. હરીઆળો-લીલોછમ. પરાગ-ફૂલની રજકણ. મઘમઘાવી-મહેકાવી, સુગન્ધિદાર કરી રહેલી. મહૂડો-એ નામનું ઝાડ. એનાં ફૂલ ગરીબ માણસનો ખોરાક છે. મહૂડાનાં સૂકાં ફૂલને (મહૂડાંને) બાળી તેનો દારૂ બનાવવામાં આવે છે. ઓર-જુદા જ પ્રકારનો, નવાઇ જેવો. અનેરા-ઓર. રૂપધા-દરિદ્રાઇ. પાછોતર-પાછળથી આવેલો. વખત પહેલાં આવે તેવા વરસાદને ખેડુતો 'આગોતર' કહે છે. સુરેખ-સુંદર. તાજગી-નવીનતા, તાજાપણું. પ્રકૃતિગાન-કુદરતનું ગીત. પીતના પાક-કૂવાના પાણીથી ભીંજાવેલા પાકને 'પીત' કહેવામાં આવે છે. શમણાં-સ્વપ્નાં. મોટાં પગલાં-ફલંગો. રંગીલા-રસિક, શોખીન. ગોપકાવ્ય-વનજીવનને લગતું કાવ્ય, ગ્રામજીવનકાવ્ય, Pastoral Song. ક્ષિતિજ-દૃષ્ટિમર્યાદા, આકાશપૃથ્વીને સાંધતુ લાગતુ કલ્પિત ગોળ વર્તુલ. રોણીકોળીનો વખત-સંધ્યાકાળનો, લૂંટાવાના ભોનો. હોસકોશ ઊડીગયા-ચક્કર વળી ગયા, ડઘાઇ ગયો. મુખી-ઉપરી, સરદાર. ભિક્ષુક-ભિખ માગનાર. વિનવણી-વીનતી, આજીજી. ઢાળકો-વેગ, ઢાળ, ઢળાવ. દિગમૂઢ-ગાંડો, દિશાઓનુ ભાન ભૂલેલો. ફિદા-ખુશખુશ. માદકતા-ઘેન. મોજાં-ઉચ્ચારના તરંગો. અપૂર્વ-પહેલાં ન અનુભવેલાં. મદમાતી-કરસાદાર; રૂઆબભર્યા. બાધકારક-હરકત કરનારી. ગામડેની ગોરી-ગામડાની સૌન્દર્યવતી સ્ત્રી. અલબેલડી-સુંદર. અલેખ-બેહદ, ફકીરનામ. દ્વૈત-બિપીઆપણું. માનુની-માની સ્ત્રી;

પ્રમદા. **ચોભીલો**–શરમિંદો, ઓશિયાળો. **કંપવાયુ**–ધ્રૂજવાનો રોગ. **મૂળે**–ખરી રીતે. **અપવાદ**–આરોપ, લાંછન. **હેવાતન**–સૌભાગ્ય. **પોઆરા**–અગિયારા, ગરછન્તી. **કામણગારા**–મોહક. **ઉન્માદ**–ગાંડાપણું **ઊઘાડે છોગે**–પ્રસિધ્ધ રીતે, છડે ચોક.

૫

શકુન્તલા–મેનકાવિશ્વામિત્રની પુત્રી, દુષ્યંતની પટ્ટરાણી. **દુર્વાસા**–અત્રિ પ્રજાપતિના પુત્ર–દત્તાત્રેય ને ચંદ્રના ભાઈ. એ ઘણા તામસી હતા ને ક્રોધે ભરાતાં તરત શાપ દેતા. **વાક્ચાતુર્ય**–બોલવાની છટા. **ખટખટાટ**–કાંટો, સાલ. **છિદ્રં**–છિદ્રો, દોષ. **છલછલાટ**–છલકાટ, તોર. **જીવલેણ**–મારાવાઢ. **અવગણના**–અપમાન, બેદરકારી **આડખીલી**–સાલ, ફાંસ. **બલા**–વેઠ. **અનિર્વાચ્ય**–વર્ણવાય નહીં એવી, અગમ્ય.

૬

લિજ્જત–લહેજત, સ્વાદ. **નવોઢા**–નવી પરણેલી, નવપરિણીત. **ગોષ્ઠિ**–આનંદની વાર્તા. **સુવાસણ**–સૌભાગ્યવતી. **પ્રતાપ**–તેજ. **ચઢીચઢીને**–ઊશ્કેરાઈને. **ગમગીન**–બેહોશ; નીરાશ. **માનતાઓ**–આખાઓ, આખડીઓ. **કહેણ**–આણું, તેડું, સંદેશો. **ચાનક**–સરતી. **ઓશાલો**–છાજિયાં. **કાવ્યવિવરણ**–કાવ્યનો સ્પષ્ટાર્થ, સમજૂતી. **ગૂઢ**–છૂપા. **અનુલક્ષીને**–તેને ઉદ્દેશીને, તેને માટે, વિષે. **મર્મ**–ભેદ. **અકથ્ય**–કહેવાય નહીં તેવા, અવર્ણનીય. **વટનો કટકો**–પ્રતિષ્ઠાના ફાંકાવાળી. **સાચ**–સત્ય. દૈવત. **જાતર**–દર્શન, યાત્રા, જાત્રા. **વજ્રપાત**–વજ્ર (ઇંદ્રનું ધનુષ્ય): અહીં 'આફત' અર્થ છે. **હાજરાહજુર**–પ્રત્યક્ષ સાચવાળી. **સાન્ત્વન**–દિલાસો; શાતા. **શ્રેણી**–પાયરી, કક્ષા. **મસલત**–ઊહાપોહ, મંત્રણા, વિચાર, ભાંજગડ. **રૂઢિઓ**–રીતરિવાજો. **અનિવાર્ય**–અટકાવાય નહીં તેવા, બંધનકારક. **અપ્રતિરુધ્ય**–સામે ન પડાય તેવા. **બેબાકળી**–ડઘાઈ, હોસકોસ વગરની થયેલી. **હતાશ**–નીરાશ, ભગ્નાશ, આલિંગન, **અડવી**–ઘરેણાં વગરની, બોઘાડી. **કડકાઈ**–સખ્તાઈ.

આવનારીઓનો-બાબા સહે. ત્રિપુંડ-ત્રણ કૈખાળીવાળું આડું ટીલું. દૃશ્યણ-એ નામનું બાવા નંખી અંગાર બાળવાનું ઠામ. પાકાં-પાકાં, ઠીકઠાં. સનાતન-હંમેશના ઠગા પછી આવ્યાં હતીં-ઠગી કાઢી મૂક્યું હતું. ઘરગવા-ઘર કરવા, નાતરું કરવા.

૭

ભૂમંડળવિખ્યાત-પૃથ્વીમંડળમાં અવંતીનગરી-ઉજ્જયિની, ઉજેણી, વિક્રમની રાજધાની આધિપત્ય-એકથાત્ર. આવિ-વનાર, અવિશ્વના. પ્રસ્થાન-પયાણ, નીકળવું તે, પ્રસ્થાનું. ખૂંદતો-રાંદતો. આયુ-સમાપ્ત, વાસ્તાન અવધ-મર્દન, મારો. ગગભેર-ઠીકગીરીપૂર્વક. આરોભાર-પૂરેપૂરા. પ્રતિજ્ઞા-બાધા, નેમ. ભાન-વચાવા. આખડી-નિયમ, બાધા. વરધી-ઓરતો પ્રેમલુબ્ધ-પ્રેમમાંથી મેલ. કૌલ-વચન. સોન-બેઠી મળવા રેહિ-રોકે-તોરણે. રંડાપો-રંડેલે. ગદ્ધી-જારર. વરિ-વરે, પગળે. પિંડ-દેહ. સાજનમહાજન-વરપીડો પાસો-રહ્યા, ચોળાદાર પૂરપાટ-અંતકાળ

હેણ્ડો—ઠાઠમાઠ રેલાવાઈ-રાતના સંકેતસ્થળે-નક્કી કરેલા ઠેકાણે ઊખાળ્યા-સમરવા, કોયડા વસમી-અસહ્ય. વીતકો-ભોગવેલી-ઓ ઉર ઉપ્રતિ-હાથ બતાઈ આવે. વરાઈ-ચાયે, પાછળ. અવતરી-ઊતરી, પાછળ આવી મન મૂકી-છૂટથી, વગર સંકોચે. સરલ-ખુલ્લે સ્વરે. શાનિ-શાનમાં ટનક ...હાનિ-હાથડાને સોનેથી શોભાવ્યો ને બિછાડીને કાને માણેક પહેરાવ્યું ઊપની-જન્મી. હર્મિ દીધી ઉપરાંટિ-નસીબે મને છૂપવાતી નાખી મઝ-મને. સૌભાગ-મહાભાગ્ય. પનોતો-નસીબદાર. વરામી-ખરાબ. વિષપારૂપી-વાસના, વિષયવાસનારૂપી. શાકિની-ડાકણ. પૂંઠી-કેડ, કેડો. નેહ-સ્નેહ નાહસૂં-પતિ સાથે, પતિથી. ચૂંટી-ભ્રમ. સિધૂ-સફળ થયું. ટિલહું=કાળાટીલી. લાખ-લાંછન. સાંચિ-પ્રસંગે ખાંપણ-દોષ, પાપ. સાખ-પ્રતિષ્ઠા.

ટકા-સિક્કા. ભવભવે-દરેક જન્મે. સાન્ત્વન-દીલાસો, ધીરજ. રણવાસ-રાણીવાસ, રાણી જનાનો. અનશન વ્રત-નકોરડું, વગર

ખોરાકનું વ્રત. **અસંભવ**-ન બને તેવી. માંહ્યરૂં-ચૉરી. **આશાભંગ**-હતાશ, નીરાશ. ડાઘુ-શ્મશાનીઆ. **ઝૂરવું**-પ્રેમથી બળવું. **પુરોહિત**-રાજગુરૂ. **અશોકવ્રત**-એક જાતનું શોક દૂર કરાવનારૂં વ્રત. **વધામણી**-ખુશ ખબર. **પ્રથા**-રિવાજ, ધારો. **પોહોતી**-પહોંચી. **આશ્વાસક**-શાંતિકારક. **આવાસ**-મુકામ. **સજાઇઓ**-તૈયારીઓ. **હસ્તમેળાપ**-પાણિગ્રહણ, લગ્ન. **રતિકામ**-પ્રેમનાં અધિષ્ઠિત દેવી અને દેવ. **મંત્ર**-ભેદ. **આક્રમણ**-હૂમલો, સવારી. **પર્વ**-તહેવારના દિવસો.

૮

શીરપે-માથા ઉપર. **કોલાહલ**-ઘોંઘાટ. **ટપાટપી**-ચઢઊતર. સામ્રાજ્ય-વ્યાપક અસર. **અર્ક**-સૂર્ય. **સહસા**-એકાએક. **આઇડિયલ**-આદર્શ, an ideal. **અંતિમ**-છેડાની, આઘેઆઘેની. **સુન્દરતર**-વધારે સુંદર. **છીપી**-શાંત થઇ, મટી. **અચાનક**-અચિન્ત્યાં. **ઘનઘોર**-વાદળાંથી છવાયેલું, અંધારાવાળું. **આંદોલનો**-તરંગો. **પગરવ**-પગલાંનો અવાજ **પ્રકૃતિ**-તબિયત. **ભુજપાશ**-બાથ. **તાદશ**-યથાર્થ; આબેહૂબ. **છળતાં**-બ્હીતાં, **સારા**-બધા. **પરાકાષ્ઠા**-હદ, છેલ્લી ભૂમિકા. ભિન્નત્વ-જૂદાઇ, ભેદ. **કીસ્તી**-હોડી. **દશ્યો**-દેખાવો. **તલસી**-ઝાંખી.

૯

ભિસ્તી—પખાલી. ખોખડધજ-પડુંપડું કરે એવી, ઘરડી. **હાંડલી**-હાંલ્લી, દોણી. તડકાછાંયા-લીલીસૂકી, સુખદુઃખ. **મસક**-પખાલ. **ગઝલ**-મૂળ ફારસી ભાષામાં 'પ્રેમગીત' અર્થ છે, એ નામના રાગનું ગીત. **લીન**-ડૂબેલો, એકરસ. **આડે**-રસ્તામાં, વચમાં આવતી. **ફાસકો**-ફાળ. **ખુશનુમા**-સુન્દર, મઝેદાર.

૧૦

પર-જૂદો; અસ્પૃષ્ટ. **અસ્તિત્વ**-હયાતી. **અતિવ્યવસાય**-બહુ જ કામ. **ગાડરિયો પ્રવાહ**-ઘેટાના ટોળાનું ચાલવું; એકની પાછળ વગર વિચારે બીજાએ જવું તે. **ક્રાંતિકારી**-વિપ્લવકારક; બંડખોર વૃત્તિવાળો. **તુક્કો**-તરંગ. **ચિકિત્સાવૃત્તિ**-જાણવાની ઇન્તેજારી. **હકીમ**-યુનાની વૈદ્ય.. **ઉપચારો**-ઇલાજ, દવા. **જીજ્ઞાસા**-જાણવાની ઇચ્છા. **સનેપાતી**

ન્હાનેસમજતી લાગણી. નિરૂપદ્રવી નિર્દોષ. નીકળ-સુકા. ઉપાલંભ-શાપ, ઠપકાનશની. આધિ-ધ્રાસ, મેલી મનોજ- મેળવવી, નેત્ર. શરો-આતીન કલુષિત-ખરાબ, ગંદુ. મીંચીને માનવાને, અંગુલિનિર્દેશ-આદેશ આમ; નિરાકરણ, નબળા ભાગ કરવું તે. આધિ વ્યથા-દિલ ઉત્કર્ષનો. કલ્પાણી-કિરણો, તાત. વાસનાઓ-અંકુરિત સંસ્કારો. અનિષ્ટ બહુ કંપવા. વધારે પડતું દોષનો ગુણ. વિવેકબુદ્ધિ-દહાપણ, મનનું સમતોલપણું

૧૧

સ્વાગત-મહેમાનગીરી. સ્વાવલંબી-સ્વાશ્રયી, પોતાના જ ઉપર આધાર રાખનાર. ગુલામેખ-ઉત્તમગત. સાધો-હક, હર. સાંપ્રત-સાંપ્રત, સાચ, સાંકેતિક શબ્દો-અમુક અર્થના. બેવફાઈ-નિમકહરામી. મૃદંગ-ઢોલ. મૈયત-મરનાર. સદ્‌ગત-મોક્ષ. લાખી- નખી (સુરતી પ્રયોગ). રોકડ-અબકર. કે ફાટી-દહેશત કેમાંથ. માથો પડે. કરી કામ-ચલાવ. કળતર-દુઃખ, વેદના. હાંકેડું-હાંકનાર, ગાડીવાન. દાખલ-ખરી. અસવારી-ગૂસવાર બાગઈ પડી સારવાર-બરદાસ, સેવાચાકરી. સેવડાવ્યો-ઉપરા લીધા

૧૨

નામધારી-પ્રખ્યાત. મહેફીલ-મીજલસ. મજલિસ. તાસીર-અસરતા. ધૂન-રહે. વધાવતો-વીતાવતો, ગુજારતો અદ્‌લો-એકલો. વિરાટ-મહાન. સર કરવા-જીતવા. નામચીન-સુવિખ્યાત. નગરઅસાધ્ય-નગરમા અલભ્ય એવા. રંગમંચ-રંગભૂમિ, માચડો, પીઠ, તખ્તો. સરસાઈ-હરિફાઈ. સાજીંદાઓ-સાજ વગાડનારાઓ. સામ્રાજ્ઞી-મહારાણી. અદાથી-રુઆબથી, ઠરસાથી. પાલકપિતા-ઊછેરી મોટી કરનાર બાપ, ધર્મપિતા. દષ્ટિક્ષેપ-નજર. ઉન્નત-ઊંચા. ખતમ-ખલાસ, પૂરી. જનાની-ઓના, બૈરું અવનત-નમેલ રંગત-નવીન રંગ, તાજગી. સંગીતવાંછુઓ-સંગીતના પ્રેમીઓ, અભિલાષવાળા. સાદર-માન સાથે. ધ્યેય-લક્ષ. ફરમાયશ-વીનતી, વિજ્ઞપ્તિ, હુકમ. વિમાસણ-વિચાર; ચિન્તન. કાલિમા-કાળાશ. મીટ-નજર. આશંકા-વહેમ. શબ્દાયમાન-

ગાજતો. **બીન**–વીણા. **મટકું**–પલકારો. નિમેષ. **મુગ્ધ**–ગાંડી. **હુલટ**–આંદોલનનો ગુંજારવ. **ખ્વાહીશ**–ઉમેદ. **કીનો**–વેર. **મારણમંત્ર**–વિનાશક ઉપાયવાળો કીમિયો. **દુન્યવી**–દુનિયાના. **શતાયુભવ**–સો વર્ષની થા. **મહેચ્છા**–મહત્ત્વાકાંક્ષા.

૧૩

પાયરી–સ્થિતિ. **વ્યવહારશીલ**–દુનિયાદારીમાં મશગુલ. **ઘટમાળ**–ઘડાઓની રેંટમાળ. કૂવામાંથી પાણી કાઢવામાં એ વપરાય છે ને તે ભરાય છે ને ઠલવાય છે તેમ સંસારની રેંટમાળ પણ ભરાઉલેચ થયા કરે છે. **રચ્યાપચ્યા**–ડૂબેલા. **વ્યક્ત**–દર્શાવાયલી. **આવજત**–બરદાસ, સારવાર. **મમત્વ**–પ્રેમ. 'મારો છે એવી' વૃત્તિ, પક્ષપાત. **આસ્થા**–યકીન. શ્રદ્ધા. **અવરજવર**–આવવુંજવું.

ધારણ–શાતા, શાંતિ, નીરાંત. **સંતૃપ્તિ**–સંતોષ. **ગૌરવ**–મહત્તા. **જીંદા**–જીવતો. **સત્કાર્યો**–સ્વાગત કર્યું. **માર્ગપ્રતીક્ષા**–રાહ, વાટ. **ભૂતપૂર્વ**–આગળ થયેલો. **સ્પષ્ટીકરણ**–ખુલાસો. **દીક્ષા**–ગુરૂમંત્ર. **ભગવાં**–ગેરૂથી રંગેલાં.

૧૪

માદરેવતન–જન્મભૂમિ. **જોમ**–જોર. **અનન્ય**–શ્રેષ્ઠ પ્રકારની, અજોડ. **આંધિ**–તોફાન, વાવાઝોડું. **દુંદુભિ**–ઢોલ. **વિરમ્યા**–શાન્ત થયા. **સમરાંગણ**–યુદ્ધનું મેદાન. **પયગામ**–સંદેશો. **વિલક્ષણ**–નવાઇ જેવી. **કોડીલાઓ**–આશાભર્યા. **ઓવારણાં**–વારણાં, મીઠડાં. **આલિંગનો**–ભેટવું તે.

તનમનાટ–રૂંવેરૂંવે વ્યાપેલી આતુરતા. **સાફો**–ફેંટો. **વળાંક**–વળવાનો રસ્તો. **ઉત્કંઠિત**–આતુર. **ગદ્ગદિત**–ગળગળો, ખોખરો. **સૂનમૂન**–જડ અને ચૂપ. **ખડતલ**–કસાયલું, ધીંગું. **રમખાણમાં**–તોફાનમાં.

ચિત્કાર–[illegible]. **કઢોડી**–કઢંગી. **અદા**–ઢબ. **અસ્વસ્થતા**–બેચેની. **વિવશતા**–પરવશતા. **સહાનુભૂતિ**–સમભાવ. **અનુકંપા**–સમભાવભરી દયા. **ઠંડુંઠરૂં**–[illegible]. **આર્તનાદો**–દુઃખીઓના અવાજ. **ચિત્કાર**–[illegible]. **અંતર્યામને પંથે**–મોતને માર્ગે. **મૃદુ**–કોમળ.